# પ્રબુદ્ધ જીવન

વર્ષ : ૬૯ અંક : ૫ મુંબઈ, મે ૨૦૦૯ પાના : ૨૮ કીમત રૂપિયા દસ

## જિન-વચન

### સંસાર સમુદ્ર

शरीरमाहु नाव त्ति जीवो वच्चइ नाविओ ।
संसारो अण्णवो वुत्तो जं तरंति महेसिणो ।।

–उत्तराध्ययन– २३-७३

શરીરને નાવ કહી છે. જીવને નાવિક કહ્યો છે. સંસારને સમુદ્ર કહ્યો છે. મહર્ષિઓ એને તરી જાય છે.

शरीर को नौका, जीव को नाविक और संसार को समुद्र कहा गया है । महर्षि इसे तैर जाते हैं ।

The body is called a boat; the soul is called a navigator; worldly life is called an ocean. The great sages cross this ocean.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'जिन-वचन'માંથી)

## આચમન

# વિરલ પુરુષાર્થ

દાદા રવિશંકર મહારાજ હંમેશાં સવારે ત્રણ વાગે ઊઠી જાય અને ગીતાજીના અઢારે અધ્યાયનું વાચન કરે. પ્રાર્થના કરે. પછી નિત્ય કર્મ. ગીતાજીના અઢાર અધ્યાય વાંચવા માટે દીવો જોઈએ. દીવો થાય ત્યારે જેને ઘેર ઊતર્યા હોય તેની, સવારની ઊંઘમાં ખલેલ પડે એનો તેમને ઘણો સંકોચ થતો. મને કહેતા, 'તમે તમારે સૂઈ જજો. જાગશો નહિ. મારી આ ટેવને લીધે બીજાને અગવડમાં મૂકું છું. પણ શું થાય? આખી ગીતાજી કંઠસ્થ થઈ જાય તો કેવું સારું!'

મેં કહ્યું, 'દાદા, હવે પાકે ઘડે કેવી રીતે કાંઠલો ચઢે? આટલે વરસે વૃદ્ધાવસ્થામાં હવે કેવી રીતે આ બધું કંઠસ્થ થાય?'

તેમણે કહ્યું, 'એવું નથી. શરીર વૃદ્ધ થાય છે પણ બુદ્ધિ, મન, સ્મૃતિ, યાદશક્તિ એ બધાં નિર્બળ નથી થતાં. ધાર્યું હોય અને પુરુષાર્થ કરીએ તો જરૂર કંઠસ્થ થાય.'

'દાદા, હવે એ પુરુષાર્થ આ ઉંમરે કેવી રીતે થાય?' મારા શબ્દો મારી પાસે રહ્યા. જ્યારે વિસનગર ૧૯૫૮માં મારે ત્યાં આવ્યા ત્યારે મને કહ્યું, 'હવે તમને સવારના પહોરમાં બત્તી કરીને જગાડીશ નહિ.'

'કેમ દાદા? હું ઉઠીશ, બત્તી કરીશું. તમારો નિત્યક્રમ ચાલુ રાખજો.'

'એ તો ચાલુ રહેશે જ, ગીતાના તમામ અધ્યાય મને કંઠસ્થ થઈ ગયા છે.' આ સાંભળી હું આશ્ચર્ય સાથે આનંદમાં ડૂબી ગયો. કેવો વિરલ પુરુષાર્થ!

**'મહારાજ' શબ્દને ઊંચે ચડાવ્યો**

રાજા મહારાજાઓના વખતમાં 'મહારાજ' શબ્દ સત્તા, શ્રીમંતાઈ અને સંપત્તિનું પ્રતીક ગણાતો. રજસતમસમાં લપેટાયેલો શબ્દ અદ્ધર ઊંચે ચઢેલો. વખત જતાં નિસ્તેજ થઈ જઈ અધોગતિએ પહોંચી નિમ્ન કોટીનો થતો ગયો. એ મહારાજ શબ્દ જ્યારે દાદા પાસે આવ્યો ત્યારે પાછી ચઢતી થઈ. એક પુણ્ય–પુનિત–પવિત્ર અને ત્યાગની ભાવનાનું સ્વરૂપ પામી નિર્મળ થયો. અને 'મહારાજ' એટલે નિર્મળ, પવિત્ર ત્યાગમૂર્તિ, વાત્સલ્યમૂર્તિ અને કર્મયોગની મરક મરક હસતી દેહયષ્ટી.

વિશ્વમાં સર્વત્ર ઈશ્વરનો જ વાસ જોનાર મહાન આત્માને કર્મો કદી લેપતાં નથી અને તેમને સો વરસ જીવવાની ઈચ્છા રાખવાનો અધિકાર છે. ઉપનિષદના મંત્રોને ચરિતાર્થ કરનાર પરમ પૂજ્ય 'દાદા'ને – જ્ઞાની, તપસ્વી અને બ્રહ્મનિષ્ઠ અર્વાચીન ઋષિને–આપણાં લાખ લાખ વંદન. ✷✷✷

**સૌજન્ય : નવનીત સમર્પણ**

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| (૧) | અમારા પૂજ્ય દોશી કાકા | ડૉ. રમણલાલ ચી. શાહ | ૩ |
| (૨) | સેવા અને સમર્પણની જંગમ વિદ્યાપીઠ : રવિશંકર મહારાજ | શ્રી શાંતિલાલ ગઢિયા | ૧૨ |
| (૩) | વિધેયાત્મક અભિગમ | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૧૫ |
| (૪) | ચૈતન્યમય અરૂપી અને જીવ અને રૂપી જડપુદ્ગલનો અન્યોન્ય નિમિત્ત-નૈમિત્તિક (ઔપાધિક) સંબંધ | સુમનભાઈ એમ. શાહ | ૧૭ |
| (૬) | જ્ઞાનસત્ર : અધ્યાત્મ રસમાં તરબોળ થવાનો ઉત્સવ | ગુણવંત બરવાળિયા | ૧૯ |
| (૭) | જયભિખ્ખુ જીવનધારા-૬ | ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| (૮) | શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૭ | પ. પૂ. આચાર્ય શ્રી વાત્સલ્યદીપ | ૨૩ |
| (૯) | જૈન પારિભાષિક શબ્દકોશ | ડૉ. જીતેન્દ્ર બી. શાહ | ૨૬ |
| (૧૦) | સર્જન સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૭ |
| (૧૧) | પંથે પંથે પાથેય... | ગાંગજી શેઠિયા, ચીમનલાલ ગલીયા | ૨૮ |


## પ્રબુદ્ધ જીવન : ગ્રાહક યોજના

- **૧ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫**/–(U.S. $ 15) ● **૩ વર્ષનું લવાજમ રૂા. ૩૫૦**/–(U.S. $ 40) ● **૫ વર્ષનું લવાજમ રૂા. ૫૫૦**/–(U.S. $ 65)
- **૧૦ વર્ષનું લવાજમ રૂા. ૧૦૦૦**/–(U.S. $120) ● **કન્યા કરિયાવર આજીવન લવાજમ રૂા. ૨૦૦૦**/–(U.S. $ 150)
- ક્યારેય પણ જાXખ ન લેવાની પ્રતિજ્ઞા સાથે ૧૯૨૯થી શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું આ મુખ પત્ર 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યેક મહિનાની ૧૬મી તારીખે અવિરતપણે પ્રગટ થાય છે અને ગુજરાતી પ્રજાને પ્રેરણાત્મક ચિંતન પીરસતું રહે છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પેટ્રનો, આજીવન સભ્યો અને ગુજરાતના સંતો તેમ જ વૈચારિક મહાનુભાવોને 'પ્રબુદ્ધ જીવન' વિના મૂલ્યે પ્રત્યેક મહિને અર્પણ કરાય છે.
- આર્થિક રીતે નુકસાનીમાં પ્રગટ થતા આ 'પ્રબુદ્ધ જીવન'ને સદ્ધર કરવા 'પ્રબુદ્ધ જીવન નિધિ'ની સ્થાપના કરેલ છે જેમાં દાનવીરો યથાશક્તિ પોતાના દાનનો પ્રવાહ મોકલી રહ્યા છે.
- વિચારદાનના આ યજ્ઞમાં આપને પણ આપના તરફથી ધનદાન મોકલવા વિનંતી છે.
- 'પ્રબુદ્ધ જીવન નિધિ' અને 'કન્યા કરિયાવર આજીવન લવાજમ' આપનારને આવકવેરાની 80 G કલમ અન્વયે કરમુક્તનું પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ચેક **'શ્રી મુંબઈ જૈન યુવક સંઘ'**ના નામે મોકલશો.કોઈ પણ માસથી ગ્રાહક બની શકાય છે.
- શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોનઃ ૨૩૮૨૦૨૯૬
- Website : www.mumbai_jainyuvaksangh.com
- email : shrimjys@gmail.com

❑ **મેનેજર**

Regd. With Registrar of Newspaper for India No.RNI 6067/57

● વર્ષ : (૫૦) + ૧૯ ● અંક : ૫ ● મે, ૨૦૦૯ ● વિક્રમ સંવત ૨૦૬૫ ● વીર સંવત ૨૫૩૫ ● જેઠ વદિ – તિથિ ૭ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂા.૧૨૫/- ● ● છૂટક નકલ રૂા. ૧૦/- ● ●

માનદ્ તંત્રી : ધનવંત તિ. શાહ

## અમારા પૂજ્ય શ્રી દોશીકાકા

*(અમારા દોશીકાકા એટલે પૂ. રવિશંકર મહારાજની પ્રતિકૃતિ. અમારા માટે જંગમ તીર્થ સ્વરૂપ. આ સંસ્થા શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે એમનો પચ્ચીસ વરસથી ગાઢ સંબંધ અને સંઘની પ્રત્યેક પ્રવૃત્તિને એમના સતત આશીર્વાદ અને પ્રેરણા મળતાં રહ્યાં. પ્રત્યેક વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા સમયે જે સંસ્થા માટે દાનની ટહેલ નાખવાની હોય એ સંસ્થાને શોધવામાં એઓશ્રી પૂરતી મદદ કરે, કારણ કે ગુજરાતની પ્રત્યેક સામાજિક સંસ્થાઓથી એઓશ્રી પૂરા પરિચિત હતા. નક્કી કરેલી સંસ્થાને દાન અર્પણ કરવા જઈએ ત્યારે પણ પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં, ઉંમરની મર્યાદાને ઓળંગી એ પ્રસંગે એઓ ઉપસ્થિત થાય અને મનનીય પ્રવચન આપે. હમણાં જ ૧૯ માર્ચના ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા સમયે મળેલી રકમ કસ્તુરબા આશ્રમ સુરત પાસેના મરોલી આશ્રમમાં રૂા. ૨૫ લાખનું દાન અર્પણ કરવા અમે ગયા ત્યાં પણ ૯૩ની ઉંમરે પૂ. દોશી કાકા અમારા સર્વેના આશ્ચર્ય વચ્ચે હાજરાહજૂર! અમે સર્વે અને સર્વ આશ્રમ વાસીઓ એમના આ દર્શન અને શ્રવણથી ધન્ય થઈ ગયા. પરંતુ કોને ખબર કે આ અમારું એમની સાથેનું એ અંતિમ મિલન હશે. તા. ૧૦–૪–૨૦૦૯ના ૯૩ વર્ષની ઊંમરે આ ભવ્ય આત્માએ દેહ છોડ્યો.*

*દોશી કાકા એટલે નિષ્ણાત ચક્ષુ સર્જન ડૉ. રમણલાલ દોશી. પિતા રામજીભાઈ, માતા દિવાળીબહેન, જન્મ સ્થળ-રાજકોટ–૧૯૧૬. ૧૯૪૦માં ભાનુબહેન સાથે લગ્ન. ઉજળું દામ્પત્ય. ૧૯૪૩માં અમદાવાદમાં પ્રેક્ટીસ શરૂ કરી.*

*આ નિષ્ણાત નેત્ર તબીબના હૃદયમાં ભારોભાર કરુણા. હૃદય સેવાથી ભીંજાયેલું. ધર્મે ઉત્તમ જૈન શ્રાવક એટલે વિના મુલ્યે નેત્ર યજ્ઞો કરવાનો પ્રારંભ કર્યો.*

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રીમતી શારદાબેન બાબુભાઈ શાહ**
**સ્મૃતિ : સ્વ. બાબુભાઈ જયંતીલાલ શાહ**

*૧૯૪૯ થી ૧૯૭૨ સુધી ૧૨૦ નેત્રયજ્ઞો કર્યા. અને ૧૦૦ મા નેત્ર યજ્ઞની શુભ પળે પૂ. રવિશંકર મહારાજનો પરિચય થયો. બન્ને વિભૂતિઓ મળ્યા. અન્યોન્યથી પ્રભાવિત થયા અને 'ગુજરાત નેત્ર રાહત અને આરોગ્ય મંડળ સંચાલિત' 'રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ'નું આણંદ પાસે ચિખોદરામાં ૧૮ એકરના વિશાળ પટમાં નિર્માણ થયું. પૂ. દોશીકાકા અને પૂ. ભાનુબહેન આ હૉસ્પિટલને પૂરેપૂરા સમર્પાયા.*

*આ હૉસ્પિટલના પટાંગણમાં જ પૂ. રવિશંકર મહારાજની પ્રતિમાની નિકટ જ હજારો શોકાતુર માનવોના સમૂહની ઉપસ્થિતિમાં આ પૂ. દોશી કાકાના દેહને અગ્નિ સમર્પાયો.*

*જીવનની અંતિમ પળ સુધી પૂ. દોશી કાકાએ કુલ ૮૩૫ નેત્રયજ્ઞો કર્યા, ૩૦,૧૦,૮૨૬ દરદીઓને તપાસ્યા અને ૪,૬૦,૫૪૫ (ચાર લાખ સાંઠ હજાર પાંચસો પિસ્તાલીસ) આંખના ઓપરેશનો નિઃશુલ્ક કરી અનેક દરિદ્રનારાયણોની આંતરડી ઠારી. આજના ધનાઢ્ય તબીબશ્રીઓ સાંભળો છો કે?*

*પૂ. દોશી કાકાનું જીવન જ એવું સાધુચરિત કે એમનાથી બધાં આકર્ષાય. અમારા પૂ. રમણભાઈએ દોશી કાકા સદેહે હતા ત્યારે આ દોશી કાકા વિશે 'પ્રબુદ્ધ જીવન'માં આ ઋષિ તુલ્ય દોશી કાકાના જીવનની સુવાસ 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોને અર્પી હતી. એ જ શબ્દો આજે પૂ. દોશી કાકાને શ્રદ્ધાંજલિ સ્વરૂપે પુનઃ 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોના કરકમળમાં મુકતા વિષાદ સાથે ધન્યતા અનુભવીએ છીએ.*

*આ શબ્દો આપણા જીવનને ઉજાળે એવા પ્રેરક છે એની પ્રતીતિ વાચકને થશે જ.*

*એ ઋષિ તુલ્ય ઉત્તમ શ્રાવકના જીવનને અને એ ભવ્ય આત્માને અમારા કોટિ કોટિ વંદન.*

*પૂ. ભાનુબહેન માટે તો અંતરમાંથી આપણા કવિ કલાપીની આ જ કાવ્યપંક્તિ સ્મૃતિમાંથી ઊગે છે:*

*'મહાણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું.'*

ધોયેલાં સ્વચ્છ પણ ઈસ્ત્રી વગરના ખાદીનો ઝભ્ભો, બંડી અને પાયજામો પહેરેલા, ખભે ખાદીનો આછા લીલા રંગનો થેલો ભરાવેલા, ગામઠી ચંપલવાળા નીચું જોઈને ચાલતા સિત્તેર–એંસી વર્ષના કોઈ કાકા આણંદથી અમદાવાદની કે ગાંધીનગર જતી બસમાં ચડે અને જગ્યા હોય તો બેસે, નહિ તો દાંડો ઝાલીને ઊભા ઊભા પ્રવાસ કરે એમને તમે જુઓ તો સમજજો કે એ ચિખોદરાની આંખની

હૉસ્પિટલવાળા ડૉ. રમણીકલાલ દોશી–દોશીકાકા છે. અમદાવાદ–ગાંધીનગરની બસમાં જ નહિ, બીજી કોઈ બસમાં પણ તમે એમને જોઈ શકો. ગુજરાતની બસોમાં સેંકડો વાર એમણે પ્રવાસ કર્યો હશે. ગાંધીજી અને રવિશંકર મહારાજ દાદાના પ્રભાવ નીચે આવેલા, અને લોકસેવાનો ભેખ ધારણ કરેલા ડૉ. દોશીકાકાને આજે ૮૯–૯૦ની ઉંમરે એ જ તરવરાટથી કામ કરતા તમે જોઈ શકો! એમના પરિચયમાં આવો તો તમને એમની મહત્તાનો ખ્યાલ આવે. એ ચાલ્યા જતા હોય તો એમના પહેરવેશ પરથી કોઈ અજાણ્યા માણસને ખ્યાલ ન આવે કે આ ડૉક્ટર છે, આંખના મોટામાં મોટા ડૉક્ટર છે.

એક વખત કાકાને અમે પૂછ્યું કે, 'કાકા, તમારી પાસે સંસ્થાની પાંચ ગાડી છે, તો તમે સંસ્થાના કામ માટે અમદાવાદ કે ગાંધીનગર બસમાં કેમ જાવ છો? કાકાએ કહ્યું, 'જો મારે એકલાએ જવાનું હોય અને સમય હોય તો હું જીપ નથી વાપરતો. બીજા એક–બે વધારે હોય તો હું જીપમાં જાઉં છું. અમારી સંસ્થાની બધી જીપ આખો વખત કામ માટે ક્યાંથી ક્યાં જતી હોય છે. કોઈ વાર એક જ ડૉક્ટર હોય અને જીપ લઈ જાય છે. પરંતુ આ નિયમ તો મેં મારે માટે રાખ્યો છે. એથી સંસ્થાનું પેટ્રોલ બચે છે. જ્યાં સુધી મારાથી બસમાં જવાય છે ત્યાં સુધી બસમાં જાઉં છું. અમારી સંસ્થા શક્ય એટલી કરકસરથી અમે ચલાવીએ છીએ.'

કાકા ટ્રેનના પ્રવાસમાં સાદા બીજા વર્ગમાં બેસે છે. તેઓ કહે, 'રિઝર્વેશન'ના પૈસા બચે એટલે સંસ્થાના પેસા બચે. સાદા બીજા વર્ગમાં બેસવાની જગ્યા મળી જાય. ન મળે તો વચ્ચે નીચે બેસી જાઉં છું. મને બેઠાં બેઠાં સારી ઊંઘ આવી જાય છે. ક્યારેય ખીસું કપાયું નથી. મારો દેખાવ જોઈને જ કોઈ ખીસું કાપવા ન લલચાય. જવા–આવવાની ટિકિટ હોય પછી વધારે પૈસા રાખતો નથી. કેટલાંયે શહેરોમાં સ્ટેશનથી રિક્ષા કે ટેક્ષી, અનિવાર્ય ન હોય તો કરતો નથી. સ્ટેશનથી ચાલી નાખું છું.'

ગુજરાતમાં અનેક ગામોમાં નેત્રયજ્ઞ કરવાને કારણે બસ કે ટ્રેનમાં કાકાને ઓળખનાર કોઈક ને કોઈક તો નીકળે જ અને જગ્યા આપવા તૈયાર હોય જ. વળી કાકા કહે કે 'આ રીતે પ્રવાસ કરવાથી જનતાની વચ્ચે આપણને રહેવાનું મળે. આપણામાં મોટાઈ આવી ન જાય.'

પૂજ્ય દોશીકાકાનું નામ તો મુ. મફતકાકા અને અન્ય કેટલાક દ્વારા સાંભળ્યું હતું. પણ એમને મળવાનો સંયોગ પ્રાપ્ત થયો નહોતો. ૧૯૮૪ દરમિયાન એક દિવસ અમારા વડીલ, અમારા રેખા બિલ્ડિંગમાં રહેતા ભૂદાન કાર્યકર્તા શ્રી કીર્તનભાઈ ધારિયાનો ફોન આવ્યો કે, 'દોશીકાકા અત્યારે અમારે ઘરે આવ્યા છે. તમને અનુકૂળતા હોય તો અમે મળવા આવીએ.'

મેં કહ્યું, 'જરૂર આવો, ઘરમાં જ છું.'

શ્રી કીર્તનભાઈ અને દોશીકાકા પધાર્યા. કીર્તનભાઈએ એમની ક્ષયનિવારણ અને ચિખોદરાની આંખની હૉસ્પિટલનો પરિચય આપ્યો.'

વાતવાતમાં કાકાએ કહ્યું, 'કોઈ વાર સમય કાઢીને અમારી આંખની હૉસ્પિટલ જોવા આવો.'

મેં કહ્યું, 'હમણાં હું કપડવંજ પાસે ઉત્કંઠેશ્વર આવવાનો છું. પરંતુ ત્યાંથી ચિખોદરા આવવાનો સમય નહિ રહે, કારણ કે ત્યાંથી પાંચ વાગે બસમાં નીકળી અમદાવાદથી ટ્રેન પકડવાનો છું. 'તમને અનુકૂળ હોય તો તમે ભોજન કરી લો પછી સાડા બારે ઉત્કંઠેશ્વર તમારે માટે જીપ મોકલું. ત્યાંથી અઢી કલાકમાં ચિખોદરા આવી જાવ. પછી ચિખોદરા હૉસ્પિટલ જોઈ જમીને છ વાગે નીકળો તો અમારી જીપ તમને નવ વાગે અમદાવાદ સ્ટેશને પહોંચાડે. તમારી ટ્રેન રાતના દસ વાગ્યાની છે. તમને શ્રમ ન લાગતો હોય તો આ રીતે ગોઠવો.'

મેં કહ્યું, 'તમે આટલી બધી સગવડ કરી આપો છો તો પછી કેમ ન ફાવે.'

આ ગોઠવણ પ્રમાણે કાકાના ડ્રાઈવર રમેશભાઈ બરાબર સાડાબારના ટકોરે લેવા આવ્યા. અમે–હું, મારા પત્ની અને નિરુબહેન (સંઘના મંત્રી) તૈયાર હતાં. અમે જીપમાં બેસી ચિખોદરા પહોંચ્યાં.

ચિખોદરા પહોંચીને હૉસ્પિટલની મુલાકાત લીધી. દોશીકાકાએ અમારું ભાવભીનું સ્વાગત કર્યું. હૉસ્પિટલમાં સરસ અતિથિગૃહ હતું. એટલે બીજા મિત્રોને લઈ આવીએ તો સગવડ સારી મળે. નીરવ શાંત વાતાવરણ, વૃક્ષો, મોરના ટહુકા વગેરેને કારણે ઉપવન જેવું લાગતું હતું. હૉસ્પિટલ પણ અમે જોઈ. સાંજે ભોજન વખતે કાકાના ધર્મપત્ની મુ. ભાનુબહેને પણ ભાવથી પીરસ્યું. અમને એક સરસ Worth repeating, અનુભવ થયો. જીપ અમને અમદાવાદ સ્ટેશને સમયસર પહોંચાડી ગઈ. અમને એમ થયું કે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન આ સંસ્થાને સહાય કરવાની અપીલ કરવા જેવી છે.

ત્યાર પછી બીજા કેટલાક સભ્યો પણ ચિખોદરા જઈ આવ્યા. અમે યુવક સંઘની કાર્યવાહક સમિતિમાં કાકાની હૉસ્પિટલને સહાય કરવાને નિર્ણય કર્યો. એ માટે ઘણી સારી રકમ એકત્ર થઈ. એ રકમ આપવાનો કાર્યક્રમ ચિખોદરામાં યોજાયો. એનો જે પ્રતિસાદ સાંપડ્યો એને પરિણામે દોશીકાકા સાથે એવો ગાઢ નાતો બંધાયો કે વરસમાં ચાર–પાંચ વખત ચિખોદરા ન જઈએ ત્યાં સુધી ગમે નહિ. દોશીકાકા અને ભાનુબહેન સાથે વડીલ સ્વજન હોય એવો સંબંધ બંધાઈ ગયો.

ત્યાર પછી અમારા યુવક સંઘના ઉપક્રમે ચિખોદરાની હૉસ્પિટલ દ્વારા વર્ષમાં ચાર–પાંચ વખત નેત્રયજ્ઞ યોજાવા લાગ્યા. એ માટે દાતાઓ તરફથી મળેલી રકમ અમે હૉસ્પિટલને પહોંચાડીએ છીએ.

તદુપરાંત બીજી રકમો મોકલાવતા રહીએ છીએ. નેત્રયજ્ઞની તારીખો બે મહિના અગાઉ નક્કી થાય. કાકા સ્થળ જણાવે અને સાથે પૂછે કે 'આ વખતે કયા તીર્થની જાત્રાએ જશો ?'

મુંબઈથી અમે આઠ-દસ સભ્યો ચિખોદરા જઈએ અને ત્યાંથી નેત્રયજ્ઞના સ્થળે જઈએ. આ રીતે બાવીસ વર્ષ દરમિયાન અમારા સિત્તેરથી વધુ પ્રવાસ થયા હશે અને એટલી જ તીર્થયાત્રા થઈ હશે.

અમારા જૈન યુવક સંઘ તરફથી આ રીતે આણંદ, પંચમહાલ, વડોદરા અને સુરત જિલ્લામાં ઘણું ફરવાનું થયું હતું. અમે ઠાસરા, બોરસદ, વડવા, વડતાલ, બોચાસણ, ધોળકા, વેડછી, નારેશ્વર, સરભોણ, સાગતાળા, ધોળી ડુંગરી, રાજપીપળા, ઝઘડિયા, મંગલભારતી, બાંધણી, કપડવંજ, માતર, ગોધરા, દાહોદ, દેવગઢ બારિયા, બોડેલી વગેરે સ્થળોએ દોશીકાકાની આંખની હૉસ્પિટલ દ્વારા નેત્રયજ્ઞનું આયોજન કર્યું હતું. કેટલેક સ્થળે એક કરતાં વધારે વાર નેત્રયજ્ઞો યોજાયા હતા. દરેક નેત્રયજ્ઞનો જુદો જ અનુભવ થતો. વળી કાકાની સાથે સતત પ્રવાસ દરમિયાન કાકાના વિવિધ અનુભવોની વાત નીકળે. કોઈ વાર ગાંધીજી, કોઈ વાર રવિશંકર દાદાની, કોઈ વાર ગંગાબાની પ્રેરક વાતો જાણવા મળે. કોઈ વાર નજીકમાં કોઈ જોવા જેવી સંસ્થા હોય તે બતાવે. કોઈ વાર નજીકમાં હોય એવા કબીર વડ, માલસર, અંગારેશ્વર, મનન આશ્રમ, બહાઈ મંદિર, નારેશ્વર, ગરુડેશ્વર, નર્મદા ડેમ, વણાકબોરી ડેમ, અગાસ આશ્રમ, વડવા, બાંધણી, વેડછીનો આશ્રમ, બાજુમાં શબરીશાળા, વાત્સલ્યધામ, પાવાગઢ વગેરે અમને બતાવ્યાં હતાં.

કાકાને ખેડા (આણંદ સહિત) જિલ્લામાં અને પંચમહાલ જિલ્લામાં ગામેગામ કેટલાય કાર્યકરો ઓળખે. કાકાની સરળ, નિરભિમાની, પ્રામાણિક, સેવાભાવી પ્રકૃતિને કારણે કાકાનું કામ સૌ કોઈ કરવા તૈયાર. આથી જ કાકા ગામેગામ નેત્રયજ્ઞોનું આયોજન કરે ત્યારે બધા સ્થાનિક કાર્યકર્તાઓની ટીમ વ્યવસ્થાની બધી જવાબદારી ઉપાડી લે. પ્રત્યેક અઠવાડિયે કાકાના નેત્રયજ્ઞો ચાલતા જ હોય. ચિખોદરા હૉસ્પિટલનો સ્ટાફ ખાટલા, ગાદલાં, અનાજ, ઑપરેશન થિયેટરની સામગ્રી, ચશ્માં-વગેરે માટે દરેકને સોંપવામાં આવેલી જવાબદારી તેઓ બરાબર સંભાળે. સ્ટાફ પણ અત્યંત વિનયી. ક્યારેય કોઈ પ્રશ્ન ઊભો થયો હોય તો છેવટનો નિર્ણય કાકાનો રહેતો.

દોશીકાકા સાથેના અમારા અનુભવના કેટલાક પ્રસંગો વર્ણવતાં પહેલાં દોશીકાકાના જીવનની અહીં ટૂંકી રૂપરેખા આપી છે. શ્રી આર. કે. દેસાઈએ 'કર્મયોગી શ્રી રમણીકભાઈ દોશી' નામની પુસ્તિકા લખી છે જેમાં દોશીકાકાના જીવનની વિસ્તૃત રૂપરેખા આપી છે.

દોશીકાકાનો જન્મ ઈ. સ. ૧૯૧૬ની બીજી સપ્ટેમ્બરના રોજ રાજકોટમાં થયો હતો. એમના પિતાશ્રી સ્વ. રામજીભાઈ દોશી રાજકોટ રાજ્યના દીવાન હતા. તેઓ કાર્યદક્ષ, સત્યનિષ્ઠ, પ્રામાણિક, દૃઢસંકલ્પ, ધીરગંભીર સ્વભાવના અને પ્રગતિશીલ વિચાર ધરાવનાર હતા. એટલે રાજકોટના નરેશ લાખાજીરાજ પર એમનો ઘણો સારો પ્રભાવ હતો. તેઓ પોતે સુશિક્ષિત હતા એટલે સંતાનોને પણ ઉચ્ચ શિક્ષણ અપાવવાની દૃષ્ટિવાળા હતા. તેઓ એટલા પ્રમાણિક હતા કે રાજ્યના કારભાર માટે પેન જુદી રાખતા અને અંગત વપરાશની જુદી રાખતા. રાજ્ય તરફથી મળેલ ટેલિફોનનો ઉપયોગ તેઓ અંગત કામ માટે કરતા નહિ. રામજીભાઈએ બે વાર લગ્ન કર્યાં હતાં અને એમને સાત દીકરા અને એક દીકરી એમ આઠ સંતાન હતાં. રામજીભાઈએ પોતાના કેટલાક દીકરાઓને અભ્યાસ માટે કરાંચી મોકલ્યા હતા. એટલે દોશીકાકાએ પણ થોડો વખત કરાંચીમાં અભ્યાસ કર્યો હતો. એ દિવસોમાં બહુ ઓછા વિદ્યાર્થીઓ દાક્તરી વિદ્યાનો અભ્યાસ કરી ડૉક્ટર થતા. રામજીભાઈના પાંચ દીકરા ડૉક્ટરો થયા હતા. દોશીકાકા અમદાવાદમાં એલ.સી.પી.એસ. થયા અને મુંબઈમાં ડી.ઓ.એમ.એસ. થયા. એમણે કચ્છના ભચાઉમાં, તથા પાનેલી, જામજોધપુર વગેરે સ્થળે દાક્તર તરીકે અને નડિયાદમાં તે વિષયોના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી હતી.

દોશીકાકાના ધર્મપત્ની ભાનુબહેન કાકાને દરેક કાર્યમાં સહયોગ આપતાં રહે છે. જૂનાગઢનાં વતની, પરંતુ રંગૂનમાં ઊછરેલાં ભાનુબહેન બીજા વિશ્વયુદ્ધ પછી પોતાના માતાપિતા સાથે જૂનાગઢ પાછાં ફર્યાં હતાં. રાજકોટના ડૉ. રમણીકલાલ દોશી સાથે એમનાં લગ્ન થયાં. દોશી-દંપતીને સંતાન નહિ, પણ તેઓએ પોતાના ભાઈઓના સંતાનોને ઘરે રાખી પોતાના સંતાનોની જેમ સારી રીતે ઉછેર્યાં.

ભાનુબહેન શ્રીમંતાઈમાં ઊછર્યાં હતાં, પણ કાકા સાથે લગ્ન પછી એમણે કાકાની સાદાઈ, સેવા અને સમર્પણની ભાવનાને આત્મસાત્ કરી લીધી હતી. અમે વડોદરા જઈએ તો કેટલીયે વાર ત્યાં ભાનુબહેનની સાથે એમના ભાઈનું પણ આતિથ્ય માણ્યું છે. હૉસ્પિટલમાં ભાનુબહેન રસોડાનું ધ્યાન રાખે. દોશીકાકા બહારગામ હોય તો ડૉ. છોટુભાઈ અને અંબાલાલ ધ્યાન રાખે, પણ ભાનુબહેન પણ હૉસ્પિટલનું ધ્યાન રાખે. વિદેશથી આવેલાં કપડાંનું ગરીબોમાં વિતરણ કરે. ભાનુબહેન સવારના આંગણામાં પક્ષીઓને ચણ નાંખે ત્યારે મોર, પોપટ, કબૂતર, કાબર, ચકલી વગેરે પક્ષીઓ એકસાથે મળીને ચણે એ રંગબેરંગી મનોહર દૃશ્ય રળિયામણું અને શાંતિપ્રેરક લાગે. આણંદમાં ઉપાશ્રય બંધાવવા માટે ફંડ એકત્ર કરવામાં ભાનુબહેને ઘણે ઘરે ફરીને સારી મહેનત કરી હતી. આમ કાકાની અર્ધાંગિની તરીકે ભાનુબહેને પણ પોતાના જીવનને સાર્થક કર્યું છે અને શોભાવ્યું છે.

ત્યાર પછી દોશીકાકાએ અમદાવાદમાં રીલિફ રોડ ઉપર એક

ડૉક્ટર મિત્રની ભાગીદારીમાં 'હિંદ મિશન હૉસ્પિટલ' શરૂ કરી. આ હૉસ્પિટલમાં ફક્ત એક રૂપિયો ફી લઈ દર્દીને આંખની સારવાર કરી આપવામાં આવતી. દરમિયાન દોશીકાકા પૂ. રવિશંકર દાદાના ગાઢ પરિચયમાં આવતા ગયા. ૧૯૪૩માં આઝાદી પૂર્વે દાદાએ રાધનપુરમાં નેત્રયજ્ઞ યોજ્યો હતો અને એમાં દોશીકાકાને સેવા આપવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. દોશીકાકાને આ વખતે દાદાની સાથે રહેવાની અને એમની કામ કરવાની કુનેહના દર્શન થયાં. દર્દીઓની સ્ટ્રેચર રવિશંકર મહારાજ પોતે પણ ઉપાડતા. દાદાએ દોશીકાકાને શહેરને બદલે ગામડામાં જઈને લોકોની સેવા કરવાની ભલામણ કરી. એટલે દોશીકાકા અમદાવાદથી આણંદ અને બોચાસણ સેવા આપવા જવા લાગ્યા. પછીથી તો અમદાવાદ છોડીને આણંદમાં દવાખાનું કર્યું. પછી તેઓ દર શનિ, રવિ બોચાસણમાં નેત્રશિબિર યોજતા. એમાં એક પણ દર્દીને પાછો મોકલતા નહિ.

આમ દોશીકાકાની મફત નેત્રયજ્ઞોની પ્રવૃત્તિ વધતી ચાલી. ૧૦૦મો નેત્રયજ્ઞ વ્યારામાં થયો. ત્યાર પછી દોશીકાકાએ પોતાની આણંદની હૉસ્પિટલ, ટ્રસ્ટ બનાવી ટ્રસ્ટને સોંપી દીધી. હવે પોતાની અંગત મિલકત રહી નહિ. કાકાની પાસે પોતાની માલિકીનું મકાન, જમીન, મિલકત, બૅંકમાં ખાતું વગેરે કશું જ નથી. કાકાને ઈન્કમટૅક્ષ ભરવાનો હોતો નથી. કાકાએ પોતાનું જીવન સમાજને સમર્પિત કરી દીધું.

દોશીકાકાને ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા, પૂ. મોટા, સ્વામી સચ્ચિદાનંદજી, ગંગાબા, દાંડિયાત્રાવાળા શ્રી કૃષ્ણજી વગેરે પાસેથી લોકસેવાની પ્રેરણા મળી છે. ડૉ. છોટુભાઈ પટેલ, શ્રી ગોરધનભાઈ ઠક્કર, ડૉ. પ્રો. ભાનુપ્રસાદ ચોકસી, રવિશંકર મહારાજના પુત્ર પંડિત મેઘવ્રત, ડૉ. ચંપકભાઈ મહેતા, ડૉ. નરેન્દ્રભાઈ મહેતા વગેરેનો સરસ સહકાર સાંપડ્યો છે. અહીં તો થોડાંક જ નામ આપ્યાં છે.

દોશીકાકાનો નિત્યક્રમ તે વહેલી સવારે ઊઠી સીધા સામાયિકમાં બેસી જવું અને લોગસ્સનો જાપ કરવો. પછી દૂધ પીને (ચા તો કાકાએ જિંદગીમાં ક્યારેય ચાખી નથી.) હૉસ્પિટલમાં ઑપરેશન કરે અને ત્યાર પછી આણંદના દવાખાનામાં જાય.

દોશીકાકા સાંજે જમીને ભાનુબહેન સાથે સારા ગ્રંથોનું વાંચન કરે. રાત્રે દોશીકાકા ઑફિસમાં ટેબલ પર માત્ર ચાદર પાથરી, ટેલિફોન પાસે રાખી સૂઈ જાય. સૂતાં જ ઊંઘ આવી જાય. રાત્રે કોઈનો ફોન આવે તો દોશીકાકા તરત ઉપાડે. પછી જો ઊંઘ ઊડી જાય તો તરત સામાયિકમાં બેસી જાય.

દોશીકાકાએ પાંચ દાયકા કરતાં વધારે સમયથી ક્ષયનિવારણ અને અંધત્વ નિવારણના ક્ષેત્રે સંગીન, સંનિષ્ઠ, સેવાભાવી કાર્ય કર્યું છે. એટલે એમની એ ક્ષેત્રની સિદ્ધિઓની કદરરૂપે વખતોવખત જુદી જુદી સંસ્થા કે સરકાર તરફથી એવોર્ડ, સન્માનપત્ર વગેરે ઘણાં મળ્યાં છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, સ્વિત્ઝરલેન્ડ, સ્વીડન, જર્મની વગેરે દેશો તરફથી એમને સહાય મળી છે. દોશીકાકાએ કેટલીયે સંસ્થામાં પ્રમુખ, માનદ્ મંત્રી, ટ્રસ્ટી, સમિતિના સભ્ય તરીકે કાર્ય કર્યું છે. સરકારની સમિતિઓમાં પણ કાર્ય કર્યું છે. આ બધાંની વિગતો આપવામાં આવે તો એક મોટી યાદી થાય.

દોશીકાકાએ જ્યારથી મફત નેત્રયજ્ઞનું કામ ઉપાડી લીધું ત્યાર પછી ચિખોદરા હૉસ્પિટલ દ્વારા દર અઠવાડિયે ગુજરાતના જુદાં જુદાં ગામોમાં નેત્રયજ્ઞો થવા લાગ્યા. તે માટે મહિના અગાઉથી નક્કી કરેલાં ગામોમાં સર્વે કરવા માટે ટીમ રોજેરોજ રવાના થતી. દોશીકાકાને કેટલાયે સેવાભાવી આંખના ડૉક્ટરોની સેવા મળવા લાગી. આમ અત્યાર સુધીમાં ૮૦૦ થી વધુ જેટલા નેત્રયજ્ઞોનું દોશીકાકાએ આયોજન કર્યું છે. દરેક નેત્રયજ્ઞમાં દોશીકાકા પોતે હાજર હોય જ. ચિખોદરાની હૉસ્પિટલમાં અગાઉ દોશીકાકા ઑપરેશન કરતા. હાલ ૮૯ વર્ષની ઉંમર થઈ, પણ ડૉક્ટર ન આવ્યા હોય તો દોશીકાકા પોતે ઑપરેશન કરે. અત્યાર સુધીમાં અઢી લાખથી વધુ મફત ઑપરેશનો થયાં છે. કુદરતની મહેરબાની કેવી છે કે ૮૯-૯૦ વર્ષની ઉંમરે કાકાને પોતાને હજુ મોતિયો આવ્યો નથી.

સાપ્તાહિક નેત્રયજ્ઞ ઉપરાંત ગાંધી પરિવાર તરફથી જમશેદપુરમાં અને રાજસ્થાનમાં જયપુર નજીક જૂનજૂન જિલ્લામાં એક સ્થળે અંબુજા સિમેન્ટ તરફથી આઠ-દસ દિવસનો મોટો નેત્રયજ્ઞ યોજાય છે. કાકા એમાં પણ સમયસર પહોંચી જાય છે.

આંખના દવાખાનામાં રોજ સવારથી જ ઘણા માણસો આંખ બતાવવા આવી જાય. દોશીકાકા ઉપરાંત આંખ તપાસનારા બીજા ડૉક્ટરો પણ હોય. પણ ઘણા દર્દીઓ પોતાની આંખ દોશીકાકાને જ બતાવવાનો આગ્રહ રાખે. એટલે એમને માટે ઘણી મોટી લાઈન થાય. એટલે કાકાના સહકાર્યકર્તાઓમાંથી કોઈકે સૂચન કર્યું કે 'કાકા, તમને બતાવવાનો આગ્રહ રાખનાર દર્દી પાસે પાંચ કે દસ રૂપિયાની ફી રાખીએ તો કેમ? એથી થોડો બોજો ઓછો થશે, વિના કારણ આગ્રહ રાખનારા નીકળી જશે અને સંસ્થાને આવક થશે!' કાકાએ થોડી વાર પછી હસતાં કહ્યું, 'ભાઈ, દરિદ્રનારાયણ પાસે ફીની વાત કરવી એ મને યોગ્ય લાગતું નથી. દર્દી એ આપણા દેવ જેવો છે. એનું દર્દ દૂર કરીએ એ જ આપણું ધ્યેય હોવું જોઈએ.'

એક વખત એક નેત્રયજ્ઞમાં એક બાપ પોતાના નાના દીકરાને લઈને આવ્યા હતા. તેની બંને આંખ સદંતર ગઈ હતી. કાકાએ કહ્યું ત્યારે બાપ કાકાના પગ પકડી કરગરવા લાગ્યા. કાકાને કડવું સત્ય કહેવું પડ્યું. પણ એ કહેતાં કહેતાં કાકા પોતે રડી પડ્યા. ત્યાર પછી કાકાએ પોષણના અભાવે બાળકની આંખ ન જાય એ માટે બાળકોને ખવડાવવા માટે સુખડી કરી અને ગામેગામ જઈ વહેંચવાનો-અંધત્વનિવારણનો કાર્યક્રમ ઉપાડ્યો.

ઈ. સ. ૧૯૮૪ થી ૨૦૦૪ સુધીમાં જૈન યુવક સંઘ તરફથી દાતાઓના દાનથી ચિખોદરાની 'રવિશંકર મહારાજ' આંખની હૉસ્પિટલ દ્વારા ગુજરાતમાં કેટલાંયે સ્થળે નેત્રયજ્ઞ થયા છે. પહેલી-બીજી વખતના અનુભવથી અમને એમ થયું કે નેત્રયજ્ઞમાં અવશ્ય જવું અને ગરીબ દર્દીઓ માટે થતી મફત આંખની શસ્ત્રક્રિયા જાતે નિહાળવી. ગુજરાતની ગરીબીનો એથી વાસ્તવિક ખ્યાલ મળે. કેટલાય ગરીબ દર્દીઓ પાસે નેત્રયજ્ઞ સુધી આવવાનું બેચાર રૂપિયા જેટલું પણ બસભાડું ન હોય. એટલે આ નેત્રયજ્ઞોમાં અમે ગરીબોને બીજી પણ સહાય કરતા. દોશીકાકાના જુદી જુદી સંસ્થાઓ તરફથી થતા નેત્રયજ્ઞો આખું વરસ ચાલતા હોય એટલે અમે અમારા નેત્રયજ્ઞની તારીખ ત્રણ મહિના અગાઉ નક્કી કરી લેતા. અમારા સંઘની સમિતિમાં સાત-આઠ સભ્યો એવા છે કે જે અવશ્ય નેત્રયજ્ઞમાં આવે. વળી આરંભથી જ કાકાને ખાતરી થઈ હતી કે જ્યાં નેત્રયજ્ઞ હોય ત્યાં નજીકમાં જે કોઈ તીર્થ હોય એની અમે યાત્રા કરતા. એટલે આ બાવીસ વર્ષ દરમિયાન સંઘ દ્વારા સિત્તેર જેટલા નેત્રયજ્ઞ યોજાયા હશે અને એટલી જ અમે તીર્થયાત્રા કરી હશે. દોશીકાકા સાથે આવે અને પહેલેથી પુછાવે કે આ વખતે તમારે યાત્રા કરવા કઈ બાજુ જવું છે? દોશીકાકા એટલે આંખનું મોબાઈલ દવાખાનું. મેં કેટલીયે વાર જોયું છે કે અમે ચાલ્યા જતા હોઈએ ત્યાં સામેથી આવતો કોઈક માણસ કહે, 'દોશીકાકા, રામરામ.' કાકા ઓળખે નહિ, પણ વાત કરવા પ્રેમથી ઊભા રહે. ત્યાં આવનાર વ્યક્તિ કહે, 'કાકા, મારી આંખ જોઈ આપોને, મોતિયો તો નથી આવતોને?'

કાકા એમ ન કહે કે 'ભાઈ અત્યારે ટાઈમ નથી. દવાખાને બતાવવા આવજે.' તેઓ તરત થેલીમાંથી બૅટરી કાઢે અને બિલોરી કાચ કાઢે. પેલાની બંને આંખ વારાફરતી પહોળી કરી, ટૉર્ચ મારીને અને જરૂર પડે તો કાચનો ઉપયોગ કરીને જુએ અને સંતોષકારક જવાબ આપે. આવું કામ કરવામાં કાકાને ક્યારેય મોડું ન થાય. કાકાને મન દર્દી એટલે દરિદ્રનારાયણ. કાકાએ હજારો માણસની આંખ રસ્તામાં જ બરાબર ધ્યાનથી જોઈ આપી હશે. કોઈ વાર એવું બને કે આંખ જોયા પછી કાકા કહે 'ભાઈ, તમારી આંખ મશીનમાં જોવી પડશે. દવાખાને આવજો.'

અમે યુવક સંઘના આઠ-દસ સભ્યો નેત્રયજ્ઞ માટે જ્યારે ચિખોદરા જઈએ ત્યારે કોઈકને આંખ બતાવવાની હોય, નંબર કઢાવવાનો હોય તો કાકા દવાખાનામાં બધાંની આંખો જોઈ આપે. કાકા નંબર કઢાવવા માટે લાઈટ કરીને નાનામોટા અક્ષરોના ચાર્ટમાં અમને અક્ષરો વંચાવે. એમાં નીચે ઝીણા અક્ષરોની લીટી આવે. લ ન ગ ક ર. અમારા એક મિત્રે ભૂલથી વાંચ્યું 'લગન કર' એટલે હસાહસ થઈ પડી. ત્યારથી આંખો બતાવવી હોય તો અમે કહીએ, 'કાકા, લગન કર'. એટલે કાકા તરત સમજી જાય અને બધાંની આંખો જોઈ આપે. ચશ્માંનો નંબર કાઢી આપે.

એક વખત અમે ગુજરાતના એક નગરમાં એક નવી થયેલી હૉસ્પિટલની મુલાકાતે ગયા હતા. હૉસ્પિટલ આધુનિક સાધનોથી સજ્જ હતી અને ડૉક્ટરો પણ સેવાભાવી હતા. હૉસ્પિટલમાં બીજે હોય એના કરતાં પંચોતેર ટકા ચાર્જ ઓછો હતો. જે માટે બીજી હૉસ્પિટલમાં સો રૂપિયા ખર્ચ થાય તે માટે આ હૉસ્પિટલમાં પચીસ રૂપિયા ખર્ચ થાય. એકંદરે મધ્યમવર્ગના લોકોને સારો લાભ મળી શકે.

હૉસ્પિટલની મુલાકાત પછી ઉતારે અમે આવ્યા ત્યારે દોશીકાકાને અભિપ્રાય પૂછ્યો. એમણે કહ્યું, હૉસ્પિટલ ઘણી જ સારી છે અને મધ્યમવર્ગના લોકો માટે ઘણી જ રાહતરૂપ છે. આ વિસ્તારના ઘણા લોકોને એનો લાભ મળશે. પણ...

કાકા બોલતાં અટકી ગયા. અમે કહ્યું, 'કાકા, પણ શું?'

કાકાએ કહ્યું, 'પણ મારે કરવાની હોય તો આવી હૉસ્પિટલ ન કરતાં ગરીબ લોકો લાભ લે એવી હૉસ્પિટલ કરું. મારું ક્ષેત્ર જુદું છે. અમેરિકા કે યુરોપના દેશોમાં લોકોની આર્થિક સ્થિતિ એવી છે કે કોઈને રાહત આપવાનો વિચાર થતો નથી. રવિશંકર મહારાજના હાથે તાલીમ પામેલા અમે લોકો ગાંધીજીએ જે રસ્કિનનો વિચાર અપનાવ્યો Un to this last એટલે અમે સાવ છેવાડાના ગરીબ માણસોનો વિચાર કરીએ. આ હૉસ્પિટલમાં સોને બદલે પચીસ રૂપિયા ચાર્જ છે. પરંતુ જેની પાસે પચીસ રૂપિયા ન હોય, અરે હૉસ્પિટલ સુધી આવવાના બસભાડાના રૂપિયા નથી એવા લોકો માટે કામ કરવું એ અમારું ક્ષેત્ર છે. શહેરોમાં નહિ, પણ દૂર દૂરના ગામડામાં અમે જઈએ ત્યાર ચીંથરેહાલ દશામાં જીવતા લોકોને જોઈ અમને દયા આવે.' ત્યારે અમને લાગ્યું કે ખરેખર, દોશીકાકા એટલે ગરીબના બેલી.

એક વખત કાકા મારે ત્યાં જમવા પધાર્યા હતા. ઉનાળાનો સમય હતો. કાકા સવારના જમવામાં પાંચ વાનગી લે એ અમને ખબર હતી. અમે અમારે માટે પણ પાંચ વાનગી બનાવી હતી. જમવા બેઠા ત્યારે ઉનાળામાં કેરીની મોસમ હતી એટલે કાકાને પણ રસ પીરસ્યો હતો. બધા બેસી ગયા અને 'સાથે રમીએ, સાથે જ રમીએ...' એ પ્રાર્થના કર્યા પછી જમવાનું ચાલુ કર્યું ત્યારે કાકાએ રસની વાટકી બહાર મૂકી. અમે પૂછ્યું, 'કાકા, કેરીની બાધા છે?' એમણે કહ્યું, 'ના, પણ કેરી ખાવી નથી.' 'કેમ?' તો કહ્યું 'પછી વાત!' અમે પાંચમી વાનગી તરીકે બીજી કોઈ વાનગી આપવાનું કહ્યું તો તે માટે પણ અમને ના પાડી. કાકાએ રસ લીધો નહિ એટલે અમે રસની વાટકી બહાર મૂકતાં હતાં તો અમને આગ્રહપૂર્વક અટકાવ્યાં.

જમ્યા પછી અમે કાકાને કારણ પૂછ્યું તો એમણે કહ્યું, 'મોટાં શહેરોમાં બધે કેરી ચાલુ થઈ ગઈ છે, પણ અમારા ગામડાઓમાં ગરીબ લોકોને ત્યાં હજુ ચાલુ નથી થઈ. કેરી થોડા દિવસમાં સસ્તી

થશે અને એમને ત્યાં ચાલુ થશે, પછી હું કેરી ખાઈશ.' કાકાની ગરીબો માટે કેટલી બધી સહાનુભૂતિ છે એનો ત્યારે ખ્યાલ આવ્યો.

ગાંધીજીની જેમ વ્યવહારમાં કરકસર કરવી એ દોશીકાકાનું પણ જીવનનું મુખ્ય લક્ષ. દરેક વિષયમાં કરકસરપૂર્વક વિચાર કરે. બે જોડ ખાદીનાં કપડાં આખું વર્ષ ચલાવે. ફાટે તો સાંધી લે. સાંધેલું કપડું પહેરવામાં શરમ નહિ . દોશીકાકા પાસે એક ગરમ કોટ છે. છેલ્લાં બાવીસ વર્ષથી અમે જોતા આવ્યા છીએ કે કાકાએ શિયાળામાં બહારગામ જવું હોય તો આ એક જ કોટ પહેર્યો હોય. કાકા કરકસર કરે, પણ મનથી દરિદ્રતા નહિ. જરૂર પડે, અનિવાર્ય હોય તો ગમે તેટલું મોટું ખર્ચ કરતાં અચકાય નહિ.

દોશીકાકા વૈશાખ મહિનામાં ઑફિસમાં બપોરે એક દિવસ કામ કરતા હતા અને ભયંકર ગરમી પડતી હતી. એ વખતે એક શ્રીમંત ભાઈ પોતાની એ.સી. કારમાંથી ઊતરીને કાકાને મળવા આવ્યા. એમનાથી ગરમી સહન થતી નહોતી. એમણે કહ્યું, 'કાકા. આવી ગરમીમાં તમે કેવી રીતે કામ કરી શકો છો?' કાકાએ કહ્યું, 'હું ગરમીથી ટેવાઈ ગયો છું.' પેલા શ્રીમંતે કહ્યું, 'કાકા, ઑફિસમાં મારા ખર્ચે એ.સી. નંખાવી આપું છું. એના વીજળીના બિલની જવાબદારી પણ મારી.' કાકાએ કહ્યું, 'ભાઈ, તમારી દરખાસ્ત માટે આભાર. પણ એ.સી.વાળી ઑફિસ મને ન શોભે.'

નેત્રયજ્ઞની સભાઓમાં કાકા ઘણી વાર કહેતા કે આવા યજ્ઞનું આયોજન ત્રણ નારાયણ એકત્ર થાય ત્યારે થાય. દર્દીઓ તે દરિદ્રનારાયણ, દાક્તરો અને બીજા કાર્યકર્તાઓ એ સેવાનારાયણ અને યજ્ઞ માટે દાન આપનાર, તે લક્ષ્મીનારાયણ. કાકાના વક્તવ્યમાં આ ત્રણ નારાયણ તો હોય જ, પણ કોઈ વાર પ્રસંગાનુસાર કાકા બીજા એકબે નારાયણ જોડી દેતા. કોઈ વાર લક્ષ્મીની વાત નીકળે તો કહેતા કે લક્ષ્મી ત્રણ પ્રકારની છે, શુભ લક્ષ્મી, અશુભ લક્ષ્મી અને મહાલક્ષ્મી. પાપ કરીને, છેતરપિંડી કરીને જે ધન કમાય તે અશુભ લક્ષ્મી. પ્રમાણિકપણે જે કમાણી થાય તે શુભ લક્ષ્મી. અને લોકસેવાના કાર્યો જે કરે તેની લક્ષ્મી તે મહાલક્ષ્મી. અશુભ અને શુભ લક્ષ્મી અવશ્ય નાશ પામે. મહાલક્ષ્મી તો ક્યારેય નાશ ન પામે. તે ભવાંતરમાં પણ સાથે આવે.

જ્યાં નેત્રયજ્ઞ હોય ત્યાં કાકા સ્થાનિક કાર્યકર્તાઓને એક નાનકડી સભા યોજવાનું કહે. દર્દી અને એમના બરદાસીઓ તથા ડૉક્ટરો, કાર્યકર્તાઓ, સ્થાનિક લોકો એ અમારો શ્રોતાગણ. અડધો કલાક કાર્યક્રમ ચાલે. અમારામાંના કોઈક કાર્યકર્તાઓને આ સભાઓ દ્વારા જાહેરમાં બોલવાનો મહાવરો થયો હતો. એક વખત એક સભ્યને બોલતાં બીજું કંઈ આવડ્યું નહિ તો એમણે દોશીકાકાના ત્રણ નારાયણની જ વાત કરી. એટલે દોશીકાકાને તે દિવસે બીજો વિષય લેવો પડ્યો હતો. દરેક નેત્રયજ્ઞમાં સભા પછી ભોજનનું નિમંત્રણ સ્થાનિક કાર્યકર્તાઓ તરફથી હોય જ.

આરંભના વર્ષોમાં નેત્રયજ્ઞમાં ૭૦૦–૮૦૦ દર્દીઓ આવતા. કાકાની સુવાસ એવી કે દર્દીઓને જમાડવા માટે અનાજ વગેરે સામગ્રી ગામના શ્રેષ્ઠીઓ તરફથી મળતી. બળતણ માટે લાકડું દરેક ઘરેથી એક એક આવે. એટલે કશી મુશ્કેલી ન રહે. કાકામાં કુશળ વહીવટી શક્તિ અને સૂઝ છે. નેત્રયજ્ઞ એટલે આખા ગામનો ઉત્સવ. કાકા સવારના પાંચ વાગ્યાથી રાતના બાર સુધી કામ કરે. કોઈક વખત તો તેઓ એક દિવસમાં ૧૨૫થી વધુ ઑપરેશન કરે, છતાં થાકનું નામ નહિ.

પહેલાં સરકારી નિયમ એવો હતો કે જે નેત્રયજ્ઞમાં સો કે તેથી વધુ દર્દીઓ થયા હોય તો તે નેત્રયજ્ઞ માટે સરકાર સહાય કરે. એક વખત એક નેત્રયજ્ઞમાં બધું મળીને નવ્વાણું દર્દીઓ થયા. કાર્યકર્તાઓએ કહ્યું, 'કાકા, કોઈ એક માણસની આંખ જોઈને પછી એનું નામું–સરનામું ચોપડામાં લખી દઈએ તો સો દર્દી થઈ જાય અને આપણને સરકારી ગ્રાન્ટ મળે.'

પરંતુ કાકાએ કહ્યું, એવી રીતે ખોટું આપણાથી ન કરાય.' કાર્યકર્તાઓનો આગ્રહ છતાં કાકા મક્કમ રહ્યા હતા.

મહીકાંઠાના હરિલાલભાઈ બે આંખે વર્ષોથી સદંતર અંધ હતા. એક વખત સાણંદની કૉલેજના સેવાભાવી પ્રોફેસર ડૉ. ભાનુપ્રસાદ ચોકસી એમને કાકા પાસે લઈ આવ્યા. કાકાએ કહ્યું કે કદાચ ઑપરેશનથી પચીસેક ટકા તેજ આવે. એ રીતે ઑપરેશન થયું અને હરિલાલભાઈ થોડુંક દેખતા થયા. તેઓને જાણે કે નવી જિંદગી મળી. દોશીકાકાની તેઓ રોજ સાંજે એક માળા-'દેશીકાકા, દોશીકાકા' એ નામની માળા–જપતા.

એક વખત અમારો નેત્રયજ્ઞ પંચમહાલમાં દેવગઢ બારિયા પાસે સાગતાળા નામના ગામમાં હતો. જંગલ વિસ્તાર પાસે આવેલું આ ગામ છે. અમારો ઉતારો જંગલ વિભાગના ગેસ્ટ હાઉસમાં હતો.

નેત્રયજ્ઞ પછી બીજે દિવસે અમે અલિરાજપુર પાસે મધ્યપ્રદેશમાં આવેલા લક્ષ્મણી તીર્થની જાત્રાએ ગયા. કાકાએ આ તીર્થ જોયું નહોતું. અમારામાંના બીજા પણ ઘણાખરા પહેલી વાર આવતા હતા. આખો રસ્તો ખરબચડો. અમે પહોંચી, પૂજા કરી, ભોજન અને આરામ કરી પાછા આવવા નીકળ્યાં. પણ ત્યાં તો રસ્તામાં ધોધમાર વરસાદ ચાલુ થયો. અંધારું થઈ ગયું હતું. એંસી કિલોમીટરનો રસ્તો વટાવતાં ઘણી વાર લાગી. રસ્તામાં થાકેલા હોવાથી કોઈ ઝોલાં ખાતા તો કોઈ વાતો કરતા. એક કલાક પછી કાકાએ ગીત ઉપાડ્યું:

'આંખો પવિત્ર રાખ, સાચું તું બોલ,
ઈશ્વર દેખાશે તને પ્રેમળનો કોલ,
સત્ય એ જ પરમેશ્વર, બાપુનો બોલ
તારામાં ઈશ્વર છે કે નહિ ખોળ.'

બધાંએ કાકાનું ગીત ઝીલ્યું. પાંચ કલાક પછી અમે સાગતાળા

આવ્યા. બીજે દિવસે કાકાએ કહ્યું, 'તમને ખબર છે, કાલે આપણે કેટલું જોખમ ખેડ્યું? આ ભીલ વિસ્તાર છે. રાતના કોઈ વાહન આવે તો ભીલો જરૂર લૂંટી લે. મને થયું કે હેમખેમ પાછા પહોંચી જઈએ તો સારું. આખે રસ્તે હું મનમાં ભક્તામર સ્તોત્ર બોલતો રહ્યો હતો. વચ્ચે 'આંખો પવિત્ર રાખ'નું ગીત ઝિલાવ્યું કે જેથી તમને ડરનો વિચાર ન આવે.'

એક વખત અમારા સંઘ તરફથી ઠાસરામાં નેત્રયજ્ઞ હતો. પચાસ જેટલા દર્દીઓનાં ઑપરેશન હતાં. અમે મુંબઈથી સંઘના સાતેક સભ્યો ચિખોદરા પહોંચ્યા. ઑગસ્ટ મહિનો હતો અને વરસાદના દિવસો હતા. ચિખોદરામાં સ્નાનાદિ વગેરેથી પરવારી, અમે જીપમાં બેઠા ત્યારે કાકાએ કહ્યું કે કાલે રાતના બહુ વરસાદ પડ્યો છે અને જોરદાર પવન ફૂંકાયો છે એટલે દર્દીઓ ઓછા આવશે એવો સંભવ છે. અમે ઠાકરા નેત્રયજ્ઞના સ્થાને પહોંચી ગયા. ઑપરેશન માટે દાક્તરો આવી ગયા હતા. ખાટલા પથરાઈ ગયા હતા. ઑપરેશન થિયેટર તૈયાર થઈ ગયું હતું. પરંતુ નવ વાગ્યા તો પણ કોઈ દર્દી આવ્યો નહોતો. રાહ જોવાતી ગઈ, સમય પસાર થતો ગયો. એમ કરતાં અગિયાર વાગ્યા તો પણ કોઈ દર્દી આવ્યા નહિ. અમે બધા બેસીને માંહોમાંહે ગપાટા મારતા રહ્યા. અમારા માટે ભોજનની વ્યવસ્થા ત્યાં જ થઈ હતી એટલે બાર વાગે જમવા બેઠા. સાડા બાર સુધી કોઈ દર્દી ન આવ્યો એટલે એક વાગે નેત્રયજ્ઞ બંધ જાહેર કરવામાં આવ્યો. કાકાએ કહ્યું, અત્યાર સુધી આટલા બધા નેત્રયજ્ઞો કર્યા, પણ દર્દી વગરનો આ પહેલો થયો, તેનું કારણ ધોધમાર વરસાદ અને વાવાઝોડું છે.

દોશીકાકા અને ભાનુબહેન એક વખત અમેરિકા જવાનાં હતાં ત્યારે અમારા યુવક સંઘ તરફથી અમે વિદાયમાનનો કાર્યક્રમ યોજ્યો હતો. આટલી મોટી ઉંમરે તમને ફાવશે કે કેમ એમ અમે પૂછ્યું ત્યારે કાકાએ કહ્યું હતું કે 'મારા ભત્રીજાઓ ત્યાં રહે છે અને એરપૉર્ટથી એરપૉર્ટ અમને એટલા બધા સાચવે છે કે અમને જરાય તકલીફ પડતી નથી.' આ ભત્રીજાઓ નાના હતા ત્યારે કાકાએ અને ભાનુબહેને પોતાને ઘરે રાખીને સાચવ્યા હતા અને તૈયાર કર્યા હતા. આ અમેરિકા જવાના પ્રસંગે મારા ધર્મપત્ની તારાબહેને કાકાને ખાદીની ગરમ શાલ ભેટ આપી તે કાકાએ કહ્યું કે 'મારી પાસે એક શાલ છે અને એકથી વધારે ન રાખવાનો મારો નિયમ છે. એટલે તમારી શાલ હું તો જ સ્વીકારું કે મને જ્યારે યોગ્ય લાગે ત્યારે કોઈ યોગ્ય વ્યક્તિને હું આપી દઉં, એ માટે તમારી મંજૂરી હોય તો જ લઉં.' આ શરત અમે મંજૂર રાખીને અમે કાકાને શાલ ભેટ આપી.

દોશીકાકા અને એમના ધર્મપત્ની ભાનુબહેન અમેરિકા ત્રણેક વાર ગયા છે. તેમના ભત્રીજાઓને ત્યાં રહે છે. કાકા જાય ત્યારે હૉસ્પિટલ માટે કંઈક ફંડ લઈને આવે. છેલ્લે ગયા ત્યારે કાકાની ઉંમર ૮૭ અને ભાનુબહેનની ૮૩, વૃદ્ધવસ્થાને લીધે કોઈ પણ તેમને અમેરિકા જવાની સલાહ ન આપે. પણ તેઓ બંને મનથી દૃઢ હતાં. વળી આરોગ્યમાં કોઈ ખામી નહોતી. ભાનુબહેનનું શરીર ભારે, પણ તેઓ કહે, 'અમારે તો બધા જ એરપૉર્ટ પર વ્હીલચેર મળવાની છે.' અમેરિકા જતા હતા ત્યારે ભાનુબહેને કાકાને કહ્યું, 'તમારા ચંપલ ઘણા ઘસાઈ ગયા છે. અમેરિકામાં તૂટશે તો બહુ મુશ્કેલી થશે. માટે તમે નવી જોડ લઈ લો.'

પણ કાકા જૂના ચંપલ પહેરીને જવામાં મક્કમ હતા. તેમનો નિયમ હતો કે એક ચંપલ ઘસાઈને તૂટી જાય ત્યારે જ નવાં ચંપલ ખરીદવાં. એટલે કાકાએ કહ્યું, 'ચંપલ તૂટી જશે તો ત્યાં ઉઘાડા પગે ચાલીશ. નહિ વાંધો આવે. બધે ગાડીમાં ફરવાનું છે. વળી ત્યાંનો ઉનાળો છે.' દોશીકાકામાં આત્મવિશ્વાસ ઘણો. પાછા ફર્યા ત્યાં સુધી ચંપલને વાંધો આવ્યો નહિ. આવ્યા પછી જૂનાં ચંપલ ઘસાઈ ગયાં ત્યારે નવા ચંપલ લીધાં.

એક વખત અમે નેત્રયજ્ઞ પછી એક તીર્થની યાત્રાએ ગયા હતા. રાતનો મુકામ હતો. થાકેલા હતા એટલે હું અને દોશીકાકા સૂઈ ગયા અને મિત્રને પરવારતાં થોડી વાર હતી. સવારે વહેલા ઊઠી, સ્નાનાદિથી પરવારીને અમે તૈયાર થયા. બહાર જતાં દોશીકાકાએ કહ્યું, 'મારાં ચંપલ ક્યાં ગયાં?' તો મિત્રે તરત એમના ચંપલ બતાવ્યાં. કાકાએ કહ્યું, 'આ મારા ચંપલ નથી.' મિત્રે ફોડ પાડતાં કહ્યું, 'કાકા, રાતના મારા બૂટ પાલીશ કરતો હતો ત્યાં પછી વિચાર આવ્યો કે તમારા બંનેનાં ચંપલને પણ પાલિશ કરી લઉં.'

કાકાએ કહ્યું, 'મને પૂછ્યા વગર તમે મારા ચંપલને પાલિશ કર્યું તે બરાબર ન કહેવાય. પાલિશવાળા ચંપલ મને શોભે નહિ. હવે પાલિશ કાઢી નાખો.' મિત્રે લૂગડા વડે પાલિશ કાઢવા પ્રયત્ન કર્યો, પણ પાલિશ બહુ ઓછી થઈ નહિ. ત્યાં બહાર જઈ કાકા મૂઠી ધૂળ ભરીને લાવ્યા અને ચંપલ પર નાખી. એટલે ચંપલ કંઈક બરાબર થયા.

અપંગ કન્યાઓ માટે ગુજરાતમાં કલોલ પાસે આવેલી સંસ્થા 'મંથન'ને માટે અમે પર્યુષણ પર્વ દરમિયાન સહાય માટે શ્રોતાઓને અપીલ કરી હતી અને એકત્ર થયેલ રકમ સંસ્થાને અર્પણ કરવાનો કાર્યક્રમ અમે ગોઠવ્યો હતો. એ માટે કાકાને પણ પધારવાનું નિમંત્રણ અમે આપ્યું હતું. કાકાએ 'મંથન' સંસ્થા જોઈ નહોતી અને ક્યાંથી જવાય એ તેઓ જાણતા નહોતા. એટલે અમે એમને અમદાવાદથી અમારી સાથે બસમાં જોડાઈ જવા કહ્યું હતું. અમદાવાદ સ્ટેશને 'ઈન્કવાયરી'ની બારી પાસે તેઓ ઊભા રહેવાના હતા. પરંતુ તે દિવસે ટ્રેનમાં અમારો ડબ્બો ઘણો આગળ આવ્યો એટલે અમે બધા પાર્સલના ફાટકમાંથી નીકળ્યા કે જેથી તરત સામે બસ પાસે પહોંચાય. સવારની ઉતાવળમાં અમે જે ભાઈને કાકાને લઈને આવવાનું સોંપ્યું હતું તે ભૂલી ગયા અને બીજા પણ ભૂલી ગયા.

અમે શેરિસા પહોંચ્યા ત્યારે ખબર પડી કે કાકાને લેવાનું રહી ગયું છે. શેરિસા સ્નાનપૂજા કરી અમે મંથનમાં પહોંચ્યા તો કાકા ત્યાં આવીને બેઠા હતા. અમે કાકાની માફી માગી, પણ તેમની વાણીમાં જરા પણ ઠપકો નહોતો. એમણે હસતાં કહ્યું, 'તમે ભૂલી ગયા તે સારું થયું. એટલે તમારા કરતાં હું વહેલો અહીં આવી ગયો.' પછી કાકાએ કહ્યું કે 'બધા પૅસેન્જરો નીકળી ગયા અને કોઈ મારી પાસે આવ્યું નહિ એટલે થયું કે તમે નીકળી ગયા હશો. પછી નિમંત્રણ પત્રિકા જોઈ અને એમાંના એક સભ્યને ફોન કર્યો. તેઓ હજુ નીકળ્યા નહોતા. એટલે એમના ઘરે પહોંચી એમની સાથે ગાડીમાં અહીં આવી ગયો છું.' અમારી ભૂલ માટે એમણે હસતાં કહ્યું, 'તમે ભૂલી ગયા તે સારું થયું. મને ગાડીમાં તમારા કરતાં વહેલા આવવા મળ્યું.'

સાયલાના શ્રી રાજસોભાગ આશ્રમમાં મુંબઈની રત્નવિધિ ટ્રસ્ટ નામની સંસ્થા દ્વારા વિકલાંગો માટે એક કૅમ્પનું આયોજન થયું હતું. એમાં દોશીકાકાને પણ નિમંત્રણ આપ્યું. સામાન્ય રીતે મંચ પર બેસવાનું દોશીકાકા ટાળે અને આગળની હારમાં બેસવાનું પણ ટાળે. દોશીકાકા થોડા પાછળ બેઠા હતા. આગળ આવવાનો આગ્રહ કર્યો ત્યારે કહ્યું કે તેઓ નિશ્ચિત સમયે નીકળીને ચિખોદરા પહોંચવા ઈચ્છે છે. સાયલાથી અમદાવાદ બસમાં અને અમદાવાદથી બસ બદલીને તેઓ સાણંદ જવાના હતા. સભામાં એક સજ્જન પધાર્યા હતા, તેઓ કાર્યક્રમ પછી પોતાની ગાડીમાં આણંદ જવાના હતા. એટલે મેં તેમની સાથે ગાડીમાં જવાનું સૂચન કર્યું. પરંતુ દોશીકાકાએ કહ્યું મને એમ કોઈની ગાડીમાં જવાનું નહિ ફાવે. કોઈને મોડું-વહેલું થાય. બસ તરત મળી જાય છે એટલે મારે મોડું નહિ થાય.' અમે બહુ આગ્રહ કર્યો ત્યારે કહ્યું, 'ભલે જોઈશું.' પરંતુ કાર્યક્રમ પૂરો થયો ત્યારે દોશીકાકા તો નીકળી ગયા હતા. દોશીકાકાને શ્રીમંતો પ્રત્યે એલર્જી છે એવું નથી, પણ તેમને આમજનતા વચ્ચે આમજનતાના થઈને, જાણે કે કોઈ પોતાને ઓળખતું નથી એવા થઈને રહેવું ગમે છે. એમના વિગલિત થયેલા માનકષાયનું આ પરિણામ છે.

એક વખત અમારે આગલોડ અને મહુડીની યાત્રાએ જવું હતું. કાકા કહે 'અમારી જીપ લઈ જાવ.' અમે કહ્યું, 'પણ કાકા તમારે ગાંધીનગર જવું છે તો તમે જ જીપ લઈ જાવ, અમે બીજી વ્યવસ્થા કરી લઈશું.' કાકા કહે, 'એમ કરો, મારું કામ પતાવી હું મહુડી આવીશ અને વળતાં તમારી સાથે પાછો આવી જઈશ.'

કાર્યક્રમની વિગતો નક્કી થઈ. મહુડી પહોંચવાનો અમારો સમય પણ નક્કી થયો. પરંતુ ચિખોદરાથી નીકળ્યા પછી તરત અમારામાંના એક મિત્રે બીજું પણ એક સ્થળ સમાવી લેવાનો આગ્રહ કર્યો. અને ચિખોદરાથી પહેલાં એ સ્થળે જવું અને પછી જ આગલોડ અને મહુડી જવું. પણ એ સ્થળનો રસ્તો લાંબો હતો. એટલે એમ કરતાં અમારી બસ સાંજના સાત વાગે મહુડી પહોંચી. પહોંચતાં જ ત્યાંના એક કર્મચારીભાઈએ કહ્યું, 'દોશીકાકા તો તમારી બે કલાક રાહ જોઈને બસમાં ચિખોદરા ગયા.'

આ સાંભળીને અમને બહુ અફસોસ થયો. જેમની જીપ છે તે બસમાં જાય! અમારે એમની જીપમાં જવાનું? વળી એમને બે કલાક રાહ જોવી પડી.

ચિખોદરા અમે પહોંચ્યા તો કાકાએ પૂછ્યું, 'કેમ મોડું થયું?' અમે એમની ક્ષમા માગી પણ એમણે એ વાતને સહજ ગણી, જરા પણ ચિડાયા નહિ કે ન ઠપકો આપ્યો, બલકે તેઓ હસતાં હસતાં અમારી સરભરામાં લાગી ગયા. દોશીકાકાની સમતાનું ત્યારે દર્શન થયું.

દોશીકાકાની ભોજનની પ્રવૃત્તિ અત્યંત શાંત અને સંયમિત. સવારે તેઓ ચાર કે પાંચ વાનગી લે. આખા દિવસમાં આઠ વાનગી લે. જરૂર પડ્યે દાળ અને શાકનું મિશ્રણ કરે. પછી આખો દિવસ વચમાં કશું ન લે. ચોવિહાર કરે અને તેમાં ફક્ત ત્રણ વાનગી લે. પ્રવાસમાં અમે હોઈએ અને સાંજ પડવા આવે પણ પોતે કશું બોલે નહિ. ડ્રાઈવર યાદ રાખે. સૂકી ત્રણ વાનગીઓનો ભાનુબહેને ડબ્બો બાંધી આપ્યો હોય તો તે આપે. ચાલુ પ્રવાસે જ તેઓ આહાર લે. એ માટે ગાડી થોભાવે નહિ. કોઈ વખત વેળાસર હૉસ્પિટલમાં પહોંચી જવાની ધારણા હોય એટલે ભાનુબહેને કશું બંધાવ્યું ન હોય, પણ મોડું થાય તો ડ્રાઈવર કહે કે ભાનુબહેને કશું આપ્યું નથી. પછી પોતે જ રસ્તામાં કોઈ કેળાંની લારી ઉભી હોય તો કેળાં લાવે. તેમાંથી દોશીકાકા એક અથવા બે લે. કોઈ વાર રસ્તામાં કેળા ન મળે તો કાકા ભૂખ્યા રહે, પણ કોઈને કહે નહિ, કોઈની ભૂલ ન કાઢે કે કોઈને ટોકે નહિ. મહેમાનોનું પ્રેમભર્યું સ્વાગત કરવું, તેમને અતિથિગૃહમાં ઉતારો આપી તેમનાં ભોજનાદિની સગવડ કરવી, તેમની સેવામાં કર્મચારીઓને જુદાં જુદાં કામ સોંપવાં, ગાડીમાં બેસાડીને તેઓને આસપાસ ફેરવવા ઈત્યાદિ પ્રવૃત્તિઓમાં દોશી-દંપતીના ઉત્સાહની આપણને પ્રતીતિ થાય. કાકા અને ભાનુબહેન અતિથિગૃહમાં આવી બધી વસ્તુનું બરાબર ધ્યાન રાખે. કોઈ દિવસ એવો ન હોય કે માત્ર કાકા અને ભાનુબહેન- એમ બે જણે સાથે ભોજન લીધું હોય. અતિથિ બારે માસ હોય અને તેમને ઉત્સાહથી જમાડે. મહેમાન વગર ખાવાનું ન ભાવે. ચિખોદરાની હૉસ્પિટલને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળેલી છે એટલે દેશવિદેશથી મુલાકાતે આવનાર મહેમાનોની અવરજવર આખું વર્ષ રહે, છતાં નહિ થાક કે નહિ કચવાટનું નામનિશાન. તેઓ કામ કરવામાં ચોક્કસ, પણ નોકરચાકરની કંઈ ભૂલ થઈ હોય છતાં દોશી-દંપતીએ ક્યારેય ગુસ્સો કર્યો હોય, બરાડા પાડ્યા હોય એવું ક્યારેય ન બને. સમતાનો ગુણ તેમના જીવનમાં વણાઈ ગયો છે.

શ્રી આર. કે. દેસાઈએ એમના જીવનવૃત્તાંતમાં લખ્યું છેઃ 'દોશીકાકામાં ક્રોધ કરમાઈ ગયો છે, ગુસ્સો ગાયબ થઈ ગયો છે. બધાં કામ પ્રેમથી જ કરવાનાં. અધરાત–મધરાત ગમે ત્યારે ગમે તે કામ માટે એમને મળી શકાય. તેની સમક્ષ કોઈ ગુસ્સો લઈને આવ્યું તો તરત જ આવનાર વ્યક્તિ બરફ બની જતો. ભયંકર ગણાતી ક્ષતિને પણ માફ જ કરવાની વૃત્તિ. સૌ સાથે પ્રેમભાવનો ધોધ જ વહેતો જણાશે. કોઈના પ્રત્યે શત્રુતા નથી, વેર નથી કે કડવાશ નથી. શિથિલતા દર્શાવનાર વ્યક્તિઓ પ્રત્યે આકરા થવાની વૃત્તિ નથી. નરી શીતળતા, ચંદ્રથી પણ વિશેષ શીતળતા. સૌનું વિશ્રામસ્થાન એટલે દોશીકાકા; થાક્યાપાક્યાનું એ વિશ્રામસ્થાન છે. એમને મળતાંની સાથે જ બોજ હળવો બને છે. તેઓ આબાલવૃદ્ધ સૌના વાત્સલ્યમૂર્તિ છે. તેઓ ઘેઘૂર વટવૃક્ષ સમી શીતળ છાયા પ્રદાન કરનાર છે.

દોશીકાકા એટલે ગાંધીયુગના છેલ્લા અવશેષોમાંના એક. એમની કેટલીક વાતો, ભવિષ્યમાં લોકો જલદી માનશે નહિ. જેમની પાસે પોતાની માલિકીનું ઘર નથી, મિલકત નથી, બૅંકમાં ખાતું નથી એવા આ લોકસેવકે ભરયુવાનીમાં રવિશંકરદાદાના પ્રભાવ હેઠળ આવી સેવાનો ભેખ લીધો. તેઓ સાચા વૈષ્ણવજન છે, સાચા શ્રાવક છે. એમને ગીતાની પરિભાષામાં કર્મયોગી તરીકે ઓળખાવવા તે યોગ્ય જ છે.

ભાનુબહેન અને દોશીકાકા પાસે અમે હોઈએ તો જાણે માતા-પિતા પાસે હોઈએ એવું અપાર વાત્સલ્ય અનુભવ્યું છે. જાણે કે જન્માન્તરનો સંબંધ ન હોય!

પૂ. ડૉ. દોશીકાકા અને મુ. ભાનુબહેનને ભાવપૂર્વક વંદન કરું છું અને એમના શતાયુ માટે પ્રાર્થના કરું છું.

❑ **ડૉ. રમણલાલ શાહ**

(૧૬, જૂન ૨૦૦૫ના અંકમાં તેમ જ 'વંદનીય હૃદયસ્પર્શ' (૨૦૦૭) પુસ્તકમાં પ્રકાશિત લખનું પ્રસંગોચિત પુનઃ પ્રકાશન)

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન સભ્યોને કરેલી વિનંતિનો ઉષ્માભર્યો પ્રતિભાવ

'પ્રબુદ્ધ જીવન'ના ઑગસ્ટ અંકમાં ૩૪ મે પાને વર્તમાનમાં આજીવન સભ્યપદની ફી રૂા. ૫,૦૦૦/– છે અને વર્ષો પહેલાં થયેલા સભ્યોને વર્તમાન પ્રમાણે પૂરક રકમ મોકલવા અમે વિનંતિ કરી હતી, એનો અમને ઉષ્માભર્યો પ્રતિભાવ મળ્યો છે અને પરિણામે નીચે મુજબના માનવંતા સભ્યોએ અમને પૂરક રકમ મોકલી આપી છે એ સર્વેનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

| નામ | રૂપિયા | નામ | રૂપિયા |
|---|---|---|---|
| તરૂલતાબેન બિપિનભાઈ શાહ | ૨૫૦૦ | સુરેખાબેન એમ. શાહ | ૨૫૦૧ |
| અનંતભાઈ ખેતાણી | ૨૫૦૧ | ભારતી ઉપેન્દ્ર શાહ | ૫૦૦ |
| ભરતકુમાર મેઘજીભાઈ મામણિયા | ૨૫૦૦ | ખીમજી શીવજી શાહ | ૪૨૫૦ |
| હંસાબેન ડી. શાહ | ૨૫૦૦ | કચરાલાલ ચુનીલાલ શાહ (કે. સી. શાહ) | ૨૫૦૦ |
| નેમચંદ હીરજી છેડા | ૫૦૦૦ | મનીષ મહેતા | ૫૦૦૦ |
| મીતાબેન ગાંધી | ૨૫૦૧ | બિપીન નેમચંદ શાહ | ૫૦૦૦ |
| મનસુખલાલ કે. કામદાર | ૨૫૦૦ | હીના એસ. શાહ | ૫૦૦૦ |
| પરાગ બી. ઝવેરી | ૫૦૦૧ | નવીનચંદ્ર રતિલાલ શાહ | ૫૦૦૦ |
| પ્રકાશ ડી. શાહ | ૨૫૦૦ | મહેશ કાંતિલાલ શાહ | ૫૦૦૦ |
| ભરત કાંતિલાલ શાહ | ૫૦૦૦ | રેશ્માબેન બિપિનચંદ જૈન | ૫૦૦૦ |
| પ્રવિણાબેન અશ્વિન મહેતા | ૨૫૦૦ | મનીષ ધીરજલાલ અજમેરા | ૫૦૦૦ |
| હસમુખ એમ. શાહ | ૨૫૦૦ | વિજય ડી. અજમેરા | ૫૦૦૦ |
| યતિન કે. ઝવેરી | ૪૫૦૦ | પ્રકાશભાઈ જી. ઝવેરી | ૫૦૦૦ |
| ધીરજલાલ કે. કાપડિયા | ૨૫૦૦ | રમણિક ઝવેરી U.S.A. | ૫૦૦૦ |
| ડૉ. સ્નેહલ સંઘવી | ૨૧૦૦ | સવિતા શાન્તિ શાહ U.K. | ૫૦૦૦ |
| અશોક ડી. દોશી | ૪૭૫૦ | | ૧,૨૦.૬૦૪ |

જે મહાનુભાવ સભ્યોએ હજી સુધી પૂરક રકમ ન મોકલી હોય એ સર્વેને અમે પૂરક રકમ મોકલવા વિનંતિ કરીએ છીએ. શક્ય છે કે આપ ક્યારે આજીવન સભ્ય બન્યા હતા એની વિગત આપની પાસે ન હોય તો આપ સંઘની ઑફિસમાં ફોન (ફોન નંબર–૨૩૮૨૦૨૯૬) કરી આપનું નામ વગેરે જણાવી અમારા રેકોર્ડમાંથી વિગત પ્રાપ્ત કરી શકશો.

પ્રત્યેક મહિને 'પ્રબુદ્ધ જીવન' આપને અર્પણ થતું રહેશે જ. આપની જ્ઞાન જિજ્ઞાસા અને અનુમોદનાને અમારા અભિનંદન.

**–મેનેજર**

# સેવા અને સમર્પણની જંગમ વિદ્યાપીઠ : રવિશંકર મહારાજ

❑ શાંતિલાલ ગઢિયા

*(પૂ. રવિશંકર મહારાજની ૧૨૫મી જન્મ જયંતી પ્રસંગે પ્ર.જી.ની આ ભાવાંજલિ. પૂજ્ય રવિશંકર મહારાજ જેવા સેવાભાવી સંતો ભારતની ધરતી ઉપર જન્મ ધારણ કરતા રહે તો ભારતનું ભાવિ ઉજળું જ ઉજળું છે.)*

'જો ઈશ્વર અદલાબદલી કરવા દે અને તમે ઉદાર થઈ જાવ તો જરૂર તમારી સાથે અદલાબદલી કરું.'–આ શબ્દો છે ગાંધીજીએ રવિશંકર મહારાજને ઉદ્દેશીને લખેલા પત્રના.

સ્વામી આનંદ (૧૮૮૭–૧૯૭૬) મનની વાત અહોભાવથી કહેતાં એક જગાએ લખે છેઃ 'હું તો રોજ સવાર–સાંજ માળા–પ્રાર્થના વખતે पुण्यश्लोको नलो राजा पुण्यश्लोको युधिष्ठिरः સાથે જ પૂજ્ય રવિશંકર મહારાજનું નામ પણ આધુનિક પુણ્યશ્લોકોમાં આજે વરસોથી લઉં છું. શ્લોક શબ્દ જોડે છૂટ લઈને કહું તો પુણ્યશ્લોક એટલે પુણ્યનો પહાડ.'

કેવો હશે એ મૂઠી ઊંચેરો માનવ કે જેની ખુદ ગાંધીજી મીઠી ઈર્ષ્યા કરે અને સ્વામી આનંદ ઈશ–પ્રાર્થનામાં જેની વિભુતાનો ગુણાનુવાદ કરે! ગુજરાતના ખેડા જિલ્લામાં માતર તાલુકો છે. ત્યાંનું રઢુ ગામ રવિશંકરનું જન્મસ્થળ. મહેમદાવાદ તાલુકાનું સરસવણી ગામ એમનું વતન. તા. ૨૪–૨–૧૮૮૪, સં. ૧૯૪૦ મહાશિવરાત્રીના દિવસે માતા નાથીબાની કૂખે રવિશંકર શિવરામ વ્યાસનો જન્મ થયો. આગળ જતાં તેઓ રવિશંકર મહારાજ કહેવાયા. નાથીબા અભણ હતાં, પણ એમના ધર્મસંસ્કાર ઊંડા હતા. રવિશંકરને આ સંસ્કાર વારસામાં મળ્યા હતા. પિતાજી શિવરામ શિક્ષક હતા. તેઓ સારી ટેવોની કેળવણી પર ભાર મૂકતા. રવિશંકરનું જીવન ઉત્તમ બને તેની તેઓ કાળજી રાખતા. શિવરામ શિસ્તના આગ્રહી છતાં વિદ્યાર્થીવત્સલ હતા. તેમને સાધુસંન્યાસીનો સત્સંગ ગમતો. કોઈ પણ અઘરું કામ કષ્ટદાયક ન લાગે એ રીતે કરવાની તાલીમ રવિશંકરને પિતાજી પાસેથી મળી હતી.

રવિશંકર ૧૯ વર્ષના હતા અને પિતાજી પ્લેગના રોગથી અવસાન પામ્યા. ચારેક વર્ષ પછી માતુશ્રીને પણ એ જ રોગ ગ્રસી ગયો. રવિશંકરનો અભ્યાસ ફક્ત પ્રાથમિક ૬ ધોરણ સુધીનો. 'હું તો ભઈલા, અભણ ગામડિયો છું', એમ તેઓ નમ્રતાથી કહેતા. જો કે એમની જીવનદૃષ્ટિ અને અનુભવજ્ઞાન ગહન હતા. રવિશંકરમાં ત્રણ મુખ્ય ગુણો હતાઃ સાહસ, નિર્ભયતા અને પીડિતો પ્રત્યે અનુકંપા. રમતો રમવી, વૃક્ષો પર કૂદાકૂદ કરવી, દૂર દૂર ખેતરોમાં રખડવું અને નદીમાં તરવું, એમની ગમતી પ્રવૃત્તિઓ હતી. રવિશંકર તરણવિદ્યાનો ઉપયોગ અન્યની પ્રાણરક્ષા માટે પણ કરતા. એક દિવસ સરસવણી ગામમાં રવિશંકર મિત્ર સાથે નદીએથી પાછા ફરતા હતા. એવામાં લોકોની બૂમ સાંભળી કે કોઈ માણસ પાણીમાં તણાયો છે. અમદાવાદથી આવેલો કોઈ સાધુ હતો. રવિશંકરે એ તરફ દોટ મૂકી. એક સ્ત્રીએ સોગંદ ખાઈને રવિશંકરને પાણીમાં ન પડવાની વિનંતી કરી. રખે ને રવિશંકર ડૂબી જાય! પણ રવિશંકર એમ કાંઈ માને? એમણે તો ઝંપલાવ્યું. સાધુને બોચીએથી પકડ્યો. મુશ્કેલીથી કિનારા તરફ આવતા હતા. રવિશંકર ખૂબ થાકી ગયા હતા. પાણીનો પ્રવાહ જોરમાં હતો. મિત્ર મદદે આવ્યો. બંનેએ મળીને સાધુને બહાર કાઢ્યો.

અંગ્રેજીમાં ઉક્તિ છેઃ Example is better than precept. અર્થાત્ ઉપદેશ આપવા કરતાં જાતે આચરણનો દાખલો બેસાડવો ઉત્તમ છે. રવિશંકરમાં આ સૂત્ર પૂર્ણપણે વણાયેલું જોવા મળે છે. એક દિવસ તેઓ અમદાવાદ રેલ્વે સ્ટેશન પર ટ્રેનની રાહ જોતા ઊભા હતા. તેમને બોરીઆવી જવું હતું. ટ્રેન આવવાની તૈયારી હતી અને એનાઉન્સમેન્ટ થઈ કે અમુક પ્લેટફોર્મને બદલે અમુક પ્લેટફોર્મ પર ટ્રેન આવશે. એક સ્ત્રી નાના બાળકને તેડીને હાંફળીફાંફળી દોડતી હતી. માથા પર સામાન હતો. દૂરથી એક માણસ મોટેથી બોલ્યો, 'અરે, આને કોઈ મદદ કરો!' રવિશંકર તરત જ સ્ત્રી પાસે ગયા, સામાન ઊંચકી લીધો અને નિયત પ્લેટફોર્મ પર લઈ જઈ ટ્રેનમાં બેસાડી. પછી રવિશંકરે પેલા માણસને પૂછ્યું, 'તમે બીજાને સૂચના આપી, પણ જાતે મદદ કરવા કેમ તૈયાર ન થયા?' ત્યારે પેલાનો જવાબ સાંભળી રવિશંકર દંગ થઈ ગયા. 'મારો ધર્મસંપ્રદાય કોઈ બાઈમાણસને અડવાની ના પાડે છે!'

રવિશંકરના લગ્ન ૨૧ વર્ષની ઉંમરે બોરસદ તાલુકાના નાપા ગામની કન્યા સૂરજબા સાથે થયા. સૂરજબાનું ભણતર નહિવત્. પ્રાથમિક બેએક ધોરણ સુધીનું. સ્વભાવે પરગજુ. રવિશંકરનો પરિવાર એટલું સ્પષ્ટપણે બતાવે છે કે વ્યક્તિની મહાનતાનો માપદંડ ઔપચારિક શિક્ષણ (Formal Education) નહિ, પણ જીવનલક્ષી કેળવણી છે. દંપતીને ચાર સંતાન–મેધાવ્રત, મહાલક્ષ્મી, વિષ્ણુ અને લલિતા.

રવિશંકર સરસવાણીની શાળામાં અભ્યાસ કરતા હતા તે ગાળામાં નાગરદાસ સાહેબની અસર તેમના પર ઘણી હતી. નાગરદાસ નિષ્ઠાવાન ને સૌજન્યશીલ શિક્ષક હતા. શાળા છોડ્યા બાદ રવિશંકરને છોટાલાલ કવિનો પરિચય થયો. કવિ આર્યસમાજી હતા. વીસ વર્ષના યુવાન રવિશંકર છોટાલાલના ધર્મજ્ઞાનથી આકર્ષાયા. મહર્ષિ દયાનંદ સરસ્વતી વિષે જાણ્યું. આર્યસમાજના ધર્મગ્રંથ 'સત્યાર્થ પ્રકાશ'થી પણ પ્રભાવિત થયા. રવિશંકર યજમાનવૃત્તિ કરતા. ખેતી પણ કરતા. હવે આ કામોમાંથી એમનો રસ ઓછો થવા લાગ્યો. બીજી બાજુ દેશમાં ચાલતી રાષ્ટ્રીય લડત તરફ તેમનું ધ્યાન ગયું અને અંતરમાં દેશપ્રેમની જ્યોત પ્રગટી. છોટાલાલ કવિ સાથે વડોદરા આવવાનું બન્યું ત્યારે કવિએ મોહનલાલ કામેશ્વર પંડ્યાનો પરિચય કરાવ્યો. પંડ્યાજીના સંપર્ક પછી રવિશંકરને ગાંધીજીના દર્શન કરવાની તાલાવેલી લાગી.

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી પરત આવ્યા બાદ અમદાવાદમાં

કોચરબ આશ્રમમાં સ્થાયી થયા હતા. અહીં રવિશંકરને પહેલી વખત ગાંધીજીના દર્શન થયાં. તેઓ મુગ્ધભાવે ગાંધીવાણીનું અમૃતપાન કરી ધન્ય બની ગયા. ગાંધીજીના વ્યક્તિત્વની એમના પર અદ્ભુત અસર થઈ. એ દિવસ હતો વિ. સં. ૧૯૭૨, કારતક સુદ ૧૫. પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રનો જન્મદિન. રવિશંકર છિપિયલ (તા. કપડવંજ)ના બે સાથીદારો સાથે અહીં આવ્યા હતા. એક રૂમમાં નાના બિછાના પર વિનોબા ભાવે (૧૮૯૫–૧૯૮૨) બેઠા હતા. તેમને ગાંધીજી માની ત્રણે જણા પગે લાગ્યા. કોઈ કશું બોલ્યું નહિ. એવામાં કેટલીક વ્યક્તિઓ વાત કરતી ત્યાં આવી. એમના બોલવા પરથી યુવા મિત્રોને ખ્યાલ આવ્યો કે આમાંના એક ગાંધીજી છે. રવિશંકર અને સાથીઓ શરમના માર્યા મૌન રહ્યા. ગાંધીજીને મળવા માટે ત્રણેક કલાક પ્રતીક્ષા કરવી પડી. ખાવાપીવાની ચિંતા છોડી ત્યાં જ બેસી રહ્યા. પછી રવિશંકરે ગાંધીજીને આશ્રમપ્રવેશના નિયમો, સ્વરાજ્યનો અર્થ વગેરે વિષે સવાલો પૂછ્યા. ગાંધીજીએ સભામાં જવાનો સમય થઈ ગયો હોઈ ટૂંકમાં જવાબો આપ્યા.

પ્રેમાભાઈ હૉલમાં યોજાયેલી ગાંધીજીની સભામાં રવિશંકર અને સાથીઓ પણ જોડાયા. સભાખંડમાં પુષ્કળ ઘોંઘાટ અને અવ્યવસ્થા હતા કવિ નાનાલાલ, કેશવ ધ્રુવ, પંડિત લાલન વગેરે વિદ્વાનો ત્યાં આવ્યા હતા. લોકો બૂમબરાડા પાડતા હતા. ભોળા રવિશંકરને આશ્ચર્ય થયું. એકદમ ગાંધીજી ટેબલ પર ઊભા થયા અને એમની ભાવવાહી વાણી વહેતી થઈઃ 'દિવ્યાત્મા શ્રીમદ્ જીનો જન્મદિન મનાવવા આપણે અહીં એકત્રિત થયા છીએ. પ્રસંગોચિત પ્રવચનના મારા બે બોલ સાંભળવા આપ સૌ ઈચ્છો છો, પરંતુ આવા શોરગુલમાં હું શું બોલું? છતાં આપ શાંતિ નહિ જાળવો ત્યાંસુધી હું મંચ છોડીશ નહિ. હું ભારે જિદ્દી છું.' ગાંધીજીના હૃદયમાંથી નીકળેલા શબ્દો કારગત નીવડ્યા. શ્રોતાવર્ગમાં શાંતિ પથરાઈ. ગાંધીજીની મર્મભેદી વાણી અને લોકો પ્રત્યેના આત્મીય વ્યવહારથી રવિશંકર અત્યંત પ્રભાવિત થયા. ક્રમશઃ ગાંધીજીનો વિશેષ પરિચય થતાં રવિશંકરના અંતરનીરમાં વિસ્મય અને આનંદની લહેરો ઊઠતી. તેમના જ શબ્દો જોઈએ–

'મારા ઘડતરમાં અનેક વ્યક્તિઓએ ફાળો આપ્યો છે, પણ પૂ. ગાંધીજી તો મારા માટે પ્રેરણામૂર્તિ છે. એમણે મને જીવન જીવવાની દૃષ્ટિ આપી. મારા જીવનમાં વધારેમાં વધારે આનંદ આપનાર વ્યક્તિ ગાંધીજી છે. એ મહાપુરુષ ન હોત તો હું ક્યાં હોત? એમના કાળમાં મારો જન્મ થયો છે એ માટે હું મારી જાતને હંમેશાં ધન્ય માનું છું.'

૧૯૧૭માં ગોધરાની રાજકીય પરિષદમાં જવાની રવિશંકરની ઈચ્છા હતી. સરસવણીથી ડાકોર ચાલતા જવાનું હતું. બહારવટિયાઓની બીકના કારણે મિત્રોએ સાથ ન આપ્યો. આથી એકલા જ ચાલી નીકળ્યા. ડાકોરથી ટ્રેનમાં ગોધરા ગયા. સભામાં મોટામોટા નેતાઓને મળવાનું થયું. ગાંધીજીએ દેશસેવા માટે કાર્યકર્તાઓને જોડાવાની અપીલ કરતાં સરદાર વલ્લભભાઇએ સૌ પ્રથમ પોતાનું નામ નોંધાવ્યું. રવિશંકર રોમાંચિત થઈ ઊઠ્યા.

૧૯૧૮માં રવિશંકર સ્વામી નિત્યાનંદના સંસર્ગમાં આવ્યા. પરસ્પર ભાવસેતું રચાયો. શ્રદ્ધેય સ્વામીજી ઊર્ધ્વ પથના યાત્રીના હોઈ રવિશંકરે સૌ પ્રથમ સાબરમતી આશ્રમ જોયો. આમ તો તેઓ મિલના હેન્ડલુમના વસ્ત્રો પહેરતા. અહીં તેમને રેંટિયા પર હાથથી કંતાયેલા સૂતર પાછળની ઊંડી દૃષ્ટિ સમજાઈ. રવિશંકરે શુદ્ધ ખાદીનો તાકો ખરીદ્યો અને હંમેશ માટે ખાદી પહેરવાનો નિર્ધાર કર્યો. કસ્તૂરબાએ એમને રેંટિયો આપ્યો. આ રીતે રવિશંકરને જાતે કાંતવાની પ્રેરણા મળી.

૧૯૧૯માં મુંબઈમાં માહિમ ખાતે રોલેટ એક્ટ વિરૂદ્ધ સભાનું આયોજન થયું હતું. લોકોએ રવિશંકરને બોલવા આગ્રહ કર્યો. આખરે રવિશંકરે સીધીસાદી શૈલીમાં ધ્યાનાર્હ પ્રવચન આપ્યું. બપોરે માધવભાગમાં ગાંધીજીની સભા હતી. પંડ્યાજી (મોહનલાલ કામેશ્વર પંડ્યા) પણ આવ્યા હતા. તેઓ રવિશંકરને પોતાની સાથે રાખતા, જેથી મહાનગરમાં રવિશંકરને અજાણ્યું ન લાગે. ગાંધીજીની ઈચ્છા હતી કે ખેડા જિલ્લામાં 'હિન્દ સ્વરાજ્ય' પુસ્તિકાનો પ્રચાર થાય. તેમણે રવિશંકરને આ કામ સોંપ્યું. અંગ્રેજ સરકાર પકડશે એવો ડર રાખ્યા વગર રવિશંકરે કામ સ્વીકાર્યું અને પાર પાડ્યું. ખેડા જિલ્લાના લોકો એમને 'સ્વરાજવાળો' કહીને બોલાવતા.

આંતરિક પરિવર્તન સાથે રવિશંકરમાં પહેરવેશ, ખોરાક આદિ બાહ્યાચારોમાં પણ પરિવર્તન આવ્યું. રાતી પાઘડીનું સ્થાન સફેદ ટોપીએ લીધું. લાંબો કોટ અને ખભા પરનો ખેસ પણ ગયા. તેની જગાએ બંડી આવી. ૧૯૨૦માં અમદાવાદમાં એક મિત્રને ત્યાં બેઠા હતા. પાછા ફરતાં બહાર આવીને જોયું તો પગના જોડા ગાયબ. 'ચાલો, એક બલા ટળી' વિચારી જોડા પહેરવાનું બંધ કર્યું. એવું જ હાથની લાકડીનું થયું. રસ્તા પર ચાલતાં પાછળથી ઘોડાગાડીના ચાલકે બાજુ પર ખસવાનું કહ્યું. રવિશંકરને સંભળાયું નહિ. પેલાને ગુસ્સો આવ્યો. સામે રવિશંકરના મગજનો પારોય ઊંચે ચડ્યો અને લાકડી ઉગામવા જતા હતા ત્યાં જ ગાંધીજીનું સ્મરણ થતાં મનને રોક્યું. ત્યારથી હાથમાં લાકડી નહિ રાખવાનો નિર્ણય કર્યો. દેશ માટે હું શું કરું? આવું ચિંતન નિત્ય એમના મનમાં ચાલ્યા કરતું ખૂબ મંથનના અંતે પરદેશી ખાંડ નહિ ખાવાની પ્રતિજ્ઞા લીધી. બેએક વાર અજાણતાથી પ્રતિજ્ઞા તૂટી ત્યારે દૃઢ નિશ્ચય કર્યો કે દેશી શું કે પરદેશી શું, ખાંડ જ નહિ ખાઉં. મધ અને કેસર પણ છોડ્યા.

જેમની સન્મુખ થવાનું તો બાજુ પર, જેમના નામ માત્રથી લોકો ધ્રૂજી ઊઠતા એવા બહારવટિયાઓ પાસે રવિશંકર વિશ્વાસ અને પ્રેમપૂર્વક જઈ પહોંચતા અને એમ કરતાં કરતાં એમનું હૃદયપરિવર્તન કરાવતા. રવિશંકરના મુખેથી આ બધા પ્રસંગો સાંભળીને ઝવેરચંદ મેઘાણીએ તેને શબ્દદેહ આપ્યો અને 'માણસાઈના દીવા' પુસ્તક લખ્યું. એક સમયે ગુજરાત યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં તેને પાઠ્યપુસ્તક તરીકેનું સ્થાન મળ્યું હતું. એક દૃષ્ટાંત અત્રે પ્રસ્તુત છેઃ

રવિશંકર છિપિયલથી સરસવણી પગપાળા આવતા હતા.

રસ્તામાં એક જણે ધીમા અવાજે એમને ચેતવ્યા, 'મહારાજ, પાછો વળો.' 'પણ છે શું અલ્યા પૂંજા?' 'કહું છું કે જીવ વહાલો હોય તો પાછા જાવ. બહારવટિયા છે.' ડગલું ભરનાર રવિશંકર હોય ત્યાં પાછા હઠવાનું કઈ રીતે સંભવે? ગતિમાં કોઈ ફેર ન પડ્યો. સામે જ એક બહારવટિયો આવી ઊભો. હાથમાં બંદૂક હતી. રવિશંકરના મોં પર સ્મિત ફરક્યું. પ્રશ્ન કર્યો, 'બીજા ક્યાં છે?' આજુબાજુથી બધા આવી ચડ્યા. રવિશંકરે એમને પોતાની પાસે બેસાડી ધીરજ અને શાંતિથી વાત માંડીઃ

'જુઓ, અમે પણ બહારવટે પડ્યા છીએ, પણ અમારું બહારવટું અંગ્રેજ સરકાર સામે છે. ભલા, આપણને ગુલામ બનાવનાર આવી સરકાર કંઈ ચલાવી લેવાય? અમારી 'ટોળકી'નો નેતા છે ગાંધી. તમને કદીક મેળાપ કરાવીશ.'

બહારવટિયા મનમાં ગણગણ્યા, 'મહાત્મા ગાંધી?'

રવિશંકરે વાત આગળ ચલાવી, 'તમે સૌ અમારી સાથે જોડાવ. અમને તમારી જરૂર છે, ભઈલા.' બહારવટિયા આંખો ઢાળી નિઃશબ્દ બની ગયા. શસ્ત્રો પરથી હાથ હેઠે પડ્યા અને રવિશંકરના ભેરુ બની ગયા.

૧૯૨૨માં ગાંધીજીને ૬ વર્ષની જેલની સજા થઈ હતી. રવિશંકર એમને મળવા ગયા. ગાંધીજી મુક્તપણે હસતા હતા, પણ દુઃખી રવિશંકર રડતા હતા! ગાંધીજીએ વાતનો વિષય બદલતાં કહ્યું, 'તમે પેલા બહારવટિયાઓનો મેળાપ કરાવી આપવાના હતા. ખબર નહિ, ક્યારે મળાશે. પણ એ કોમની સેવા કરવાનું તમારા માથે નાંખું છું.'

૧૯૨૩માં નાગપુરમાં ઝંડા સત્યાગ્રહ થયો. વાત એમ હતી કે શહેરમાં ત્રિરંગી ઝંડા સાથે સરઘસ નીકળ્યું હતું. અંગ્રેજ સરકારને એ ખૂંચ્યું. બહાનું કાઢ્યું કે એ વિસ્તારના ગોરા લોકોને ખલેલ પહોંચે છે. એટલે ત્રિરંગી ઝંડા સાથે કોઈએ એ રસ્તેથી નીકળવું નહિ, એવો મેજિસ્ટ્રેટ પાસે હુકમ કઢાવ્યો. આ અન્યાય સામે સત્યાગ્રહ થયો. દેશના ખૂણેખૂણે તેના પડઘા પડ્યા. ગુજરાતમાં ખેડા જિલ્લાની ટુકડીએ પહેલ કરી. એમાં રવિશંકર પણ શામેલ હતા. એમને ૭ માસની સજા થઈ. જેલવાસનો પહેલો અનુભવ. શરીરનું અંગ અંગ તૂટી પડે એવું સખત કામ કરવું પડતું.

પાટણવાડિયા કોમને ઉપર લાવવા માટે રવિશંકરે ભારે પરિશ્રમ કર્યો. વટાદરા ગામમાં રોજ રાત્રે આ કોમના માત્ર પુરુષોએ નહિ, સ્ત્રીઓ અને બાળકોએ પણ હાજરી પુરાવવા ચોરામાં એકઠા થવું પડતું. આ દૃશ્ય જોઈ રવિશંકરનું હૈયું કરુણાથી દ્રવી ઊઠતું. માણસની દશા પશુથી ય બદતર! આજુબાજુના આઠેક ગામોમાં આ સ્થિતિ હતી. આ દૂષણ દૂર થવું જ જોઇએ એવો રવિશંકરે મનોમન નિર્ણય કર્યો. વટાદરાથી વડોદરાનો ૪૦ માઈલનો રસ્તો ભૂખ્યા-તરસ્યા પગે ચાલીને કાપ્યો. ગરમીમાં પગ દાઝે, કાંટા વાગે, પણ રવિશંકરને આવી પીડાની કોઈ અસર થતી નહિ. કોઈ પૂછે તો કહેતા, 'પગ જ એવા સખત થઈને ટેવાઈ ગયા છે કે કાંટાનું જોર ચાલતું નથી.' થાક, આરામ, ઊંઘ વિષે કોઈ પૂછે તો કહેતા, 'ચાલતાં ચાલતાં જ ઊંઘ થઈ જાય છે. તેથી આપોઆપ થાક પણ ઊતરી જાય છે.' છેવટે વડોદરા આવ્યા. પોલિસ કમિશ્નરને મળ્યા. કમિશ્નર મદદરૂપ થયા. હાજરી પુરાવવાની હીણપતભરી પ્રવૃત્તિ અટકી. જો કે કોમના આગેવાનોએ હવેથી ચોરી નહિ કરવાની કબૂલાત આપી.

૧૯૪૧માં અમદાવાદમાં હુલ્લડ ફાટી નીકળ્યું. રવિશંકર તરત જ અમદાવાદ દોડી ગયા. સૂમસામ રસ્તા અને સર્વત્ર ભયનું વાતાવરણ. જીવણલાલ દીવાનનો ભેટો થયો. એમની સાથે સિવિલ હૉસ્પિટલે ગયા. ત્યાં નરહરિ પરીખ પણ હતા. ચાલીસેક શબ ગંધાતા પડ્યાં હતાં. ક્ષણભર રવિશંકર પોતે હેબતાઈ ગયા. મન મક્કમ કર્યું. પોતે મડદાંને અગ્નિદાહ દેવા ઈચ્છે છે એવી માગણી મૂકી. જિલ્લા મેજિસ્ટ્રેટે માંગણી મંજૂર રાખી. રવિશંકર મ્યુનિસિપાલિટીની બસમાં શબોને લઈ દૂધેશ્વરને આરે નદીના પટ પર આવ્યા. મિત્રોની મદદથી ઘણી તકલીફ સાથે શબોને ચિતા પર ચડાવ્યા. અને અગ્નિસંસ્કાર કર્યો. ચાર દિવસ આ ક્રમ ચાલ્યો. રવિશંકરે આ રીતે ૮૩ શબોને અગ્નિદાહ આપ્યો.

જ્યાં આપત્તિના એંધાણ વર્તાય ત્યાં મહારાજ અચૂક પહોંચી જાય. એ આપત્તિ અતિવૃષ્ટિની હોય કે દુકાળની, હુલ્લડની હોય કે રોગચાળાની. પીડિતો તરફ રવિશંકરનો હાથ મદદ માટે ફેલાયેલો જ હોય. અન્યની વેદના સ્વયંની વેદના બને એવી સંવેદના રવિશંકરમાં હતી.

૧૯૫૨માં ચીનની યાત્રાએથી પાછા ફર્યા બાદ રવિશંકર વિનોબાજીના સંપર્કમાં આવ્યા. તેમની ભૂદાન-પ્રવૃત્તિથી રવિશંકર પ્રભાવિત થયા. દાન કરવાનો રૂડો અવસર સામે ચાલીને મારે આંગણે આવ્યો છે, એમ વિચારી રવિશંકરે પત્નીને વાત કરી. સૂરજબાએ સહર્ષ બધી જમીન ભૂદાનમાં આપી દેવાની ઈચ્છા બતાવી. રવિશંકરે ગુજરાતમાં પદયાત્રા કરીને ભૂદાનનો પ્રચાર કર્યો.

રવિશંકર મહારાજે શ્રીમદ્ ભગવદ્ગીતા પર 'ગીતા બોધવાણી' ભાષ્ય લખ્યું છે. આ ગ્રંથ એમને ૧૦૧ મા જન્મદિને અર્પણ કરવામાં આવ્યો. હવે હંસલો પિંજરમાંથી ઊડવા આતુર હતો. પુત્ર વિષ્ણુભાઈ 'ગીતા બોધવાણી' પિતાશ્રીને વાંચી સંભળાવતા. તા. ૧-૭-૧૯૮૪ના રોજ સવારે ૬-૩૦ વાગે રવિશંકર મહારાજ બોરસદ હૉસ્પિટલમાં કાળધર્મ પામ્યા. સાંજે ૪ વાગે બોસાચણમાં વલ્લભ વિદ્યાલય ખાતે એમના નશ્વર દેહના અગ્નિસંસ્કાર થયા.

પૂ. વિમલાતાઈ ઠકાર કહે છેઃ 'પ્રભુશ્રદ્ધા અને માનવ સેવાનો એક અનુપમ અને અદ્વિતીય મહોત્સવ એટલે પૂ. રવિશંકરદાદાનું જીવન.'

જેમનામાં કથની-કરણીનો સુભગ સમન્વય હતો એવા પ્રાતઃસ્મરણીય પૂ. રવિશંકર મહારાજને નત મસ્તકે શતશઃ વંદન...

✷ ✷ ✷

એ-૬, ગુરુકૃપા સોસાયટી, શ્રી મુક્તજીવન સ્વામી બાપા માર્ગ, વડોદરા-૩૯૦ ૦૦૬. ફોન નં. : (૦૨૬૫) ૨૪૮૧૬૮૦

# વિધેયાત્મક અભિગમ

## ❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

આઠેક દાયકા પૂર્વે, મારા વતન ડભોડા (જિલ્લોઃ ગાંધીનગર)ની 'કુમારશાળા'માં ભણતો હતા ત્યારે એક એવો પાઠ આવતો હતો (હાથી અને સાત આંધળા?) કે જેમાં કેટલાક અંધજનો, હાથીના અક્કેક અંગને સ્પર્શી, હાથી કેવો છે તેનું વર્ણન કરતા હતા. હાથી થાંભલા જેવો છે, એવો એક અંધનો અનુભવ હતો, કારણ કે તેણે કેવળ એના પગને સ્પર્શ કરીને અનુમાનથી કહેલું...એ જ પ્રમાણે કો'ક પેટ, સૂંઢ, પુચ્છ, દાંતને સ્પર્શ કરીને ભિન્ન ભિન્ન અનુમાન કરેલાં. સમગ્ર હાથીનો કોઈને અનુભવ જ નહીં, કારણ કે તેઓ બધા અંધ હતા એટલે હાથીના ભિન્ન ભિન્ન અંગોને તેઓ સમજતા હતા. આ તો બધા અંધ હતા એટલે કોઈને પણ સમગ્રતાનો તો ખ્યાલ આવી શકે જ નહીં પણ જે લોકો આંખથી ને બુદ્ધિથી દેખતા છે તેઓ પણ એક જ વસ્તુ કે ઘટનાને ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુથી જુએ છે નેઘણીવાર એકવાક્યતા સરજી શકતા નથી ને કવચિત્ લડી પણ પડે છે. આપણાં ષડ્દર્શનો જુઓ...જીવ, જગત ને જગન્નાથ સંબંધે દરેકના ભિન્ન ભિન્ન મત છે. 'માણસ એટલે શું?' એમ ડઝનેકને પૂછવામાં આવે તો તેઓ એની ભિન્ન ભિન્ન વ્યાખ્યાઓ આપવાના જેમાં માનવીના વ્યાવર્તક લક્ષણો છતાં થતાં હોય. સંસ્કૃતિના ઉગમકાળથી વિશ્વના અનેકવિધ તત્ત્વચિંતકોએ મનુષ્યની ભિન્ન ભિન્ન પ્રકારે વ્યાખ્યા આપવા પ્રયાસ કર્યો છે. એ બધી વ્યાખ્યાઓ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ કે અતિશયોક્તિ જેવા તર્કશાસ્ત્રના કોઈ ને કોઈ દોષથી સાવ મુક્ત તો નથી જ, છતાંયે અત્યાર સુધીમાં મનુષ્ય સંબંધી જે વ્યાખ્યાઓ બંધાઈ છે, તે ભલે સંપૂર્ણ ન હોય, તો પણ સૂચક દ્યોતક ને અર્થ સારે તેવી કામચલાઉ તો છે જ.

કોઈકે માણસને બે પગવાળું પશુ કહ્યું તો કોઈકે તેને 'હસતું પ્રાણી' કહ્યું (લાફીંગ એનીમલ). કોઈકે વળી તેને સામાજિક પ્રાણી કહ્યું. એક તત્ત્વચિંતકે માણસને બૌદ્ધિક સામાજિક પ્રાણી કહ્યું તો પ્રખ્યાત અંગ્રેજ તત્ત્વચિંતક સી.ઈ.એમ. જોડે તેને તર્કશક્તિ, સારાસાર વિવેક ધરાવનાર ને સૌંદર્યદૃષ્ટિ ધરાવનાર પ્રાણી કહ્યું. કેટલાકે તેને દિક્કાલનું ભાન ને જ્ઞાન ધરાવનાર પ્રાણી કહ્યું તો ડૉ. સિગમંડ ફ્રોઈડે મનુષ્યને સુખદુઃખના સિદ્ધાંત અનુસાર જીવવા માટે તરફડતા પ્રાણી તરીકે ઓળખાવ્યું. આમ, નૃવંશ શાસ્ત્રીઓ, માનસશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, અર્થશાસ્ત્રીઓ પોતાની વિચારસરણીને અનુરૂપ એની વ્યાખ્યા કરવાના...પણ એમાં સંપૂર્ણ એકવાક્યતા તો આવવાની નહીં; કારણ કે દરેકના દૃષ્ટિ બિન્દુ ભિન્ન ભિન્ન હોવાનાં. જૈન ધર્મના, તત્ત્વજ્ઞાનમાં 'સ્યાદ્વાદ' યાને 'સપ્તભંગીનય' મુખ્ય છે,. જેમાં કોઈપણ વસ્તુ આવી છે કે તેવી છે એમ એક જ રૂપે વર્ણવી શકાતી નથી; એક જ વસ્તુ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓથી જુદી જુદી તહેરની ઠરે છે. આ વસ્તુ ધ્યાનમાં રાખતા, મતભેદના ઘણા કજિયાઓ શમી શકે છે.'

ભારતીય રાજકારણમાં કેટલા બધા પક્ષો છે? દરેક પક્ષ ગરીબી હટાવવા ને દેશની પ્રગતિ કરવાનો દાવો કરે છે. કેટલાય વાદો આમને સામને આવી જાય છે ને પોતાનો કક્કો ખરો કરાવવાનો પ્રયત્ન કરે છે. કવચિત્ એમના હઠાગ્રહમાં અન્યના દૃષ્ટિબિંદુને સમજવાની પણ બૌદ્ધિક ઉદારતા દાખવતા નથી!

આપણા વ્યવહાર-જીવનમાં જો સ્યાદ્વાદ કે સપ્તભંગીનયનો 'સ્પીરીટ' આવી જાય તો ઘણો બધો કલેશ-કંકાસ મટે ને જીવન જીવવા માટે નવું દૃષ્ટિબિન્દુ પ્રાપ્ત થાય. જીવનનો અભિગમ જ બદલાઈ જાય ને વિધેયાત્મક વલણ કેળવાય. અહીં હું સાહિત્યમાંથી ત્રણેક દાખલા મારા મુદ્દાને સ્પષ્ટ કરવા રજૂ કરીશ.

આમ તો લંગડો, આંધળો, મૂંગો, બધિર-દુઃખી ગણાય. સૌ પોત પોતાની શારીરિક ઉપાધિઓ માટે કચવાટ કરે ને દુઃખ વ્યક્ત કરે તો આપણે એમનો દોષ કાઢીએ નહીં બલ્કે સહાનુભૂતિ દર્શાવીએ, પણ આ એક સંસ્કૃત શ્લોક એવો છે કે જેમાં કવિએ દુઃખ કે સહાનુભૂતિ દર્શાવ્યા નથી પણ એમની મર્યાદાઓને વિશેષતાઓ રૂપે નિરૂપી છે ને માટે એમને ધન્યવાદ આપ્યા છે.

'પંગો વન્દ્યસ્ત્વમસિ ન ગૃહં યાસિ યોડર્થી પરેષાં
ધન્યોડન્ધ-ત્વં ધનમદવતાં નેક્ષસે યન્મુખાનિ।
શ્લાઘ્યો મૂક ત્વમસિ કૃપણં સ્તૌષિ નાર્થાશયા યઃ
સ્તોતવ્યસ્ત્વં વધિર ન વચો યઃ ખલાનાં શૃણોષિ।।

મતલબ કે 'હે લંગડા માણસ! તું વંદન કરવાને લાયક છે, કારણ કે તું પારકાને ઘેર કંઈ માગવા જતો નથી, હે આંધળા માનવ! તને ધન્ય છે કારણ કે ધનથી ઉન્મત્ત બનાલા માણસોનાં મુખ તારે જોવાં પડતાં નથી, હે મૂંગા માણસ! તું પ્રશંસાને પાત્ર છે, કારણ કે કંજૂસ માણસની પાસે ધન મેળવવાની આશાથી તું પ્રશંસા કરતો નથી. ને હે બહેરા માનવ! તું વખાણને પાત્ર છે કારણ કે તારે દુર્જનોનાં ખરાબ વચનો સાંભળવાં પડતાં નથી.' કેવળ જે તે વ્યક્તિની શારીરિક મર્યાદાઓના રોદણાં રડવાં તેને બદલે અહીં એ મર્યાદાઓને વિશેષતાઓ રૂપે નિરૂપી કેવું તંદુરસ્ત સમનિદર્શન કર્યું છે! કોથળામાં પાંચશેરી રાખીને સમાજના ઉન્નતભ્રૂ-વર્ગને ટીપ્યો પણ છે!

પિતા દશરથે, બીજા દિવસે તો રામનો રાજ્યાભ્ષેક કરવાનું નક્કી કર્યું છે ને આગલે દિવસે જ કૈકેયી કોથળામાંથી બિલાડું કાઢે છે ને રામને ચૌદ વર્ષનો વનવાસ અને પોતાના દીકરા ભરતને રાજગાદી માટે પતિ દશરથ સમક્ષ બે વરદાન માગે છે. વચનથી બંધાયેલ દશરથની સ્થિતિ સાપે છછૂંદર ગળ્યા જેવી થાય છે.' રામની જગ્યાએ અન્ય કોઈ હોત તો આ પ્રસ્તાવનો જબ્બર પ્રતિકાર કરે ને અનેક પ્રકારની ખટપટોય કરે પણ રામનો પ્રતિભાવ કેવો છે તે સાંભળોઃ 'હે માતા! તમે મને વનમાં જવાની આજ્ઞા આપી માત્ર મારા જેવાને પોતાના શરીરનું જ રક્ષણ કરવાનું સોંપ્યું છે, ને તમારા દીકરાને માથે સકલ ભુવનની રક્ષાનો ભાર મૂક્યો..આ બેમાં વધારે સહેલું કયું છે તેનો વિચાર કરું છું, તો મને લાગે છે કે હે માતા! તમે મારા તરફ જ પક્ષપાત બતાવ્યો છે.' કૈકેયીએ કોના

પ્રત્યે પક્ષપાત દર્શાવ્યો છે તો સૌ કોઈ જાણે છે પણ તે તેની રીતે સાચી છે તો રામ જે દૃષ્ટિ બિંદુથી સમગ્ર પરિસ્થિતિને નિહાળે છે તે જોતાં તે પણ સાચા છે! આ બંનેની વિચારસરણીમાં એમના આગલા વ્યક્તિત્વના વ્યાવર્તક લક્ષણો પણ વ્યક્ત થાય છે.

ચૌદ વર્ષનો વનવાસ વેઠીને રામ પાછા અયોધ્યામાં આવે છે ત્યારે એમના મનમાં એવું થાય છે કે જો હું પ્રથમ મારી માતા કૌશલ્યાને મળવા જઈશ તો કૈકેયીમાતાના અંતરમાં ડંખ રહી જશે...એનો અપરાધભાવ ઓછો કરવા માટે તે પ્રથમ કૈકેયીમાતાને મળે છે ને એમના પ્રેમને પ્રતાપે વનવાસમાં રામને શો લાભ થયો તે દર્શાવતાં કહે છેઃ–

'તાત સ્નેહો ભરત મહિમા પૌરુષ વાયુસૂનોઃ
સખ્યં ચાપિ પ્લવગનૃપતઃ કવાપિ સૌમિત્રભક્તિઃ।
સીતાસત્યં મમ ભુજબલં વૈરિણાં વૈરભાવઃ
જ્ઞાતં સર્વં તવ ચરણયોર્માતરેષ પ્રસાદ : ।।

મતલબ કે 'હે માતા! પિતાનો સ્નેહ એ કેવી અમોલી ચીજ છે, ભરતનો બંધુભાવ કેવો મહિમાવંત છે, હનુમાનનું પૌરુષ, વાનરોમાં પણ મૈત્રી જાળવવાની સચ્ચાઈ, લક્ષ્મણની મૂંગી ભક્તિ, સીતાનું સત, મારી પોતાની ભુજાઓનું પાણી, વૈરીઓનું વેર-આ બધાં કેવાં છે, તે કેવળ તારી કૃપા વડે જ હું જાણી શક્યો છું. (જો તેં વનવાસ ન આપ્યો હોત તો પિતા મને કેટલા ઊંડાણથી ચાહતા હતા ને ભરત કેવો અમોલો ભાઈ છે, એ બધું હું કેમ જાણી શકત?)

આ દુનિયામાં બધી જ આપત્તિઓ દુઃખદ નથી હોતી; કેટલીક તો ઈષ્ટાપત્તિઓ બની જતી હોય છે. 'ધરતીનું લૂણ'માં સ્વામી આનંદે મોનજી રદરની અદ્ભુત–કથા આલેખી છે. જ્ઞાતિ–બહિષ્કારનું દુઃખ કેવું તો અસહ્ય હોય તેનું તાદૃશ–વાસ્તવિક–કરુણ–આલેખન મોનજી રૂવર'માં જોવા મળે છે પણ એ ઈષ્ટાપાત્રને કારણે સ્વામી આનંદ લખે છે તે પ્રમાણે 'બહિષ્કાર તેની કારમી વ્યથાવેદનાઓ છતાં મોનજી દંપતીને સાચે જ આડકતરા આશીર્વાદ સમો નીવડ્યો. મોનજી સદાય પોતાના ખેતીવ્યવસાયમાં મસ્ત રહ્યા. બહિષ્કારને એમણે ઈશ્વરના ઘરની દેણ ગણી.; જેને પ્રતાપે પોતાને નીચું ઘાલીને અખંડ પુરશારથ કરવા મળ્યો, ઉમ્મરસાડીમાં આંબાની કલમો ઉછેરવાનો ઉદ્યોગ એમણે જ પહેલવહેલો શરૂ કર્યો. (૧૩૦૦ કલમો ઉભી કરેલી.) ઉદ્યમ ભાગ્યનો તેડાગર.'

આગળ આપણે પંગુ, અંધ, મૂક અને બધિરની વાત કરી. પૂ. બાપુએ જેને વિશ્વનો પ્રથમ સત્યાગ્રહી કહ્યો છે એવા સોક્રેટીસનું નાક ચીબું હતું. લોકો એ પર હસતા ત્યારે હસતાં હસતાં સોક્રેટીસ કહેતો; 'મારું જ નાક સુંદર છે. મોટાં નસકોરાંવાલું નાક અંદર ભરપુર હવા ખેંચે છે માટે તે જ સુંદર છે.' વસ્તુને અનેક દૃષ્ટિબિંદુથી જોવાથી સ્યાદ્વાદ કે અનેકાન્તવાદથી સમગ્રતાનો ખ્યાલ આવે છે ને એકાંગી વિચારસરણીના દોષથી બચી જવાય છે. 'ગીતા પ્રવચનો'માં, વિનોબાજીએ, કર્મ, જ્ઞાન અને ભક્તિની ચર્ચા કરતાં કેવળવાદ, સમુચ્ચયવાદ, ઉપયોગિતાવાદ, ક્રમવાદ, સામંજસ્યવાદ વગેરેની ચર્ચા કરી છે ને સારરૂપે હ્યું છે કે કર્મ, ભક્તિ, અને જ્ઞાન અક્ષરશઃ એકરૂપ હોય એવી પરમ દશાને પુરુષોત્તમયોગ કહે છે–જીવનની અંતિમ સીમા ત્યાં આવી ગઈ.' સત્યની એકરૂપતા સિદ્ધ કરવા માટે આવી અનેકાન્તવાદની રીતિ નીતિ સરવાળે સહાયરૂપ નીવડતી હોય છે. આમાં Positive Thinking અનિવાર્ય હોય છે. સમગ્ર પ્રશ્ન વિમલ દૃષ્ટિ અને તંદુરસ્ત અભિગમનો છે.

✷✷✷

૨૨/૨, અરુણોદય સોસાયટી, અલકાપુરી,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૬૬૨૧૦૨૪


## જૈનધર્મ – તત્વજ્ઞાન અભ્યાસ

**મુંબઈ યુનિવર્સિટી**

**મુંબઈ યુનિવર્સિટીમાં જૈન તત્વજ્ઞાનના નીચેના કોર્સ ચાલુ કરવામાં આવેલ છે.**

**૧) સર્ટીફીકેટ, ૨) ડીપ્લોમા, ૩) એમ.એ., ૪) પીએચ.ડી.**

સરળ, સચોટ તથા સુવ્યવસ્થિત અભ્યાસ દ્વારા જૈનધર્મ તત્વજ્ઞાન વિશે પૂરી જાણકારી મળશે. ૧૨ વર્ષથી ચાલી રહેલ આ કોર્સનો લાભ ૧૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ લીધેલ છે.

ઉપરના કોર્સ માટે ખાસ અનુભવી શિક્ષકો, લાઈબ્રેરી તેમજ બીજી સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

**'સર્ટીફીકેટ કોર્સની માહિતી'**

કોર્સ સમય : ૧ વર્ષ – જુલાઈ ૨૦૦૯ થી એપ્રીલ ૨૦૧૦.
શૈક્ષણિક લાયકાતઃ એચ.એસ.સી. / ડીપ્લોમા / ઓલ્ડ એસ.એસ.સી. પાસ. (ઉમર ની કોઈ મર્યાદા નથી.)
અભ્યાસ : વિશ્વના મુખ્યધર્મો, જૈન ધર્મના સિદ્ધાંત, લોકાલોક, છદ્રવ્ય, નવતત્વ, સાધુના આચારો, શ્રાવકના આચારો, કર્મ સિદ્ધાંત, ચોવીસ તીર્થંકર, આગમ ગ્રંથ, પંચપરમેષ્ઠી, ચતુર્વિધ સંઘ, સ્ત્રીઓનું સન્માન, અહિંસા અને શાકાહાર, જૈન સંપ્રદાય, પંચજ્ઞાન, જૈન સાહિત્ય, જૈન યોગ અને ધ્યાન, અનેકાંત, તપ, ઉત્સવ, વર્ણાશ્રમ, મોક્ષમાર્ગ વગેરે...
અભ્યાસનું માધ્યમ : સાદી અંગ્રેજી (તેમજ બીજી ભાષામાં સમજ)
ઉત્તર વાહિની : અંગ્રેજી, ગુજરાતી, મરાઠી અને હિંદી.
સંપર્ક :મુંબઈ યુનિવર્સિટી , તત્વજ્ઞાન વિભાગ, જ્ઞાનેશ્વર ભવન, ૧લા માળે, વિદ્યા નગરી, કાલીના કેમ્પસ, સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૯૮. બસ નંબર – ૩૧૩, ૩૧૮ (સાંતાક્રુઝ – કુર્લા) બસ. ફોન : ૨૬૫૨ ૭૩૩૭

**વર્ષ ૨૦૦૯ – ૨૦૧૦ ના એડમીશન : ૨૫ જૂન થી શરૂ થશે.**

**– : વિશેષ માહિતી માટે સંપર્ક કરો :–**

**ડૉ. મિનલ કાતરનીકર** – ૯૮૩૩૩૬૯૭૧૯
**ડૉ. કામિની ગોગરી** – ૯૮૧૯૧૬૪૫૦૫
**ડૉ. બિપીન દોશી** – ૯૮૨૧૦ ૫૨૪૧૩
**શિલ્પા છેડા** – ૯૩૨૩૯૮૦૬૧૫

# ચૈતન્યમય અરૂપી જીવ અને રૂપી જડ પુદ્ગલદ્રવ્યનો અન્યોન્ય નિમિત્ત–નૈમિત્તિક (ઔપાધિક) સંબંધ

❑ સુમનભાઈ એમ. શાહ

જીવ અને પુદ્ગલ દ્રવ્યનો મિશ્રભાવે ઘનિષ્ઠ સંબંધ અનાદિકાળથી સાંસારિક જીવમાં ચાલ્યો આવે છે, જેથી આત્મદ્રવ્ય જીવના શરીરાદિમાં પુરાયેલું રહે છે. જે ભવ્યજીવને સાંસારિક બંધનોમાંથી છૂટવાની તીવ્ર જિજ્ઞાસા વર્તે છે તે કોઈ આત્માનુભવી જ્ઞાનીની શોધખોળમાં લાગી જાય છે, કે જેઓ મુક્તિમાર્ગ પામેલા છે અને અન્યને પમાડવાની ક્ષમતા ધરાવે છે. આવા સદ્ગુરુનું પુષ્ટ–નિમિત્ત પામી પુરુષાર્થી ભવ્યજીવ મુક્તિમાર્ગના સત્સાધનોનો ઉપયોગ સદ્ગુરુની નિશ્રામાં કરે છે. ઉર્ધ્વગમનમાં આત્મા અને પુદ્ગલદ્રવ્યનું નિમિત્ત-નૈમિત્તિકપણું શું ભાગ ભજવી શકે તેને પ્રકાશિત કરવાનો આ અલ્પ પ્રયાસ છે.

**1 પૂર્વ ભૂમિકા :**

આત્માનુભવી જ્ઞાનીઓએ નીચેની સૈદ્ધાંતિક હકીકતો જગત કલ્યાણાર્થે પ્રતિપાદિત કરેલી છે તે જોઈએ.

૧. જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ એ પાંચ (પંચાસ્તિકાય) સત્દ્રવ્યો ઉત્પાદ્, વ્યય અને ધ્રુવાત્મક છે. સત્દ્રવ્યો પોતપોતાના ગુણોમાં દ્રવે છે કે પરિણમે છે, જેને વર્તના પર્યાયો કે 'સ્વકાળ' કહેવામાં આવે છે. સ્વકાળ કે નિશ્ચયકાળને પણ એક ઔપચારિક દ્રવ્ય ગણવામાં આવ્યું છે.

૨. આ પાંચ સ્વતંત્ર દ્રવ્યો એક બીજાને મળે છે, છૂટાં પડે છે, નિમિત્ત થાય છે પરંતુ પોતપોતાના સ્વભાવમાં પરિણમે છે અને એ જ એનો ધર્મ છે.

૩. પંચાસ્તિકાયના જીવ અને પુદ્ગલ દ્રવ્યો એકબીજાનું નિમિત્ત પામી પ્રભાવિત થાય છે, જેને વૈભાવિક શક્તિ કહેવામાં આવે છે. ઉપરાંત આ બન્ને દ્રવ્યોમાં ગતિ અને સ્થિતિ કરવાની શક્તિ છે, જે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયની ઉદાસીન નિમિત્ત કારણતાથી થાય છે. આ બન્ને દ્રવ્યોને અવગાહન કે અવકાશ આકાશદ્રવ્યના નિમિત્ત કારણતાથી થાય છે.

૪. સાંસારિક જીવના આત્મપ્રદેશો શરીરમાં વ્યાપ્ત થયેલા હોય છે (સ્વદેહ પ્રમાણ) અને મન, વચન, કાયાદિની પ્રવૃત્તિ કે પ્રયોગથી આત્મપ્રદેશો પણ કંપાયમાન (પરિસ્પંદન) થાય છે જેને 'યોગ' કહેવામાં આવે છે અને તે જીવદ્રવ્યનો ક્રિયાત્મક વિભાગ અપેક્ષાથી કહી શકાય.

૫. સંજોગોની સાપેક્ષતામાં આત્માની ચેતનાશક્તિના પ્રયોગને ઉપયોગ કહેવામાં આવે છે, જે જીવનું પ્રધાન લક્ષણ છે. એટલે આત્મા સ્વયં જ્યારે પોતાની જ્ઞાન–દર્શનરૂપ શક્તિનો પ્રયોગ નિરાકાર અને જ્ઞાનગુણનો પ્રયોગ સાકાર છે. પરંતુ આવો ઉપયોગ જ્ઞાન–દર્શનગુણ ઉપર કર્મરૂપ આવરણના ક્ષયોપશમ, ક્ષય આદિની તરતમતાના આધારે થાય છે. અથવા જેટલા પ્રમાણમાં આ ગુણો આવરણ રહિત થયા હોય તે મુજબ જોવા-જાણવાદિનું કાર્ય થાય છે. જીવદ્રવ્યનો આ ભાવાત્મક વિભાગ કહેવાય છે.

૬. ચૈતન્યમય જીવની ચેતનામાં કર્તૃત્વ–ભોક્તૃત્વની નિમિત્ત-ભૂત મૂળશક્તિ રહેલી છે અને તે પારિણામિક સ્વભાવ છે, જે આપમેળે કાર્યાન્વિત થયા કરે છે. અસ્તિત્વાદિ માત્રથી.

૭. જીવદ્રવ્યના કોઈપણ ગુણનું પર્યાયો મારફત પરિણમન થાય છે, ત્યારે સઘળા આતમપ્રદેશોનું સહિયારું કે એક સામટું પ્રવર્તન થાય છે. પુદ્ગલ દ્રવ્યના ગુણનું પરિણમન પર્યાયો મારફત દરેક પ્રદેશે અલગ અલગ થાય છે અને તે એક સામટું નથી, જેવું જીવ-દ્રવ્યમાં થાય છે. માટે જીવદ્રવ્યમાં કર્તૃત્વ–ભોક્તૃત્વ શક્તિ છે એવું જ્ઞાનીઓનું કથન છે.

**2 જીવ અને પુદ્ગલદ્રવ્યનું નિમિત્ત-નૈમિત્તક (ઔપાધિક) પ્રવર્તન :**

ઉપરની સૈદ્ધાંતિક હકીકતો ધ્યાનમાં રાખી જીવની વર્તમાન અવસ્થામાં આ બન્ને દ્રવ્યોમાં નિમિત્ત–નૈમિત્તિક વર્તના કેવી રીતે થયા કરે છે તે વિવિધ અપેક્ષાએ જોઈએ.

**(A) જીવાત્મ કે બહિરાત્મદશા :**

રાગદ્વેષ અને અજ્ઞાનવશ જીવ નવાં કર્મબંધ થાય એવા કારણો (જેવાં કે મિથ્યાત્વ, કષાય, યોગ, પ્રમાદ અને અવિરતિ–ભાવાશ્રવ) સેવે છે જેથી તેને રાગાદિ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને શરીરાદિ નોકર્મની પરંપરાનું સર્જન થાય છે. આનાથી જીવ ચારગતિરૂપ ભવભ્રમણ કરે છે.

બીજી રીતે જોઈએ તો જીવાત્માને 'પર' પદાર્થો, સંજોગો, પારિવારિક સંબંધો ઈત્યાદિમાં 'સ્વ'પણાનું આરોપણ થયા કરે છે, જે એક પ્રકારનું કર્તૃત્વ છે. અથવા બહિરાત્મદશામાં સ્થિત જીવને

* *લેવા કરતાં આપવું એ વધારે ઈષ્ટ વસ્તુ છે. આપણી જાતને ભૂલી જવી જોઈએ. બીજાની જરૂરીઆતને પહેલાં મૂકવી જોઈએ. જ્યારે આ સમજાય છે અને અમલમાં મૂકાય છે, ત્યારે મનુષ્ય માટે માનસિક શાંતિનું જે નિર્માણ થયું છે, તે વાસ્તવિક રૂપે પ્રાપ્ત થાય છે.*

'હું અને મારાપણું' 'પર'માં વર્તે છે જેથી તેને કર્મબંધ-કર્મફળની પરંપરા કુદરતી નિયમાનુસાર થયા કરે છે.

જીવાત્મદશામાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કેવી રીતે કાર્યાન્વિત થાય છે તે જોઈએ. જીવાત્માને જ્યારે ઉદયાધીન કરમરૂપ સંજોગો પ્રાપ્ત થાય છે ત્યારે તેની આત્મચેતના ઉપયોગમયી થાય છે. આવી ચેતનામાં અલ્પ માત્રામાં દર્શન અને જ્ઞાનગુણના પ્રગટીકરણમાં જોવા-જાણવાદિ કાર્ય હોવાથી, તેને અજ્ઞાનદશા કે જ્ઞાનગુણના પ્રકાશનમાં રૂકાવટ કર્મરૂપ આવરણોથી થતી હોય છે. આવો અવરોધ દ્રવ્યકર્મોથી થાય છે, જેથી જીવાત્માને રાગાદિ ભાવકર્મો થાય છે. ઉપરાંત ચેતના શક્તિમાં કર્તૃત્વ-ભોકતૃત્વ મૂળભૂત શક્તિનો પણ સંચાર થયા કરે છે. બન્ને નિમિત્તકારણોથી નવાં કર્મબંધનું સર્જન થાય છે. અથવા જીવદ્રવ્યનો આવો સ્રોત કે નિમિત્ત પામી દ્રવ્યકર્મોની ઉપસ્થિતિ નવીન ભાવકર્મમાં પરિણમે છે. માટે જ વ્યવહારદૃષ્ટિએ જીવને ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મનો કર્તા કહેવાય છે. ટૂંકમાં જીવ જ્યારે પોતાના આત્મિક સ્વભાવના ભાનમાં વર્તતો નથી ત્યારે તેને વ્યવહારદૃષ્ટિની અપેક્ષાએ કર્મના પ્રભાવનો નૈમિત્તિક કર્તા કહ્યો છે અથવા કર્મ જ કર્તા કર્મ. બીજી રીતે જોઈએ તો આવી વિભાવદશામાં કર્મ જ નૈમિત્તિક કર્તા થઈ પડે છે, જેનો સ્રોત આત્મદ્રવ્યમાંથી નિમિત્તભૂત થાય છે. પરંતુ આવું કથન વ્યવહારદૃષ્ટિની અપેક્ષાએ ઘટાવી શકાય.

**(B) અંતરઆત્મદશા કે સાધકદશા :**

આત્મદશાનો સાધક એ કે જેને ક્ષાયિક સમકિત વર્તે છે અને જે પોતે દરઅસલપણે કોણ છે અને કોણ નથી તેની નિરંતર પ્રતીતિ વર્તે છે. અથવા જે સાધકને પરમશ્રુતજ્ઞાનરૂપ સુબોધ (ભેદજ્ઞાન) કોઈ પ્રત્યક્ષ (દેહધારી) જ્ઞાનીપુરુષ મારફત વિધવત્ પ્રાપ્ત થયો છે અને તે આત્માનુભવમાં પરિણમે એ હેતુથી આજ્ઞાપાલનાદિના પુરુષાર્થમાં રત રહે છે. આવા સાધકની પ્રજ્ઞાશક્તિ કે અંતરઆત્મદશા જ્ઞાનપ્રકાશ પ્રદાન કરે છે અને તે ચેતનાશક્તિરૂપે કાર્ય કરે છે. આવી ધ્યેયલક્ષી સાધકદશામાં નિમિત્ત-નૈમિત્તિક (ઔપાધિક) કારણ-કાર્યાદિ પરિણામો કેવી રીતે ઘટાવી શકાય તે જોઈએ.

પૂર્વકૃત કર્મોના ઉદયો અથવા સંજોગોની ઉપસ્થિતિમાં સાધક પોતાની ચેતનાશક્તિનો પ્રયોગ (ઉપયોગ) કરે છે. આવા ઉપયોગમાં સાધકનો આત્મિક દર્શન અને જ્ઞાનગુણ કાર્યાન્વિત થઈ જોવા-જાણવાદિનું કાર્ય કરે છે. પરંતુ સાધકનો દર્શન અને જ્ઞાનગુણ અમુક માત્રામાં જ નિરાવરણ થયેલો હોય છે જેની તેના પરિણમનમાં અપૂર્ણતા વર્તે છે. અથવા સાધકનો દર્શન અને જ્ઞાનગુણ અમુક પ્રમાણમાં જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મોથી આચ્છાદિત થયો હોવાથી પરિણામમાં કચાશ વર્તે છે. આવી અપૂર્ણતાની પૂર્તિ થવા માટે સાધક (૧) એક બાજુ પરમશ્રુતજ્ઞાનરૂપ સુબોધનું અવલંબન લે છે (૨) અને બીજી બાજુ આજ્ઞાપાલનાદિરૂપ પુરુષાર્થ (વ્યવહાર ચારિત્ર્યાચાર આંતરબાહ્ય પણે) વર્તાવે છે. ઉપરના બન્ને પુરુષાર્થને અમુક અપેક્ષાએ મુક્તિમાર્ગના કારણોનું સેવન કે કર્તૃત્વ ઘટાવી શકાય કારણ કે તે અવલંબનરૂપ છે અથવા સ્વાધીન નથી. સાધકની આવી વર્તનાના પરિણામમાં તેને શરૂઆતમાં ઉદાસીનવૃત્તિ (સંજોગોમાં) રહે છે. અને જે છેવટે ઉત્તરોત્તર વીતરાગતા કર્મનિર્જરામાં વર્તાવે છે.

ઉપરની જીવ અને પુદ્‌ગલદ્રવ્યોમાં કારણ-મર્યાદિ એકબીજાનું નિમિત્ત પામી નૈમિત્તિક કાર્ય નીપજે છે. તેમાં નિમિત્ત શું ભાગ ભજવે છે તે જોઈએ.

આત્મદ્રવ્યના નિમિત્તભૂત સ્રોતમાં દર્શન અને જ્ઞાનગુણનો ઉપયોગ (જોવા-જાણવાદિનું કાર્ય) અને જેટલા પ્રમાણમાં આ ગુણોનું પ્રગટીકરણ થયું નથી તેની પૂર્તિ માટે નિર્મળ આત્મસ્વરૂપની ભાવનાથી ભાવિત રહેવું એવું અવલંબનરૂપ કર્તૃત્વ હોય છે.

આ પ્રકારનું નિમિત્ત પામી દ્રવ્યકર્મોરૂપ કાર્મણ વર્ગણાના ઉદયમાં ભાવકર્મનું સર્જન ન થાય એ પ્રકારની સાધકની આત્મજાગૃતિ વર્તતી હોવાથી કર્મ નિર્જરા ઘણેભાગે સંવરપૂર્વકની થાય છે. આમ થવાથી આત્મિકગુણો આવરણ રહિત ક્રમશઃ થયા કરે છે. આ થવામાં મુખ્યપણે પ્રજ્ઞાશક્તિ કે અંતરઆત્માનું યોગદાન મહત્ત્વપૂર્ણ હોય છે. આ અપેક્ષાએ એવું કહી શકાય કે શુદ્ધ નિશ્ચયદૃષ્ટિએ અંતરઆત્મા નિર્મળ આત્મિક સ્વભાવનો કર્તા છે.

**ઉપસંહાર :**

(૧) જીવાત્મદશામાં દ્રવ્યકર્મોના ઉદયનું નિમિત્ત પામી ભાવકર્મોનું સર્જન થાય છે, જેમાં જીવની ચેતનાશક્તિનો કર્તૃત્વ-ભોક્તૃત્વ પારિણામિક સ્વભાવનો સ્રોત વહે છે.

(૨) અંતર આત્મદશામાં દ્રવ્યકર્મોના ઉદયનું નિમિત્ત પામી સાધક નવીન ભાવ કર્મો ન સર્જાય તેવા પુરુષાર્થમાં રત રહે છે, જેથી જ્ઞાનાદિ ગુણો નિરાવરણ થયા કરે છે. આવો પુરુષાર્થ, ચેતના-શક્તિમાં કર્તૃત્વ-ભોક્તૃત્વ શક્તિ છે તેનું મુખ્ય યોગદાન છે.

(૩) ઉપરની બન્ને દશામાં છેવટે આત્મદ્રવ્ય અને પુદ્‌ગલ દ્રવ્ય પોતપોતાના સ્વભાવમાં જ પરિણમે છે, જો કે બન્ને દ્રવ્યોમાં વૈભાવિક શક્તિ રહેલી છે.

✷✷✷

'સૌરભ', ૫૬૩, આનંદવન સોસાયટી, બી/એચ, નવયુગ સ્કૂલ, ન્યુ સામા રોડ, વડોદરા-૩૯૦૦૦૨. (ગુજરાત). ફોન : ૦૨૬૫-૨૭૯૫૪૩૯.

**ભૂલ સુધાર**

૧૬ એપ્રિલ, ૨૦૦૯માં 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં પ્રગટ થયેલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ૨૦૦૮/૨૦૦૯ માટેની કાર્યવાહક સમિતિમાં નિમંત્રિત સભ્ય તરીકે શ્રી પ્રકાશભાઈ જીવનચંદ જવેરીનું નામ સરતચૂકથી છપાયું છે, એના બદલે શ્રી પ્રકાશભાઈ જીવનચંદ કોઠારી નામ સુધારીને વાંચવું. થયેલ ક્ષતિ બદલે ક્ષમા.

# જ્ઞાનસત્ર : અધ્યાત્મ રસમાં તરબોળ થવાનો ઉત્સવ

❑ ગુણવંત બરવાળિયા

અર્હમ સ્પીરીચ્યુઅલ સેંટર સંચાલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેંટર આયોજિત જૈન સાહિત્ય જ્ઞાનસાત્ર-૫ તા. ૨૧ અને ૨૨ માર્ચ ૨૦૦૯ના મહારાષ્ટ્રના મુંબઈ નજીક ચીંચણી મુકામે સંપન્ન થયું.

આચાર્યશ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજ સાહેબના મંગલાચરણથી કાર્યક્રમની શરૂઆત થઈ. પૂજ્યશ્રીએ મંગલ પ્રવચનમાં શ્રુતજ્ઞાનની ઊંડાણપૂર્વકની આરાધના કરવાનું તથા વૈવિધ્યસભર મહાન ઉપકારક જૈન સાહિત્યની સંશોધન-સંપાદન અને લેખનની પ્રવૃત્તિને વિકસાવવાની અને શ્રમણ સંસ્કૃતિના ભવ્ય વારસાને લોકો સુધી પહોંચાડવા માટે સક્રિય બની રહેવાની પ્રેરણા આપી હતી.

જ્ઞાનસત્રના ઉદ્દ્ઘાટક શ્રેષ્ઠીવર્ય શ્રી ચમનલાલ વોરાએ જ્ઞાનસત્રનો શુભારંભ જાહેર કરી ભગવાન મહાવીરની વાણી પ્રગટ કરવા માટે પધારેલા વિદ્વાનોને પુરુષાર્થ કરવા વિનંતી કરી હતી.

જ્ઞાનસત્રના સંયોજક ટ્રસ્ટી ગુણવંતભાઈ બરવાળિયાએ સ્વાગત પ્રવચનમાં બધાને ખૂબ જ ઉમંગથી આવકાર્યા હતા. ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિ હોવાથી આ જ્ઞાનસત્રને તેમણે સમકિતનું આનંદપર્વ ગણાવી આમંત્રિત વિદ્વાનોના સુભગ મિલનને સહચિંતનની યાદગાર ધન્ય પ્રવૃત્તિ કહી હતી. મુનિશ્રી સંતબાલજીએ જ્યાં સાધના કરી હતી એવા પ્રાકૃતિક, રમ્ય પવિત્ર વાઈબ્રેશન્સથી સભર વાતાવરણમાં આ જ્ઞાનસત્રને અધ્યાત્મ રસમાં તરબોળ થવાની મોસમ ગણાવી હતી ને આચાર્યશ્રી પ્રદ્યુમ્નસુરિ મ.સા. તથા અજરામર સંપ્રદાયના મૌન તપસ્વી પૂ. ભાસ્કરજી સ્વામીની અભિવંદના કરી હતી.

શાસન અરુણોદય પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ તથા અધ્યાત્યોગિની પૂ. બાપજીના સુશિષ્યા પૂ. ડૉ. તરુલતાબાઈ મ.સ.જીના આશિર્વચન સંદેશાનું વાચંન યોગેશભાઈ બાવીશીએ કરેલ હતું.

પ્રમુખસ્થાનેથી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દર્શાવ્યું કે આ જ્ઞાનસત્ર જ્ઞાનયજ્ઞ છે. ધર્મ સાથે કર્મને જોડનાર આ તપોભૂમિ છે. જ્ઞાનના સાગરમાંથી ઉત્તમ જીવનમૂલ્યો પ્રગટ કરવા માટેનો પુરુષાર્થ કરવાનો વિદ્વાનોને અનુરોધ કર્યો હતો. ઉદ્દ્ઘાટન પ્રવચનમાં તેઓએ 'વીરચંદ રાઘવજી ગાંધીનું જીવન અને કર્તૃત્વ' વિશે મનનીય વક્તવ્ય આપ્યું હતું.

જ્ઞાનસત્ર-૪ના નિબંધોનું ગુણવંત બરવાળિયા સંપાદિત 'જ્ઞાનધારા-૪'નું વિમોચન શ્રેષ્ઠીવર્ય શ્રી અનિલભાઈ સુતરીયાએ કર્યું હતું અને વિદ્વાનોની સભામાં ઉપસ્થિત રહેવાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

પ્રથમ બેઠકનો પ્રથમ વિભાગ ડૉ. કોકિલાબહેન શાહના અધ્યક્ષ સ્થાને અને દ્વિતીય વિભાગ કલાબેન શાહની અધ્યક્ષતામાં યોજાયો.

ડૉ. સુધાબહેન પંડ્યા (વડોદરા)એ નિર્ભિક જૈન ચિંતક વા. મો. શાહ, કાંતિભાઈ બી. શાહ (અમદાવાદ)એ મોહનલાલ દલીચંદ દેસાઈનું જૈન સાહિત્ય, ડૉ. કલાબેન શાહે અમૃતલાલ કાલીદાસ દોશીની જૈન સાહિત્ય સેવા, ડૉ. અભય દોશીએ પૂ. પુણ્યવિજયજી મ.સા.નું જૈન સાહિત્ય, ડૉ. રેખાબહેન વોરાએ આચાર્ય માનતુંગસુરિ, ડૉ. છાયાબહેન શાહ-અમદાવાદએ પ્રભુદાસ પારેખનું જીવન અને કાર્ય, ડૉ. રેણુકાબહેન પોરવાલે 'બહુમુખી પ્રતિભાવંત ભીમજી હરજીવન સુશીલ', ડૉ. પ્રફુલ રાવળ-અમદાવાદે 'જયભિખ્ખુનું જીવન કવન', સેજલબેન શાહ-મુંબઈએ 'ભોગીલાલ સાંડેસારાનું સંપાદન કાર્ય', શ્રીમતી જયશ્રીબેન દોશી-મુંબઈએ પંડિત હીરાલાલ દુગ્ગડની સાહિત્ય યાત્રા, ડૉ. જવાહર શાહ-અમદાવાદએ 'શુભ વીર વિજયજીનું પૂજા સાહિત્ય', કુ. તરલાબેન દોશીએ ધર્મક્રાંતિવીર લોંકાશાહ, પ્રવિણભાઈ શાહ-અમદાવાદે શાસન પ્રભાવક આચાર્ય નેમિસુરી મ.સા.ના જીવન કવન વિશે નિબંધો પ્રસ્તુત કર્યા હતા.

જ્ઞાનસત્રના પ્રમુખસ્થાનેથી ડૉ. કુમારપાળ દેસાઈએ વિદ્વાનોને વૈવિધ્યસભર અભ્યાસપૂર્ણ નિબંધો પ્રસ્તુત કરવા બદલ અભિનંદન આપ્યા હતા. તેમણે સુશીલના સાહિત્ય, ખારવેલના શિલાલેખો, અષ્ટાપદ તીર્થ અંગે સંશોધન વિશે અને જયભિખ્ખુના જીવનના પ્રસંગો રસમય શૈલીમાં પ્રસ્તુત કર્યા હતા.

'વર્તમાન જીવનમાં જૈન મૂલ્યોની આવશ્યકતા' વિષયની બેઠક કલકત્તાથી પધારેલ શ્રી હર્ષદભાઈ દોશીના અધ્યક્ષસ્થાને શરૂ થઈ હતી.

પૂર્વભૂમિકામાં હર્ષદભાઈએ વિષય અંગે પોતાના વિચારો જણાવ્યા હતા.

બીનાબહેન ગાંધી, ડૉ. ઉત્પલાબેન મોદી, રમેશભાઈ ગાંધી અને ડૉ. કવિન શાહ (બીલીમોરા)એ નિબંધો પ્રસ્તુત કર્યા હતા. રાત્રિ બેઠકમાં આશ્રમવાસીઓ સાથે તમામ વિદ્વાનો સર્વધર્મ પ્રાર્થનામાં જોડાયા હતા.

સંયોજક ગુણવંત બરવાળિયાએ સંતબાલજીની ગદ્ય પ્રાર્થનાનું પઠન કર્યું હતું. સૌએ તેના શબ્દો ઝીલ્યા હતા. પાંત્રીશ વર્ષ પહેલા મુનિશ્રીએ લખેલા આ શબ્દો સાંપ્રત પરિસ્થિતિમાં પણ હંમેશની પ્રાર્થનામાં સ્થાન આપવા જેવા છે તેમ કહી આ પ્રાર્થનાનું રસદર્શન કર્યું હતું.

'અહિંસાની પ્રભાવકતા' બેઠકનું અધ્યક્ષસ્થાન ડૉ. ધનવંતભાઈ શાહે સંભાળ્યું હતું.

વિદ્વાનોનો પરિચય આપવા સાથે તેમણે જૈનધર્મની અહિંસાની વર્તમાન વિશ્વની સમસ્યાના ઉકેલમાં કેટલી ઉપયોગીતા છે તેની વાત સુપેરે સમજાવી હતી. ડૉ. નલિનીબેન શાહ અને ડૉ. વર્ષાબેન શાહે આ વિષયના નિબંધો પ્રસ્તુત કર્યા હતા.

ડૉ. રસિકભાઈ મહેતાએ લોકસાહિત્યની રસલ્હાણમાં સીમંત, પુત્રજન્મ, લગ્નથી માંડીને મૃત્યુ સુધીના પ્રસંગોની લોકસાહિત્યની કૃતિઓ બુલંદ અવાજે વિશિષ્ટ શૈલીથી રજૂ કરી વાતાવરણને હળવું

અને પ્રસન્ન બનાવી દીધું હતું.

'સાંપ્રત આર્થિક મંદીની સમસ્યામાં જૈનધર્મની વાણિજ્ય દૃષ્ટિનું મહત્ત્વ' વિષયની બેઠક ડૉ. કાંતિભાઈ શાહ (અમદાવાદ)ની અધ્યક્ષતામાં યોજાઈ. શ્રી યોગેશભાઈ બાવીશી, શ્રી પ્રવીણભાઈ શાહ, નીતિબહેન ચુડગર અને શ્રી કે. આર. શાહે નિબંધો પ્રસ્તુત કર્યા હતા.

પર્યાવરણની સમસ્યાના ઉકેલમાં જૈનધર્મનું યોગદાન વિષયની બેઠકનું અધ્યક્ષસ્થાન ડૉ. અભય દોશીએ સંભાળેલ, જેમાં ડૉ. કોકિલાબેન શાહ, પારુલબેન ગાંધી (રાજકોટ), શ્રી હિંમતભાઈ શાહ, ડૉ. રમણીકભાઈ પારેખ–અમદાવાદ, શ્રીમતી રતનબેન છાડવા અને શ્રીમતી ડૉ. ધનવંતીબેન મોદીએ નિબંધો પ્રસ્તુત કર્યા હતા. ગુણવંત બરવાળિયા સંપાદિત પૂ જયંતમુનિ કૃત અરિહંત વંદનાવલીના વિવેચનોના ગ્રંથનું વિમોચન શ્રી સી. ડી. મહેતા તથા વાત્સલ્યનું અમીઝરણું ગ્રંથનું વિમોચન શ્રી ધનસુખભાઈ બાવીશીના હસ્તે કરવામાં આવેલ.

મહાત્મા ગાંધીજી, આચાર્ય વિનોબા ભાવે અને મુનિ સંતબાલજીના સર્વધર્મ સમભાવથી સર્વધર્મ ઉપાસના વિશેના વિચારોની બેઠક ડૉ. રસિકભાઈ મહેતાની અધ્યક્ષતામાં મળી જેમાં ડૉ. ગીતાબેન મહેતા, રશ્મિબેન (તરુ રિમ), શ્રી હર્ષદ મહેતા તથા કિશોરભાઈ બાટવીયા (ભાવનગર)એ નિબંધો પ્રસ્તુત કર્યા હતા.

જ્ઞાનસત્રના પ્રમુખસ્થાનેથી પ્રત્યેક વિષયોનું ઊંડાણપૂર્વકનું સંપાદન ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું હતું.

ગુણવંતભાઈ બરવાળિયાએ વિદ્વાનો, સહકાર્યકરો, પૂ. સંતોનો અને મહાવીર નગર સંસ્થાનો આભાર માન્યો હતો.

જ્ઞાનસત્રના બન્ને દિવસ સાત્ત્વિક ચિંતનની આબોહવા સર્જાઈ હતી. વિશેષ ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. ધનવંત શાહ અને ડૉ. અભય દોશીએ પ્રત્યેક બેઠકમાં ઉપસ્થિત રહી દરેકમાં ઉત્સાહ પ્રેર્યો હતો.

યોગેશભાઈ બાવીશીએ કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. તમામ વિદ્વાનોનું મહાનુભાવોના હાથે સારસ્વત સન્માન કરવામાં આવેલ હતું.

પૂ. પ્રદ્યુમ્નસુરિ મ. સાહેબે બોધપ્રેરક સમાપન પ્રવચન કર્યું હતું.

વિદ્વાનોને રહેવા-જમવાની ઉત્તમ વ્યવસ્થા, હૉલ, સ્ટેજ, સાઉન્ડ, વિડીયો વિગેરેની સુંદર વ્યવસ્થા માટે શ્રી યોગેશભાઈ બાવીશી, શ્રી પ્રદીપભાઈ શાહ, શ્રી પ્રકાશભાઈ શાહ અને શ્રી સુરેશભાઈ પંચમીયાએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. ✱✱✱

## પંથ પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ટ છેલ્લાનું ચાલુ)

જાળવતા. કૌમાર્ય અવસ્થામાં ઝાડ પરથી પડી જવાથી દેમૂમા નાનપણથી એક પગે કાયમના માટે લંગડા બની ગયા હતા. આ ખોડના કારણે એમના લગ્ન મોટી ઉંમરના, આગળના લગ્નથી સંતાનો ધરાવતા આધેડ વયના બીજવર સાથે થયા. પરિણામ સ્વરૂપ દેમૂમાનું લગ્ન જીવન ટૂંકા ગાળામાં સમાપ્ત થઈ ગયું હતું.

દેમૂમા પછી લગભગ અઢાર વર્ષે એ જ ઘરમાં પુત્રવધૂ તરીકે પ્રવેશેલા દેવકાબાઈ માટે જીવનની વિષમતાઓ દેમૂમા કરતા જરીકે ઓછી નહોતી. દેવકાબાઈના પતિ એક પ્રમાણિક અને મર્યાદિત આવક સ્વેચ્છાએ સ્વીકારી, સંતોષી જીવન જીવનારા ઉમદા જીવ હતા. ચાર પુત્ર અને એક પુત્રીના પરિવારવાળા દેવકાબેન વર્ષો સુધી ઓરમાન સાસુ સાથે કચ્છના ગામડાના નાનકડા ઘરમાં રહ્યા. પુત્રોને એસ.એસ.સી. સુધીનો અભ્યાસ ગામડાની હાઈસ્કૂલમાં પૂર્ણ કરાવી એમને કામધંધા અર્થે મુંબઈ મોકલી આપ્યા. ધીરે ધીરે પુત્રો ધંધામાં સ્થિર થઈ સંપન્ન થયા ત્યારે દેવકાબાઈના જીવનમાં રોનક આવી.

જીવનની વિષમતાઓએ દેમૂમાના સ્વભાવમાં કડકાઈ અને થોડા પ્રમાણમાં જીદ આણી હતી, જ્યારે આનાથી ઉલટ દેવકાબાઈ સહનશીલ,નમ્ર અને ધર્મપરાયણ બન્યા હતા. દેમૂમા પોતાના સાવકા સાસુ હોવા છતાં દેવકાબાઈએ એ કારણે સાસુની સેવામાં કોઈ ઓછપ આવવા દીધી નહીં. દેવકાબાઈના બધા પુત્રો પરણી જતા એક સૂચન એવું આવ્યું કે દેમૂમા હવેથી એમના સગા દીકરા ભેગા રહે. દેમૂમાને એ માન્ય ન હતું. અને એમણે દેવકાબાઈ સાથે જ રહેવાનું પસંદ કર્યું. દેવકાબાઈએ આ નિર્ણયનો સ્વેચ્છાએ સ્વીકાર કર્યો.

એક રાતે ગરમીના ઉકળાટને કારણે હું ઘરમાં આંટા મારી રહ્યો હતો ત્યારે રાતના નવેક વાગ્યાના સુમારે મેં દેવકાબેનને સૂવા પૂર્વે એમના ઘરના બધા બારી બારણા બંધ કરતા દીઠા. આ જોઈને મેં એમને પ્રશ્ન કર્યો કે, 'તમે બારીઓ બંધ કરી રહ્યા છો. તમને ગરમી નથી થતી?' જવાબમાં એમણે કહ્યું કે, 'ગરમી તો ઘણી થાય છે પણ દેમૂમાને બારીઓ ખુલી હોય તો સતત ભય હોય છે કે ઘરમાં કોઈક ઘૂસી આવશે અને અમને મારી નાંખશે અને એના કારણે બારીઓ ખુલી રહેવા દેતા નથી. એમની ઈચ્છા વિરૂદ્ધ મારાથી બારીઓ ખુલ્લી રાખી ન શકાય.' પોતે પણ ચાર પુત્રવધૂઓના સાસુ બની ગયેલા દેવકાબાઈનું આજ્ઞા પાલન અને સાસુ પ્રત્યેનો આદરભાવ આશ્ચર્ય પમાડે એટલી ઉચ્ચ કક્ષાનો હતો. સવારમાં વહેલા ઊઠી દેવકાબાઈનું પહેલું કામ દેમૂમાને 'બેડ ટી' પથારીમાં ચહા આપવાનું. ત્યાર પછી પ્રાતઃ કર્મ પતાવી એમને ફરી એક કપ ચહા અને અનુકૂળ આવે એવો ગરમ નાસ્તો આપે. બપોરના અઢી વાગ્યાની અને રાત્રે સૂતી વખતે મળી આખા દિવસમાં ચાર–પાંચ વખત ચહા બનાવી આપે. આટલી બધી સગવડ સાચવવા છતાં દેમૂમા જરાક વાંકુ પડતા દેવકાબાઈ સંબંધીનો પોતાનો ઉકળાટ ગરમ ભાષામાં ઠાલવી દે. સામે પક્ષે દેવકાબાઈની જાણમાં આ બધું આવે; છતાં મનમાં કશું ઓછું ન આણતાં સમર્પિત ભાવે દેમૂમાની સેવા કરવાનું ચાલુ રાખે. સર્વ માટે પરમ ઉપકારી સંયુક્ત કુટુંબ પ્રથાને દેવકાબાઈ જેવા સમર્પિત આત્માઓએ જીવીત રાખી છે ✱✱✱

૪૦૯, હિંદ રાજસ્થાન બિલ્ડીંગ, દાદા સાહેબ ફાળકે રોડ, દાદર (પૂર્વ), મુંબઈ–૪૦૦ ૦૧૪.
ફોન નં. : ૨૪૧૦૪૨૨૨.

# જયભિખ્ખુ જીવનધારા : ૬

❑ ડૉ. કુમારપાળ દેસાઈ

*[ગુજરાતી સાહિત્યમાં નવલકથા, નવલિકા, ચરિત્ર, બાલસાહિત્ય જેવા સ્વરૂપોમાં મૂલ્યવાન પ્રદાન કરનાર સર્જક જયભિખ્ખુના જન્મશતાબ્દીના વર્ષમાં એમનું જીવનચરિત્ર અહીં પ્રસ્તુત કરીએ છીએ.. પ્રત્યેક સર્જકના ચિત્તમાં એનું બાળપણ સૌથી વધુ જડાઈ જતું હોય છે. એમના બાળપણના પ્રસંગો આલેખતું એમની જીવનકથાનું છઠ્ઠું પ્રકરણ. ]*

## મહાન દેવતાની પધરામણી

વ્યક્તિમાં બાળપણની સમગ્ર સૃષ્ટિનું કેન્દ્ર એની નિશાળ હોય છે. બાલ્યાવસ્થામાં ચિત્તમાં નિશાળનું સ્મરણ એવું જડાઈ જાય છે કે ગમે તેટલી મોટી વયે પણ પોતાની નિશાળની છબી માનસચક્ષુથી તાદૃશ કરી શકે છે. આ નિશાળ એને મિત્રો, ગુરુજનો અને જીવનનો રાહ આપે છે. વરસોડાની નિશાળ ભીખાલાલ (જયભિખ્ખુનું હુલામણું નામ)ના ચિત્તમાં એના રમણીય પ્રાકૃતિક વાતાવરણને કારણે સદાકાળ માટે વસી ગઈ. આમેય દૂધે ભરેલી રૂપાળી સાબરમતી નદીના કિનારાની ઊંચી ભેખડ પર વસેલું વરસોડા ગામ ભીખાલાલના મનમાં છવાઈ ગયું હતું. માનવીની માયા ઝંખનારા બાળકને આ ભૂમિની ગોદ વધુ વહાલસોયી લાગી. ગામનો કૂવો, ધર્મશાળા, સ્ટેશન એ સઘળાં એની બાળસૃષ્ટિના રમણીય સ્થળો બની ગયા. અહીં ફરતી વખતે એના અંતરમાં એવો મીઠો આનંદ થતો કે મન આનાથી ધરાતું નહીં, બલ્કે વારંવાર એ જગાએ રખડવા માટે પ્રેરતું હતું. હવે સ્વજનોની ખોટ એને સાલતી નહોતી, કારણ કે ગામનું પાદર, નિશાળ, પાંજરાપોળ અને સાબરમતી નદીના કોતરો એના પ્રિય સ્થાનો બની ગયાં હતાં.

વરસોડાની ભૂમિને ચાહનાર ભીખાલાલને મિત્રો કે શિક્ષકો કરતાં વધુ આકર્ષણ નિશાળની આસપાસની સૃષ્ટિએ જગાવ્યું. નિશાળના આંગણામાં નાનો એવો ફૂલબાગ હતો. ગુલાબ, મોગરો અને જાસૂદના ફૂલછોડ ઊગ્યા હતા. નિશાળના થાંભલા પર ચડીને વીંટળાયેલી જાઈ-જૂઈની વેલીઓ આ નિશાળિયાની આંખમાં અનેરી ચમક જગાવતી હતી. એના રળિયામણા આંગણામાં અને એના છાપરા પર મોર આખો દિવસ મીઠા ટહુકા કરતો રહેતો.

એની એક તરફ પારસગુંદી ઊગી હતી. નિશાળના આંગણામાં આવેલો ઘેઘૂર વડલો ભીખાલાલને સૌથી પ્રિય. એ ઘેઘૂર વડલો બળબળતા ઉનાળે મીઠો છાંયડો આપતો હતો અને છોકરાઓ નિશાળની રિસેસમાં એની નીચે પીપળી-દાવ રમીને વાતાવરણને ગજવી દેતા હતા. નિશાળના છાપરા પર વિલાયતી નળિયાં જોઈને નિશાળિયા ભીખાલાલને ભારે આશ્ચર્ય થયું હતું. કારણ એટલું જ કે છાપરા પર આવાં વિલાયતી નળિયા એણે પહેલી વાર જોયાં અને તે પણ પોતાની નિશાળ પર. આથી જીવનમાં ક્યારેય નિશાળની ગૌરવગાથાનો વિચાર કરતા ત્યારે એમને એના વિલાયતી નળિયા યાદ આવતાં હતાં. નિશાળિયા ભીખાલાલને સૌથી વધુ રોમાંચ તો બાજુમાં આવેલી નાની ધર્મશાળામાં લટાર લગાવે ત્યારે થતો. દુનિયા કેવી વૈવિધ્યમય છે અને એમાં કેવા ભાતભાતના લોક વસે છે, એને એ જિજ્ઞાસાભરી આંખે જોઈ રહેતો. આ ધર્મશાળાના આંગણામાં દૂર દૂરથી આવતા બાવાઓ ધૂણી ધખાવીને બેઠા હોય. કોઈ આડે પડખે લંબાવીને પડ્યા હોય તો કોઈ પગ પર પગ વાળીને ચલમ ફૂંકતા હોય.

ધર્મશાળાના આંગણામાં આવેલા પીંપળા અને નાની મજાની લીંબડી પાસે ફાટેલાં-તૂટેલાં વસ્ત્રોવાળાં ગરીબ બાળકો ફરતાં હોય. બાજુમાં ગુલાબી કરેણના ચારેક સરસ છોડ આંખોને આકર્ષતા હતા. આ ધર્મશાળાની પરસાળમાં બાજુના ગામોમાંથી અનાજ લેવા-વેચવા આવેલા ખેડૂતો રાતવાસો કરતા હતા.

નિશાળિયા ભીખાલાલના આકર્ષણનું કેન્દ્ર તો ધર્મશાળાની ચાર ઓરડીઓ હતી. ગામના માનવંતા મહેમાનોને અહીં ઉતારો અપાતો હતો. રાજના સલાટ આવે તો પોતાના કાફલા સાથે અહીં ઊતર્યા હોય. ગામમાં રામલીલાની મંડળી આવી હોય, ત્યારે એનો માલિક દિવસે અહીં આરામ ફરમાવતો હોય અને એની ચારે બાજુ રામલીલાવાળા દોડધામ કરતા હોય. કોઈ જમવાનું લાવતા હોય, તો કોઈ રાજા-રાણીનો ડ્રેસ સીવતા હોય.

કોઈક વાર દરબારગઢના ગોઠવાયેલા જલસા માટે આવેલી સોનપરી કે ફૂલપરી જેવી ગાનારીઓ અહીં દબદબાભેર ઊતરી હોય. એ પચરંગી હીર-ચીર ઓઢતી, પાન ચાવતી, હોકા પીતી, પાર વગરનું અત્તર વાપરતી. નિશાળિયા ભીખાલાલે 'અરેબિયન નાઈટ્સ'ની વાર્તાઓ વાંચી હતી. એ વાર્તાઓમાં હૂરના વર્ણનો આવતાં. આ ગાનારીઓને જોતાં જાણે એ હૂર પોતાના ગામમાં જીવતીજાગતી ઊતરી આવી હોય તેવું લાગતું!

આ નાનકડી ધર્મશાળા મોટી સૃષ્ટિને સમાવતી હતી. એમાં રોજ નવા નવા લોકો આવે અને નવાં નવાં દૃશ્યો જોવા મળે. નિશાળિયા ભીખાલાલને તો ભારે મજા પડવા લાગી. ઘરની દીવાલોમાં જીવનારને દુનિયા આખીની જાણકારી ધર્મશાળામાંથી મળવા લાગી. ભૂમિના પ્રેમમાં ડૂબેલા અને બાળકની મુગ્ધ આંખે કુદરતને પીતા નિશાળિયા ભીખાલાલને સાબરના કોતરોમાં ઘૂમતી વખતે નવીન સૃષ્ટિનો અનુભવ થતો. આ કોતરોમાં આવેલા જુદાં જુદાં સ્થાનોનું એને અતિ વળગણ હતું. એની કથાઓ એના મનમાં ઘૂમતી રહેતી. ક્યારેક એકલો-અટૂલો હૃદયમાં ભયની કંપારી વછૂટતી હોય, તેમ છતાં આ કોતરોમાં એ ઘૂમ્યા કરતો. કોતરોનું આકર્ષણ એવું કે મન સતત એમાં ઘૂમવા માટે આતુર રહેતું.

કોતરો પર જવાના રસ્તે પીલુડી, ગુંદી અને ચણીબોરના ઝુંડ

પડ્યાં હોય. પહોળા પટમાં સાબરમતી વિસ્તરેલી હોય. મગફળીના ખેતરો અને ચીભડાના વાડા પથરાયેલા હોય. રસ્તો એવો રળિયામણો કે આ રસ્તેથી બીજે ગામ જતાં કદી થાક ન લાગે. માત્ર એટલું જ કે કેટલાંક કોતરમાં જતાં થોડી બીક લાગતી.

ગામમાં સાપ નીકળે ત્યારે મહાજનનું જોર એટલું કે કોઈ એને મારી શકે નહીં, એટલે એને સાણસામાં પકડીને ગામના ભડવીરો સાથે છોકરાંઓનું ટોળું થોડે દૂરના કોતરમાં મૂકી આવતાં. આવા કોતરમાં જવાને બદલે નિશાળિયો ભીખાલાલ બીજો રસ્તો પસંદ કરતો.

એક વાર નિશાળિયા ભીખાલાલને એક મિત્ર મળ્યો. ગિરજા જોશી એનું નામ. એણે ભીખાલાલને કહ્યું, 'તારે રામલીલા જોવા આવવું છે?'

'ક્યાં છે?' રામલીલાનું નામ સાંભળતાં નિશાળિયાનું મન નાચી ઊઠ્યું.

'અંબોડ ગામમાં.'

બે ગોઠિયા વાતો કરતા હતા ત્યાંથી અંબોડ ગામ બે ગાઉ દૂર હતું, પણ સૂર્યનારાયણ ધીરે ધીરે અસ્તાચળ પર જઈ રહ્યા હતા. આ અંબોડ ગામ જવાના બે રસ્તા હતા. લાંબા રસ્તે જાય તો તો રાત પડી જાય અને અડધી રામલીલા પૂરી થઈ ગઈ હોય. વળી રસ્તો એટલો લાંબો કે અર્ધા રસ્તા સુધી ચાલતાં તો સાવ થાકી જવાય. જે ટૂંકો રસ્તો હતો તે એવા કોતરમાંથી જતો હતો કે જ્યાં સાપ પકડીને છોડી દેવાતા હતા. આમ, લાંબે રસ્તે જવું શક્ય નહોતું અને ટૂંકા રસ્તે ભય હતો. કરવું શું? વળી ઘેર જાણ પણ કરવી પડે. પગમાં જોડાં નહોતા એટલે પહેરવાં પડે અને એથીય વધુ રામલીલાની આરતીમાં નાખવા માટે પાઈ કે પૈસો પણ આંટીએ ચડાવી લેવો પડે.

રામલીલાની મજા જ એ કે રાય અને રંક સહુ સાથે જુએ. પહેલાં પૈસા પછી ખેલ એવું નહીં, પરંતુ ખેલ ગમે તો કોઈ રામલીલા-વાળાઓને જમાડે, દક્ષિણા આપે અને વસ્ત્ર–પાત્ર પણ આપે. વળી આવું કરી ન શકે એ આરતીમાં પાઈ–પૈસો નાખે. કોઈ નાંખે કે ન નાંખે એનીય રામલીલાવાળા ફિકર કરે નહીં. નાખે તોય વાહવાહ અને ન નાખે તોય વાહવાહ. રામલીલા જોવા માટે ભીખાલાલને અપરંપાર મુશ્કેલીઓનો ઉકેલ શોધવો પડે તેમ હતું. એક તો ઘેર જવું, જમવું અને પછી રામલીલા જોવા માટે રજા માગવી અને એની આરતીમાં નાખવા માટે પૈસો માગવો. આ બધા કોઠા ભેદતાં ઘણો સમય થઈ જાય. આવી કપરી પળોમાં મદદ કરે તે મિત્ર. ગિરજો જોશી મૂંઝાયેલા મિત્રની વહારે આવ્યો.

એણે કહ્યું, 'જો, ઘેર જઈને આ બધી માથાકૂટ કરવાની કશી જરૂર નથી. મારા જોડાં તને આપી દઈશ અને નાસ્તો મારા ગજવામાં તૈયાર છે.' આમ કહીને ગિરજાએ તાજા પાડેલા આંબલીના કાતરા, મરચાં–મીઠાંનું પડીકું અને ગફુર વહોરાની દુકાનના શેકેલા દાળિયા કાઢ્યા. ગફુર વહોરાની દુકાનના બોર જેવા મોટા શેકેલા દાળિયાની મીઠાશ જુદી અને એમાંથી મળતી તાકાતની તો શી વાત થાય?

બે ગોઠિયાઓએ સાબરમતીનાં કોતરોમાં જ આસન જમાવીને વાળુ (સાંજનું ભોજન) શરૂ કર્યું. મોંમાં દાળિયા ફાકતા ગિરજાએ કહ્યું, 'જો, તારે ઘેર જાણ કરવાની પણ જરૂર નથી. હું તારા ઘેર થઈને આવ્યો છું અને કહેતો આવ્યો છું કે રાત્રે લેશન કરવા બેસવાના છીએ. મોડું થશે તો તું મારે ત્યાં સૂઈ રહીશ, એમ કહ્યું.'

નિશાળિયો ભીખાલાલ તો પોતાના વર્ગના આ વિદ્યાર્થીની અગમબુદ્ધિ પર વારી ગયો. એણે અગમબુદ્ધિ વાણિયાની વાત સાંભળી હતી. પણ થયું કે આ ગિરજો બ્રાહ્મણ તો ભલભલા વાણિયાને આંટે એવો છે. વળી ભીખાલાલનું મન વિચારે ચડ્યું કે ગમે તેમ તોય ગિરજો મારાથી એક વર્ષ નાનો છે, હું મોટો કહેવાઉં. આથી ભીખાલાલે જરા મુરબ્બીવટ દાખવતાં કહ્યું, 'અરે, તું તો જુઠ્ઠું બોલ્યો કહેવાય! તને ભારે પાપ લાગ્યું!'

ગિરજા પાસે જવાબ તૈયાર હતો. એણે કહ્યું, 'આ પાપ સામે ભગવાન પાસે મેં ક્યારનુંય પુણ્ય જમા કરાવી દીધું છે. પરમ દિવસે એક ડાઘિયા કૂતરાએ ખિસકોલીને મોંમાં પકડી. બધા એને જોઈ રહ્યા, ત્યારે એ ડાઘિયા કૂતરાના જમના મુખ જેવા ડાચાને પકડીને મેં ખિસકોલીને બચાવી હતી. હવે કહે, હું જુઠ્ઠું બોલ્યો એનું પાપ મારા ઉધાર ખાતે લખાશે તો ખિસકોલીનો જીવ બચાવ્યો એનું પુણ્ય પણ ભગવાન જમે કરશે ને! તું જ કહે, આ જમા–ઉધારમાં કયું પલ્લું નીચું નમશે?'

નિશાળિયો ભીખાલાલ નિરુત્તર થઈ ગયો. વાળુ પતી ગયું. સામે સૂરજ ધીરે ધીરે ઢળી રહ્યો હતો. રામજી મંદિરના શંખના સ્વર સંભળાતા હતા. ગામ પર અંધારપટ બિછાતો જતો હતો, ત્યારે ગિરજાએ કહ્યું, 'લે, આ જોડાં પહેરી લે.'

'ના, નથી પહેરવાં. તું પહેરી રાખ.'

'ના ભાઈ ના, એ તો હવે તારે જ પહેરવાનાં. કોણ કોને લઈ જાય છે? મારા કહેવાથી તું આવે છે. હું તને લઈ જાઉં છું. માટે મારે તને જાળવવો જોઈએ.'

'એ વાત સાચી. પણ આ કેમ બને? હું તારાથી મોટો ખરો ને! તું ઉઘાડા પગે ચાલે ને હું જોડાં પહેરીને ચાલું તે સારું લાગે!'

બે મિત્રો વચ્ચે ખૂબ રકઝક થઈ. ભરત રામને ગાદી પર બેસવાનું કહે અને રામ ભરતને કહે એવો સવાલ ઊભો થયો. પોતાનાથી નાનો ગિરજો ખુલ્લા પગે રહે અને પોતે જોડાં પહેરે તે નિશાળિયા ભીખાલાલને ગમતું નહોતું. ગિરજો એમ માનતો કે ભીખાલાલે મારું વેણ રાખ્યું તો એની રાખ–રખાપત મારે કરવી જોઈએ. આખરે જોડાં હાથમાં રાખી બંને મિત્રોએ હાથના આંકડા ભીડ્યા અને આગળ વધવા લાગ્યા.

ગિરજાએ કહ્યું, 'દોસ્ત, બને એટલી ઝડપ કર. બરાબર ઝપાટો લગાવ. જો વહેલા પહોચીશું તો રામલીલામાં આગળ બેસવાનું મળશે અને જોવાની ભારે મજા આવશે.'

બંને મિત્રોએ હાથના આંકડા ભીડીને ઝપાટો લગાવ્યો. કોતરમાં કૂદતાં–ઠેકતાં આગળ ચાલવા લાગ્યા. થોડું અંધારું થયું. બોરડીના ઝુંડમાં પાકાં બોર ખાવા પેઠેલાં શિયાળિયાં આ ગોઠિયાઓને જોઈને નાસભાગ કરતાં હતાં. સાબરનાં ઊંચાં અને ઊંડાં કોતરો વચ્ચે

એક પગદંડી ચાલી જતી હતી. મખમલ જેવી રેતી પર આ બે મિત્રો ઝડપભેર દોડવા લાગ્યા.

અડધાથી વધુ મજલ કાપી નાખી હતી. પણ હવે પેલા સર્પવાળા કોતરમાં આવી પહોંચ્યા. એનો એક ખેતરવા જેટલો આ ભયાવહ માર્ગ કાપવો ભીખાલાલને અતિ મુશ્કેલ લાગતો હતો. ભીખાલાલની આંખો ચકળ-વકળ થવા લાગી. ક્યાંય સર્પ નથી ને! એ ઝીણી નજરે ચારે બાજુ જોતાં હતાં. પગ જાણે વજનદાર થઈ ગયા હોય તેમ લગાતું હતું અને શ્વાસ ધમણની પેઠે હાંફતો હતો. કંઈ દોરડી જેવું દેખાય કે પોદળો પડ્યો હોય, તો પણ ચમકી જાય. ગિરજાને બીક લાગતી હતી, પરંતુ એ ભીખા જેટલો ડરતો નહોતો

બીકના ભારથી દબાયેલા હૃદયે ભીખાએ પૂછ્યું, 'ગિરજા, નોળિયા પકડી શકાતા હશે?'

'હા.'

સર્પવાલા કોઠામાં આવેલા નિશાળિયા ભીખાલાલે કહ્યું, 'બોડા મુખીના ખેતરમાં નોળિયા ખૂબ છે. પંદરવીસ અહીં લાવીને છોડી દીધા હોય તો 'મોટા જીવ'નો જરાય ડર લાગે નહીં.'

ઘરડાં ડોશીમાઓએ ભીખાલાલને કહ્યું હતું કે રાત્રે કદી સાપનું નામ ન લેવાય. જો ક્વચિત્ લેવું પડે તો 'મોટો જીવ' એમ કહેવું. બંને મિત્રો સાપનું નામ અધ્યાહાર રાખીને વાત કરવા લાગ્યા.

ભીખાલાલની વાત સાંભળીને ગિરજો ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, 'હાથે ન મારવા અને બીજા પાસે મરાવવા – ખરું ને અલ્યા, વાણિયાભાઈ!'

નિશાળિયા ભીખાલાલે વાતને વાળી લેતાં કહ્યું, 'હું તો એ માટે કહું છું કે એ કોઈના પગમાં ન આવે, પોતાના દરમાં પડ્યા રહે. કોઈ એને મારી ન નાખે.'

વાહ રે પરગજુ.' આમ બોલીને ગિરજો મોટેથી હસ્યો. ભયભીત ભીખાલાલને આ હાસ્ય અપમાનજનક લાગ્યું. એણે ગિરજાનો હાથ છોડી દીધો એટલે ગિરજાએ કહ્યું,

'અરે દોસ્ત, આટલી વાતમાં આવું ખોટું લાગી ગયું? દોસ્તીમાં ખોટું લગાડવાનું ન હોય. મન મોટું રાખીએ તો જ મિત્રતા ટકે.'

અરે ગિરજાએ ભીખાલાલનો હાથ ખેંચી જોરથી આંકડા ભીડ્યા અને વાતવાતમાં સર્પવાળો કોઠો પાર કરી ગયા. અંબોળ ગામની નજીકમાં આવ્યા ત્યારે રામલીલાની ભૂંગળો સંભળાઈ રહી હતી.

(ક્રમશઃ)

✷ ✷ ✷

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. ટેલિફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫

# શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન-૭

❑ પ. પૂ. આચાર્યશ્રી વાત્સલ્યદીપ

### સપ્તમ અધ્યાય : શિક્ષા યોગ

'શ્રી જૈન મહાવીર ગીતા'માં સાતમો અધ્યાય 'શિક્ષા યોગ' છે. તેની શ્લોક સંખ્યા ૫૩ છે.

જૈન ધર્મમાં શિક્ષણ, સાહિત્યનું પ્રાધાન્ય નિહાળવા મળે છે. જૈન ધર્મ જ્ઞાનની પણ પૂજા કરે છે. વિશ્વમાં જૈનધર્મ એક માત્ર એવો ધર્મ છે કે જેણે 'જ્ઞાન'ને પોતાના સર્વોચ્ચ નવપદમાં સ્થાન આપ્યું છે, પૂજા કરી છે અને જ્ઞાનભક્તિને ધર્મ માન્યો છે. આ એક વિરલ ઘટના ગણવી જોઈએ. જૈનધર્મનું એક વિશિષ્ટ કથન છે કે જ્ઞાન ભણવું જેમ મહત્ત્વપૂર્ણ છે તેમ સ્વાધ્યાય કરવો તે પણ ઉત્તમ છે. સ્વાધ્યાયથી અનંતા ભવથી બંધાયેલા પાપકર્મનો નાશ થઈ જાય છે! જ્ઞાનના આવા અભૂતપૂર્વ મહિમાને કારણે જૈનસંઘમાં વિપુલ સાહિત્ય સચવાયું, વિપુલ સાહિત્ય સર્જન પામ્યું અને વિપુલ સંખ્યામાં વિદ્વાનો આ દેશ વિશ્વને સાંપડ્યા તેમ કહી શકાય. નૂતન વર્ષનો પ્રારંભ થયા પછી જૈનો કાર્તકી પાંચમને જ્ઞાન પાંચમ તરીકે મનાવે છે અને તેનાથી વાર્ષિક પર્વારંભ કરે છે! એવું કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી કે જૈનધર્મે વિશ્વને જ્ઞાન પાંચમ તરીકે 'સ્ટડી ડે' આપ્યો છે!

યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી શિક્ષણને ખૂબ મહત્ત્વ આપતા હતા. તેઓ સ્વયં વિરલ અભ્યાસી હતા તેમ શિક્ષણ માટે સદાય ઉપદેશ પણ આપતા હતા. તેમણે અનેક શાળા, બોર્ડીંગ, ગુરુકુળ, વાંચનાલય, જ્ઞાનપ્રસારક મંડળની સ્થાપના કરાવેલી જેમાંથી અનેક સંસ્થા અદ્યાપિ સુંદર રીતે ચાલે છે!

માનવ જીવનના વિકાસ માટે શિક્ષણ અને આત્મકલ્યાણ માટે ધર્મજ્ઞાન વિના ન ચાલે. વર્તમાન વિજ્ઞાને જે અદ્ભુત સિદ્ધિઓ મેળવી છે તેની ઉપેક્ષા ન કરી શકાય. આજની દુનિયા સાવ નાની થઈ ગઈ છે. કેમકે સંવાદ-Communication-ના સાધનો ખૂબ વધ્યાં છે. માનવી પોતાના દિમાગ કરતાં વધુ મદદ વિજ્ઞાન પાસેથી મેળવે છે. આધુનિક દવાઓ અને વાઢકાપ alopathy and surgery હરણફાળ ભરીને આગળ વધે છે, એજ રીતે આયુર્વેદ અને યોગવિજ્ઞાને ઝડપી વિકાસ સિદ્ધ કરવો જોઈએ. આધુનિકને જ્યાં સુધી પરંપરા સાથે જોડવામાં ન આવે ત્યાં સુધી વિકાસની નવી ક્ષિતિજો વિસ્તરતી નથી. ધર્મ પોતે જ એક સંપૂર્ણ વિજ્ઞાન છે. પરંતુ તેની માર્મિકતાને ઉજાગર કરવા માટે આધુનિક સંદર્ભ જોડવો તો પડે જ.

'શ્રી જૈન મહાવીર ગીતા'ના સાતમા અધ્યાય 'શિક્ષાયોગ'માં શિક્ષણ માટે જે દિશાનિર્દેશ મળે છે તે ખૂબ મહત્ત્વપૂર્ણ, આધુનિક અને માર્મિક છે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી પોતાના સ્વાનુભવનો નીચોડ આ પ્રકરણમાં મૂકી રહ્યાં છે તેવું લાગે છે.

'શિક્ષા યોગ'નો પ્રારંભ આમ થાય છેઃ

शिक्षायोगो महायोगः सर्वयोगप्रकाशकः।

शिक्षणं सर्वयोगानां शिक्षायोगं सतां गुरुः।।

(શિક્ષાયોગ, શ્લોક ૧)

**'શિક્ષાયોગ મહાયોગ છે, તે સર્વયોગનો પ્રકાશક છે. સર્વયોગના શિક્ષણને શિક્ષાયોગ કહે છે. શિક્ષા યોગ સજ્જનોનો ગુરુ છે.'**

'શ્રી જૈન મહાવીર ગીતા' ભગવાન મહાવીર પોતાના શ્રીમુખે શ્રી ગૌતમસ્વામી વગેરેના પૂછવાથી કહે છે તે મુજબ અહીં આ અધ્યાયનો પ્રારંભ થાય છે. પ્રથમ શ્લોકમાં જ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી શિક્ષાયોગને જ 'મહાયોગ' કહે છે. તેનું માર્મિક સંવેદન ઘણું ઊંડું છે. આપણે જે જોઈએ છીએ, જાણીએ છીએ, અનુભવીએ છીએ તેનાથી પણ અનેક ઘણું વધુ રોચક, રોમાંચક આ વિશ્વ છે અને તેનાથી પણ વધુ અલૌકિક, અદ્ભુત આપણી જાણ બહારનું વિશ્વ છે. તેને જાણવાની તત્પરતા, તે માટેનો પ્રચંડ પુરુષાર્થ એ જેવી તેવી વાત નથી. એ પાઠશાળાનો વિદ્યાર્થી જે શિક્ષા પ્રાપ્ત કરવા માટેનો યોગ પ્રારંભ કરે છે તે સ્વયં મહાયોગ છે. સર્વ જ્ઞાનની ક્ષિતિજો ખોલનારો એ મહાયોગ છે. આ શિક્ષાયોગ સજ્જનોનો ગુરુ જ છે કેમકે તેને તો પળભર પણ આ વિદ્યા વિના નહિ ચાલે.

શિક્ષણ કેવું આપવું જોઈએ? શિક્ષણ માટે તમામ આધુનિક સાધનો અપનાવવા જોઈએ, બોંતેર કળાઓ – એટલે કે બધું જ શિક્ષણ–શીખવવું જોઇએ, તે માટે તમામ વ્યવસ્થા ખડી કરવી જોઈએ વગેરે નિર્દેશ નીચેના શ્લોકમાંથી મળે છેઃ

**'મારા ભક્તો, ગૃહસ્થો, ત્યાગીઓ અને મારા આપ્તજનોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર શિક્ષણ આપવું જોઈએ.'**

**'બોંતેર કે ચોસઠ કળાની શિક્ષા માટે યુક્તિપૂર્વક (આયોજનપૂર્વક) સર્વ શક્તિ સજ્જનોએ અર્પણ કરવી જોઇએ.'**

**'પુત્રો અને પુત્રીઓના સ્વરક્ષણ માટે વ્યાયામ વગેરેનું શિક્ષણ પણ આપવું જોઈએ. તે સંઘના અસ્તિત્વનું પણ રક્ષણ કરે છે.'**

**'શ્રેષ્ઠ એવા બ્રહ્મચર્યાશ્રમની સ્થાપના કરવી જોઈએ અને બ્રહ્મચર્યની રક્ષા માટે ઉત્તમ જીવન જીવવું જોઈએ.'**

**'સંઘ, ધર્મ અને સમાજના સ્વાતંત્ર્યના રક્ષણ માટે જે શિક્ષણ યોગ્ય હોય તે આપવું જોઈએ.'**

(શિક્ષાયોગ, શ્લોક ૩, ૪, ૫, ૬, ૭)

જીવનની ઉન્નતિ માટે શિક્ષિત હોવું જરૂરી છે તેટલું જ શરીર મજબૂત હોવું, મન સંસ્કારી હોવું જરૂરી છે. શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજી જે સમયમાં વિદ્યમાન હતા તે એક રૂઢિચુસ્ત સમાજ હતો, તે સમયમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અનુસાર શિક્ષણ પદ્ધતિ અપનાવવી, પુત્ર–પુત્રીઓને વ્યાયામ શીખવવો તથા ઉત્તમ બ્રહ્મચર્યાશ્રમની સ્થાપના કરવાનું કહેવું વગેરે ક્રાંતિકારી ઘટના હતી. વર્તમાન સમયમાં યુવક–યુવતીઓમાં ટી.વી., ઈન્ટરનેટ અને અમર્યાદ વ્યસનના કારણે સંસ્કારનો જ શતમુખી અધોપાત નિહાળવા મળે છે ત્યારે બ્રહ્મચર્યાશ્રમની વાત કેવી પ્રેરક બની રહે છે!

પાઠશાળાની ઉત્તમ પ્રવૃત્તિના કારણે જૈનસંઘમાં આજે પણ ધર્મશિક્ષા જીવંત છે અને પાઠશાળાના કારણે આપણે અનેક સચ્ચારિત્ર્યવંત સાધુ–સાધ્વીજીને મેળવી શક્યા છીએ. પાઠશાળા જૈન સંઘની ધરોહર મજબૂત અને સક્ષમ બનાવે છે. એ માટેની પ્રેરણા જુઓ : **'જેનાથી મારામાં શ્રદ્ધા ઉત્પન્ન થાય તે શ્રેષ્ઠ શિક્ષણ છે. આવું સર્વ શક્તિદાયક શિક્ષણ બાળકો, યુવાનો, વૃદ્ધો વગેરે સૌને આપવું જોઈએ. મહાજનોએ ધર્મ, સંઘ, સમાજ, વગેરેના અસ્તિત્વ માટે સર્વની ઉન્નતિમાં સહાયક એવું (જૈન) ધર્મનું શિક્ષણ સૌને આપવું જોઈએ.** (શિક્ષાયોગ, શ્લોક ૮, ૯) શિક્ષણ અનેક લાભ આપે છે તે સર્વવિદિત છે. શિક્ષિત વ્યક્તિ સર્વત્ર પોતાનો પંથ ઉભો કરી શકે છે. આ માટેનો નિર્દેશ જુઓઃ **'જે મહાજનો પ્રાણાન્તે પણ શિક્ષાકાર્ય છોડતા નથી તેઓ દુષ્ટો દ્વારા થતી કોઈપણ પ્રવૃત્તિના કારણે પણ કદીય પરતંત્ર થતા નથી.** (શિક્ષાયોગ, શ્લોક ૧૫).

શિક્ષણથી સાર–અસારની દૃષ્ટિ મળે છે. શિક્ષણથી વિવેકદૃષ્ટિ–હંસદૃષ્ટિ પ્રાપ્ત થાય છે અને શિક્ષણથી જ શ્રદ્ધા દૃઢ બને છે. શ્રદ્ધાની ધરોહર મજબૂત ન હોય તો તમે ક્યાંય આગળ વધી શકતા નથી. ભગવાન મહાવીરના સમયમાં થયેલી સુલસા શ્રાવિકાને યાદ કરવી જોઈએ. અંબડ શ્રાવકે તેને પારખવા માટે વિધવિધ દેવતાઓના રૂપ ધારણ કરેલા પણ તેનું સમ્યક્ત્વ એટલું દૃઢ હતું કે સુલસા શ્રાવિકા ચલિત ન થઈ. આ જ્ઞાન, આ શ્રદ્ધા ઉંડી ધર્મશિક્ષામાંથી આવે છે. **'શિક્ષાયોગ'**માંથી આ ઉલ્લેખ જોઈએ :

**'મેં કહેલ સર્વશિક્ષાઓમાં ગુપ્ત રીતે વિરોધ કરનારાઓ જો સત્યના આભાસનો ઉપદેશ આપે તો પણ તે મોહ પામતો નથી.'**

(શ્લોક, ૧૬)

**'મેં કહેલ સર્વ શિક્ષાઓમાં મારા લોકો વિશ્વાસ રાખે છે અને તેમાં કદી તેઓ શંકા કરતા નથી. તેઓ વેગપૂર્વક ઉન્નતિ કરે છે.**

(શ્લોક, ૧૭)

**'ધર્મ, અર્થ, કામ અને મોક્ષનું શિક્ષણ ક્રમ પ્રમાણે મારા લોકોએ હંમેશાં બધી રીતે ગ્રહણ કરવું જોઈએ. તેનાથી જૈન ધર્મનો પ્રસાર થાય છે.'** (શ્લોક, ૨૦)

**'વિવેક પૂર્વક સ્વદેશ અને પરદેશમાં વિદ્યાપીઠ વગેરેની સ્થાપના કરવી જોઈએ, અને તેમાં મારા ભક્તોએ દક્ષ બનીને કાર્ય કરવું જોઇએ.'** (શ્લોક, ૨૨)

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી હંમેશાં માનતા હતા કે જૈન ગુરુકુળોની સ્થાપના ઠેર ઠેર કરવી જોઈએ. ધર્મશિક્ષા કોઈ શુષ્ક ઘટના નથી પણ ધર્મજ્ઞાનથી વ્યક્તિત્વનો સર્વરૂપેણ વિકાસ થાય છે. જૈન શ્રેષ્ઠિઓએ સેંકડો વર્ષોથી દેશ–વિદેશમાં પોતાની વ્યવહાર-કુશળતાથી જે પ્રભાવ પાડ્યો છે તે અવિસ્મરણીય છે. જૈન ધર્મે સદાય ઉદારતા, સહિષ્ણુતા, દયા, પરોપકારના જે પાયામાંથી ગુણ શીખવ્યા છે તે સંસ્કારશિક્ષાનો વ્યાપક પ્રભાવ જૈનોએ નિર્માણ

કરેલી અસંખ્ય પરોપકારી પ્રવૃત્તિમાં જોવા મળે છે. પં. સુખલાલજી કહેતા કે ગુજરાતમાં આજે જે જીવદયાની ભાવના જોવા મળે છે તેના મૂળમાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને જગદ્‌ગુરૂ વિજય હીરસૂરિજીની પ્રેરણા જ નિમિત્ત છે. જૈનો સ્થાપત્ય, કલા, શિક્ષણ, આરોગ્ય, પાંજરાપોળ ઈત્યાદિ તમામ પ્રવૃત્તિમાં ભાગ લે છે કેમકે જૈનમુનિઓ નિરંતર શીખવે છે કે આ કાર્યો કરવા જેવા છે અને તેનાથી સદ્‌ગતિ મળે છે. આ શિક્ષણનો જ આ પ્રભાવ છે. પરોપકારના તમામ શુભકાર્યો એ તો ઉત્તમ શિક્ષણની શ્રેષ્ઠ ફલશ્રુતિ છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની પ્રેરક પંક્તિઓ યાદ કરવા જેવી છેઃ

**ખરી છે એ પ્રભુ મળવાની નિશાની**
**ભૂખ્યાંને ભોજન, તરસ્યાંને પાણી**
**બોલો મીઠી વાણી**
**ઉંચ–નીચના ભેદ ગણ્યાં વિણ**
**કરો ઉપકાર કમાણી**
**ખરી છે એ પ્રભુ મળવાની નિશાની**

વિદ્યાની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ શું આપે છે? વિદ્યાથી શું શું મળે છે તેનો નિર્દેશ 'શિક્ષાયોગ'માં આમ જોવા મળે છેઃ **'વિદ્યાના બળથી તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તત્ત્વજ્ઞાનથી મારી પ્રાપ્તિ થાય છે અને મારી પ્રાપ્તિથી કર્મનો નાશ થાય છે.'** (શ્લોક, ૨૩)

જેમ શિક્ષણનું મૂલ્ય છે તેમ શિક્ષક પણ ગુણવાન હોવો જોઈએ. આજકાલ શિક્ષકો શાળા કે કૉલેજમાં નહિ પણ ટ્યૂશનમાં વધુ શીખાશે તેમ કહીને પૈસા પડાવવામાં વધુ વ્યસ્ત જોવા મળે છે. કોઈપણ જાતની તૈયારી – home work – વિના વર્ગમાં જતો શિક્ષક કે ટ્યૂશનમાં જ ઓતપ્રોત રહેતો શિક્ષક કે વિદ્યાર્થીને કૂમાર્ગે ચડાવતો શિક્ષક સમાજને કલ્પનાતીત નુકશાન કરે છે. ભાવનાની દુનિયામાં વિહરતો વિદ્યાર્થી નિર્દોષ, અણસમજુ અને દુનિયાદારીના ભાન વિનાનો હોવાથી તેને ગમે તેવા રૂપ આપી શકાય છે. એ તકનો લાભ ઉઠાવીને શિક્ષણના નામે શિક્ષક તેને ઉન્માર્ગે ચઢાવે, શોષણ કરે તેના જેવી હીન ઘટના કઈ હોઈ શકે? 'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'શિક્ષયોગ'માં વાંચો :

**'દુષ્ટ આશયવાળા, શઠ, વિધર્મી શિક્ષકો ત્યજવા જોઈએ. મારા ભક્ત શિક્ષકોને (તૈયાર કરવા જોઈએ અને) સ્વીકારવા જોઈએ અને તેમને ધન ઈત્યાદિ આપીને પૂજવા જોઈએ.'** (શ્લોક, ૩૫)

વિદ્યાદાન એ મોટું દાન છે. એક દાનવીર ભાઈને હું જાણું છું. એ કોઈપણ નાના ગામડામાં જઈને ગરીબ તથા નિરાધાર બાળકોની સ્કૂલની ફી ભરી આવે છે અને કોઈને જાણ પણ થવા દેતા નથી. વર્ષોથી આમ કરે છે. એમના મનમાં આ કાર્યનો ખૂબ સંતોષ પણ છે. પોતાના સત્કાર્યમાંથી જે સંતોષની સુગંધ પામે તે ખૂબ સુખી હોય છે. એ ભાઈ બહુ મોટા શ્રીમંત નથી પણ પોતાને દુનિયાના સૌથી સુખી માણસ ગણે છે. સત્કાર્યની કેવી વિરલ પ્રાપ્તિ!

'શ્રી જૈન મહાવીર ગીતા'ના 'શિક્ષાયોગ'માં સતત શિક્ષણ અને શિક્ષાદાનની પ્રવૃત્તિને વેગ મળે, તેનાથી જીવન અને આત્માની ઉન્નતિ સાંપડે, સમાજનો વિકાસ થાય તેનો ઉપદેશ નિહાળવા મળે છે.

થોડાંક શ્લોકાર્થ જોઈએ :

**વિદ્વાનોએ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ વગેરેની છત્રછાયામાં રહીને મારા ધર્મ અને શાસ્ત્રની શિક્ષા મેળવવી જોઈએ.'** (ગાથા, ૩૯)

**'શિક્ષણમાં હંમેશાં ધાર્મિક જ્ઞાન શ્રેષ્ઠ છે. અશાંતિ, કલેશ, દુઃખ આપનાર અધાર્મિક શિક્ષણ છોડવું જોઈએ.'** (ગાથા, ૪૩)

**'હંમેશાં જૈન સંઘની ઉન્નતિ થાય એવી શિક્ષણ પ્રવૃત્તિ વિકસાવવી જોઈએ. મારા વચનોમાં કદી જૈનોએ શંકા કરવી જોઈએ નહિં.'** (ગાથા, ૪૪)

**'મોહ કરવો જોઈએ નહિ. મોહને કારણે જેઓ મારા વચનોમાં આશંકા (અથવા પાલનમાં આળસ) કરે છે તેઓની આત્મશક્તિ હણાઈ જાય છે.'** (ગાથા, ૪૬)

**'મારો ભક્ત પૂર્ણ ધન વાપરીને સર્વથા યોગ્ય એવા પ્રબંધકો (વ્યવસ્થાપકો) સાથે રાખીને તીર્થસ્થાનોમાં વિદ્યાપીઠની સ્થાપના કરે, તેમ કરવું જોઈએ.** (ગાથા, ૪૮)

**'સર્વજાતિના શિક્ષણમાં મારા–તારાનો ભેદ કરવો ન જોઈએ. યોગ્ય વ્યક્તિને યોગ્યવિદ્યાનું દાન વિદ્વાનોએ જરૂર કરવું જોઇએ.'**
(ગાથા, ૪૯)

**'પરતંત્ર અને નિરાધાર બાળકોને માટે યોગ્ય શિક્ષણની વ્યવસ્થા કરવી જોઈએ. એમ કરવાથી મારી પ્રાપ્તિ થાય છે.'** (ગાથા, ૫૦)

**'મારા ભક્તોએ હંમેશાં મેઘ, વૃક્ષ, નદી, સૂર્ય વગેરેની જેમ ઉદારતાથી, છૂટા હાથે ધન ઈત્યાદિનું દાન કરવું જોઈએ.'**
(ગાથા, ૫૧)

શિક્ષણ સમયાતીત ધર્મ છે.

શિક્ષણથી જીવનનું સંપૂર્ણ, સાંગોપાંગ ઘડતર થાય છે. વિદ્યા વ્યક્તિને માનવ બનાવે છે. વિદ્યા માનવીને મહાન બનાવે છે. વિદ્યા માનવીને મોક્ષ પ્રાપ્તિ કરાવે છે.

'શ્રી જૈન મહાવીર ગીતા'માં શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી 'શિક્ષાયોગ'નું આલેખન કરીને પોતાની વિશાળ ક્રાન્ત દૃષ્ટિનો પરિચય તો કરાવે જ છે પણ સાથોસાથ જૈન સંઘ અને સર્વ ઉત્તમના અનુરાગીઓને એક સમ્યક્‌જ્ઞાનના પંથે મૂકીને વર્તમાન સમયની અનિવાર્ય જરૂરત પર ભાર મૂકે છે, એ માર્ગે ચાલવા સૌને પ્રેરણા કરે છે. હમણાં જ ક્યાંક વાંચ્યું કે જીવન એક કોરું કેનવાસ છે. જીવનમાં સંસ્કારના અક્ષર પડતાં રહે છે અને આ જીવન આ જ રીતે કોઈ બુદ્ધ, કોઈ કબીર, કોઈ કૃષ્ણ, કોઈ મહાવીર થઈ જાય છે! **(ક્રમશઃ)**

પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ, જૈન ઉપાશ્રય,
૭, રૂપ માધુરી સોસાયટી, સંઘવીના રેલ્વે ક્રોસીંગ પાસે,
નારણપુરા,અમદાવાદ–૩૮૦૦૧૩.

# જૈન પારિભાષિક શબ્દકોશ

❑ ડૉ. જિતેન્દ્ર બી. શાહ

**(એપ્રિલ ૨૦૦૯ના અંકથી આગળ)**

૫૪૮. પુરુષ (દેવ) : વ્યંતરનિકાયના કિંપુરુષ નામના દેવોમાંના એક દેવનો પ્રકાર છે.
व्यंतरनिकाय के किंपुरुष नाम के देवोमें से एक देव का प्रकार।
One of the subtype of Kinpursura type of Vyantaras god.

૫૪૯. પુરુષવૃષભ : વ્યંતરનિકાયના કિંપુરુષ નામના દેવોમાંના એક દેવનો પ્રકાર છે.
व्यंतरनिकाय के किंपुरुष नाम के देवोमें से एक देव का प्रकार।
One of the subtype of Kinpursura type of Vyantara-nikaya god.

૫૫૦. પુરુષોત્તમદેવ : વ્યંતરનિકાયના કિંપુરુષ નામના દેવોમાંના એક દેવનો પ્રકાર છે.
व्यंतरनिकाय के किंपुरुष नाम के देवोमें से एक देव का प्रकार।
One of the subtype of Kinpursura type of Vyantara-nikaya god.

૫૫૧. પુલાક : મૂલ ગુણ અને ઉત્તર ગુણમાં પરિપૂર્ણતા પ્રાપ્ત ન કર્યા છતાં વીતરાગપ્રણીત આગમથી કદી પણ ચલિત ન થાય, તે 'પુલાક નિર્ગ્રંથ'.
मूलगुण तथा उत्तरगुण में परिपूर्णता प्राप्त न करते भी वीतराग प्रणीत आगम से कभी अस्थिर न होनेवाला पुलाक निर्ग्रन्थ है ।
He who has not yet developed full proficiency in the basic and derivative virtues of a monk but who never wavers in his faith in the scriptures composed by the personages devoid of passion – he is called Pulaka.

૫૫૨. પુષ્કરોદધિ : પુષ્કરવરદ્વીપને ફરતો પુષ્કરોદધિ નામનો સમુદ્ર છે.
पुष्करवरद्वीप के चारो और वलय की आकृतिवाला पुष्करोदधि समुद्र है ।
The continent puskaravara is surrounded by the ocean Puskarodadhi from all sides.

૫૫૩. પૂર્ણ (ઇંદ્ર) : ભવનપતિનિકાયના દ્વીપકુમાર પ્રકારના દેવોમાંના એક ઈન્દ્રનું નામ છે.
भवनपतिनिकाय के द्वीपकुमार प्रकार के देवो में से एक इन्द्र का नाम है ।
One of the Indra of dvipakumaras a type of Bhavaniapati-nikaya god.

૫૫૪. પૂર્ણભદ્ર (ઇંદ્ર) : વ્યંતરનિકાયના યક્ષ પ્રકારના દેવોમાંના એક ઈન્દ્રનું નામ છે.
व्यंतरनिकाय के यक्ष प्रकार के देवों के एक इन्द्र का नाम है ।
One of the Indra of Yaksas a sub-types of Vyantara-nikaya.

૫૫૫. પૂર્વધર : પૂર્વનું જ્ઞાન મેળવનાર.
पूर्व का ज्ञान प्राप्त करनेवाला ।
One versed in the Purva-texts.

૫૫૬. પૂર્વપ્રયોગ : પૂર્વબદ્ધ કર્મ છૂટી ગયા પછી પણ તેથી આવેલો વેગ-આવેશ.
पूर्वबद्ध कर्म के छूट जाने के बाद भी उससे प्राप्त वेग–आवेश ।
The impulse imparted by the karma which had been bound down earlier but was released just now.

૫૫૭. પૂર્વરતાનુસ્મરણવર્જન : બ્રહ્મચર્ય સ્વીકાર્યા પહેલાં જે ભોગો ભોગવ્યા હોય તેમનું સ્મરણ ન કરવું તે પૂર્વરતાનુસ્મરણવર્જન.
ब्रह्मचर्य स्वीकार करने से पहले के भोगों का स्मरण न करना पूर्वरतिविलासस्मरण–वर्जन है।
To refrain from recalling the sexual enjoyments earlier experienced.

૨૦, સુદર્શન સોસાયટી, ૨, નારણપુરા, અમદાવાદ–૩૮૦૦૧૩.

(વધુ આવતા અંકે)

# સર્જન સ્વાગત

## ❑ ડૉ. કલા શાહ

પુસ્તકનું નામ : **અરિહંત વંદનાવલી**
**વ્યાખ્યાન : પરમ દાર્શનિક પૂ. જયંતમુનિ મ.સા.**
**સંપાદન : ગુણવંત બરવાળિયા**
**પ્રકાશક :** એસ. કે. પી. જી. જૈન સેન્ટર, અર્હમ્ સ્પીરીચ્યુઅલ સેન્ટર, મુંબઈ.
મૂલ્ય–રૂા. ૧૨૦/-, પાના : ૯૬, આવૃત્તિ-બીજી, માર્ચ–૨૦૦૯.

સર્વ ભાવિકોના હૃદયમાં ભક્તિનો પ્રકાશ પાથરે એવા આ પુસ્તકની દરેક પંક્તિ આત્માને કલ્યાણકારી ભાવ પ્રગટાવનારી છે.

પ્રભુ મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્રમાં વંદનાના ફળ સ્વરૂપ સૌભાગ્યની પ્રાપ્તિ બતાવેલ છે. આ પુસ્તક મૂળ પ્રાકૃત ભાષામાં રચેલ છે. તેનો ભાવાનુવાદ સરળ ગુજરાતી ભાષામાં શ્રી ચંદુભાઇએ કર્યો છે. 'અર્હત્ વંદના' એ મુખ્યત્વે નમસ્કાર મંત્રના પ્રથમ પદની વંદના છે. અને તેમાંય ખાસ કરીને દેવાધિદેવ અને તીર્થંકરોને લક્ષમાં રાખીને 'અરિહંત' શબ્દથી તેમની વંદના કરવામાં આવી છે.

સમગ્ર કાવ્યમાં દેવાધિદેવના વૈભવ, બાહ્ય પ્રતિહાર્ય તથા પ્રભુમાં વિશેષ શક્તિ, ચમત્કાર અને પ્રભાવનું મુક્તમને વર્ણન કરી આવી શક્તિના ધારક અરિહંત પ્રભુને વંદ્યા છે.

આ આખું કાવ્ય મૂળ પ્રાકૃત ભાષામાં છે તેનો મહિમા ગુજરાતીમાં ઉતારવાનું ચંદુભાઈએ વિચાર્યું અને સ્વયં ભક્તિરૂપે તેમાં જોડાયા. આ કાવ્ય સરળ ગુજરતી ભાષામાં હોવાથી જૈન માનસને સ્પર્શે તેવું છે.

૪૯ કડીનું આ સુદીર્ઘ કાવ્ય ભિન્ન ભિન્ન પ્રકારે દેવાધિદેવના દર્શન કરાવે છે. 'અરિહંતવંદના' એક પ્રયોજન કાવ્ય છે. દૈનંદિની ક્રિયાઓમાં, ઉપાસનાઓમાં તેને સ્થાન આપવામાં આવે તો ઉપાસના પણ ભવ્ય બને અને બીજી રીતે કહીએ તો અરિહંતવંદના એ સરસ્વતીવંદના જ છે.

તીર્થંકર ભગવાનના આરાધકોએ વસાવવા જેવું આ પુસ્તક છે.

X X X

પુસ્તકનું નામ : **વાત્સલ્યનું અમીઝરણું**
**લેખક : ગુણવંત બરવાળિયા**
**પ્રકાશક : યોગેશભાઈ બાવીશી**
અલકનંદા, બીજે માળે, નીલકંઠવેલી, વિદ્યાવિહાર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ–૪૦૦ ૦૭૭.
**પ્રાપ્તિસ્થાન :** સરસ્વતી પુસ્તક ભંડાર, રતનપોળ, હાથીખાના, અમદાવાદ–૩૮૦ ૦૦૧.
મૂલ્ય–રૂા. ૬૦/-, પાના : ૮૮, આવૃત્તિ-પ્રથમ, ફેબ્રુઆરી–૨૦૦૮.

ગુજરાતી ભાષાના કવિ બોટાદકરે મા પ્રત્યેની લાગણીને વ્યક્ત કરતાં 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ' જેવી શાશ્વત પંક્તિ આપણને આપી.

એ જ રીતે 'વાત્સલ્યનું અમીઝરણું' પુસ્તક આપીને લેખકે માતૃપ્રેમનો મહિમા વીશે લેખોમાં વિવિધ રીતે આલેખીને માતાના વિવિધ સ્વરૂપોની પ્રતીતિ ભાવકોને કરાવી છે. માતા એટલે જન્મદાત્રી, સંસ્કૃતિનો આધાર સ્તંભ જીવનદાયિની સરિતા, વૈભવદાનની દેવી મા લક્ષ્મી, વિદ્યાની દેવી સરસ્વતી, તીર્થંકરોની માતા વગેરેનું સ્વરૂપ ચિંતક–વિચારકની કલમે લેખકે પ્રગટ કર્યું છે. તે ઉપરાંત આદર્શ માતાનું અને પિતાનું ઉપનિષદ તથા પ્રસન્ન ગૃહજીવનના કેટલાંક પાઠો પણ આપ્યા છે તો સાથે સાથે કેટલીક જીવનોપયોગી વાતો પણ લેખકે ગૂંથી લીધી છે.

આ પુસ્તકનું ઉડીને આંખે વળગે એવું પાસું છે લેખકની સરળ, રસાળ ભાષા અને હૃદયમાં સોંસરી ઉતરી જાય તેવી દૃષ્ટાંત શૈલી.

માતૃવાત્સલ્ય અને પિતાનો મહિમા ગાતું આ પુસ્તક વાંચવા, વસાવવા અને નવી પેઢીના યુવાનોએ સમજવા જેવું છે.

X X X

પુસ્તકનું નામ : **જ્ઞાનધારા–૩**
**સંપાદન : ગુણવંત બરવાળિયા**
**પ્રકાશક : સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફીકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર**
જૈન કન્યા શાળા, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૭૭. ફોન : ૨૫૧૨૫૬૫૮
મૂલ્ય–રૂા. ૧૦૦/-, પાના : ૨૦૮, આવૃત્તિ-પ્રથમ, ઑક્ટોબર–૨૦૦૭.

ઉવસગ્ગહરં સાધના ટ્રસ્ટ પ્રેરિત તથા સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર દ્વારા આયોજિત તા. ૩ અને ૪ ડિસેમ્બર, ૨૦૦૫ના મુંબઈ મુકામે યોજાયેલ તૃતીય જ્ઞાનસત્રમાં વિદ્વાનો દ્વારા રજૂ થયેલ નિબંધો અને શોધપત્રોનો સંગ્રહ એટલે 'જ્ઞાનધારા–૩' જેનું સંપાદન શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ કર્યું છે.

આ પુસ્તકમાં કુલ ૩૫ લેખો છે જેમાં વિષયનું વૈવિધ્ય નજરે પડે છે. શ્રીમદ્ રાજચંદ્ર, અવધૂ યોગી કવિ આનંદઘનજી, વિદેશમાં જૈન ધર્મની પ્રવૃત્તિ, કર્મ સિદ્ધાંત, વર્તમાનમાં યુવાનો અને બાળક માટે જૈન ધાર્મિક શિક્ષણની રૂપરેખા, પ્રજ્ઞાપના સૂત્ર, જૈન દર્શન અને વિધિનું સ્વરૂપ, વિજ્ઞાનના સંદર્ભે વગેરે લેખોમાં દરેક લેખકે પોતાના વિષયને સંપૂર્ણ ન્યાય આપ્યો છે, તેની પ્રતીતિ થાય છે. આ પ્રકારના 'જ્ઞાનસત્રો'ના આયોજન દ્વારા ઉગતા લેખકોને સ્વાધ્યાય, સંશોધન અને લેખનકાર્ય કરવાની પ્રેરણા મળે છે. અને વાચકોને જૈન ધર્મની વિવિધ તાત્ત્વિક તથા સાહિત્યિક કૃતિઓની ગહનતા માણવાનો અવસર મળે છે.

X X X

પુસ્તકનું નામ : **વિષ્ણુસહસ્ર નામ**
**લેખક : વિનોબા; પ્રકાશન : યજ્ઞ પ્રકાશન**
ભૂમિપુત્ર, હુઝરાત પાગા, વડોદરા–૩૯૦ ૦૦૧.
મૂલ્ય–રૂા. ૧૦/– પાના–૧૧૨, આવૃત્તિ–૧, સાતમું પુનર્મુદ્રણ. ઑક્ટોબર–૨૦૦૭.

ભારતના અનેક લોકો દરરોજ 'વિષ્ણુ સહસ્ર નામ'નો પાઠ કરે છે. વિનોબાજી અને બ્રહ્મવિદ્યા મંદિર પવનારની સાધિકા બહેનો રોજ નિયમિત 'વિષ્ણુ સહસ્ર નામ'નો પાઠ કરતા. આ પુસ્તિકામાં 'વિષ્ણુસહસ્ર નામ'નો મહિમા ઠેર ઠેર વર્ણવાયો છે. શરૂઆતમાં શંકરભાષ્ય અનુસાર મૂળ પાઠ આપ્યો છે. અહીં વિનોબાજીને સાંપ્રદાયિક નહિ પણ સર્વસંગ્રાહક સ્વરૂપ જ અભિપ્રેત છે. પરિશિષ્ટ–૨માં ઈસ્લામના 'અસ્માઉલ હુસ્ન' સાથેનું સામ્ય દર્શાવ્યું છે. 'વિષ્ણુસહસ્ર નામ'માંના કેટલાંક નામોનું વિવરણ કરીને વિનોબાજીએ તેમનો અર્થ સ્ફૂટ કરી બતાવ્યો છે. અર્થ મહાત્મ્ય અને પાઠ મહાત્મ્ય પણ દર્શાવ્યા છે અને મહાભારતમાંના તેના સ્થાન વિશેની માહિતી પણ આપી છે.

ભગવદ્ ચિંતનથી થતી આધ્યાત્મિક સ્નાનની અનુભૂતિ વિનોબાજીએ કરેલી તે આ પુસ્તિકામાં છે.

✷✷✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલ-ધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૩.
ફોન નં. : (022) 22923754

Regd. With Registrar of Newspapers for India No. R. N. I. 6067/57
Posted at Patrika Channel sorting office Mumbai-400 001. On 16th of every month ● Regd. No. MH/ MR/ SOUTH-146 / 2009-11



## ભારતીય સંસ્કારની સુગંધ

❑ ગાંગજી શેઠિયા

વ્યવસાય અર્થે ૧૯૮૬-૮૭માં હું અવારનવાર લંડન જતો. લંડનમાં સોમવારથી શુક્રવાર બિઝનેસનું કામ કરી, શનિ-રવિવારે લંડનથી કેમ્બ્રિઝ, બાથ, ઓક્સફર્ડ જેવાં સ્થળોએ ફરવા જતો. પરંતુ મારું મન-ગમતું સ્થળ તો લેઈક-ડિસ્ટ્રીક્ટ રહ્યું છે. લંડનથી ઉત્તર તરફ જતાં હાઈલેન્ડ (સ્કોટલેન્ડ) આવે ને વચ્ચે મીડલેન્ડ (લેઈક-ડિસ્ટ્રીક્ટ) આવે.

પ્રકૃતિનું વરદાન પામેલું ૪૦-૫૦ માઈલનું આ લેઈક ડિસ્ટ્રીક્ટ ખૂબ જ શાંત, પ્રદુષણરહિત, સુંદર બાગ-બગીચાઓ ને તળાવોથી શોભતો રમ્ય પ્રદેશ છે. તમારો બધો જ થાક ઉતરી જાય ને મનને પ્રફુલ્લિત કરી દે એવો સુંદર વિસ્તાર છે.

નાના-મોટા ગામો જેવા કે કેન્ડાલ, મોફત, વિન્ડરમિયર. નાનાં પહાડો, ખૂબ જ ઓછી વસ્તી, ફૂલોથી લથબથ બગીચાઓ અને શાંત સરોવરો આ પ્રદેશને મનોહર બનાવે છે.

શશીકપુરની પત્ની સ્વ. જેનિફર આ પ્રદેશના કેન્ડાલ ગામના હતાં.

ઈંગ્લેંડમાં પોતાનું મકાન હોય જેમાં ઉપલે માળે ૩-૪ કે ૫ બેડરૂમ હોય અને નીચે રસોડું તથા લીવીંગ રૂમ હોય. રિટાયર્ડ લોકો વધારાના બેડ-રૂમ પ્રવાસીઓને ભાડે આપે. બેડ એન્ડ બ્રેકફાસ્ટનું બોર્ડ મકાન બહાર હોય.

સવારના બ્રેડ-બટર, જામ, કોર્નફ્લેક્ષ, દૂધ-ચા-કોફી સાથે રહેવા ૧ બેડરૂમ ભાડે આપે.

હૉટલ કરતાં આ રીતે સસ્તી સગવડ પ્રવાસીઓને મળે ને ઘર માલિકને આવક મળે.

એક વખત વીક એન્ડમાં શનિવારે સાંજે ઝરમર-ઝરમર વરસાદ શરૂ થતાં, નાના ગામમાં બેડ એન્ડ બ્રેક ફાસ્ટનું બોર્ડ જોઈ, ગાડી ઊભી કરી. તપાસ કરતાં ઘરમાં કોઈ જ ગેસ્ટ આવ્યા નહોતા. મેં મકાન માલિક ડોશીમાને દશ પાઉન્ડમાં રાત રોકાવાનું નક્કી કર્યું.

લગભગ ૮૦-૮૫ વયનાં વયોવૃદ્ધ દંપતી એકલા મકાનમાં હતાં. બંનેની તબિયત પણ થોડી નરમ હતી.

થોડીક વાતચીત દ્વારા એ લોકો કેટલા વાગે ઊઠે, ક્યારે નાસ્તો કરે, ચા પીએ કે કોફી એ જાણી લીધું.

રાત્રે સૂતા પહેલાં વિચાર આવ્યો. મારા માતા-પિતાને તો હું ગુમાવી ચૂક્યો હતો, પરંતુ માતા-પિતા જેવા આ દંપતીની કંઈક સહાય કરવી.

સવારના બ્રહ્મ મૂહૂર્તમાં ઊઠવાની આદત હોઈ, વહેલો ઊઠી, કીચનમાં નીચે જમા થયેલાં વાસણો-પ્લેટો, હાથમાં ગ્લવઝ ચડાવી, લીક્વીડ સાબુથી ધોઈ નાંખ્યાં. પછી રૂમની સફાઈ કરી. ઘરને ચોખ્ખું બનાવી, ટોસ્ટરમાં બ્રેડ અને કોફી મેકરમાં પાણી ગરમ કરવા મુક્યું. ઉપર જઈ નોક કરી દંપતીના બેડરૂમમાં બંન્નેને વારા ફરતી પગે લાગ્યો.

માજી ઊઠો, બાપા ઊઠો, ચાલો નાસ્તો કરવા નીચે. બંન્ને દિગ્મૂઢ થઈ મને જોવા લાગ્યા. કોણ છે તું? કયા દેશનો છે? આમ કેમ કરે છે? એવા વિચારો એમને આવ્યા હશે. ત્યારે સાથે નાસ્તો કરતાં મેં ભારતીય સંસ્કારોની વાતો કરી-પિતૃ દેવો ભવઃ, માતૃ દેવો ભવઃ, અતિથી દેવો ભવઃની વિગતથી વાત સમજાવી.

એમણે જ્યારે નીચે બધું કામ થઈ ગયેલું જોયું ત્યારે એમની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં.

રવિવારે સવારે વરસાદ બહાર પડી રહ્યો હતો, તેથી આ દંપતી સાથે અલક-મલકની વાતો કરી. એમના સુના જીવનમાં ખુશી બનીને હું આવ્યો છું. એમ મને કહ્યું. પોતાના ફોટો-આલ્બમો બતાવ્યાં. કુટુંબની વાતો કરી. મને એમણે રવિવારે રોકાઈ જવા કહ્યું. મને કહે ભાડું નથી જોઈતું. તું હજી અહિં રહે તો અમને ગમશે.

મેં એમને કહ્યું કે સોમવારની વહેલી સવારથી મારું કામ શરૂ થાય એટલે આજે મારે જવું જ પડશે.

બંન્નેને પગે લાગી રજા લીધી.

આ પ્રવાસના મધુર સંભારણાં આજે પણ આનંદ અને સંતોષની લાગણી જન્માવે છે.

આજથી ૨૫ વર્ષ પહેલાં બ્રિટનમાં ભારતીયો તરફ અંગ્રેજોને સૂગ રહેતી. પહેલી વખત ભારતીય સંસ્કારોની મૂડીએ એમના હૃદયમાં પ્રેમ રોપ્યો. એમના મનમાં એક સુંદર છાપ પડી.

જીવનમાં દેશ-વિદેશના ઘણાં પ્રવાસો કર્યા છે પણ આ એક અનોખો પ્રવાસ સદાયે યાદ રહેશે. ✶✶✶

૧૨, તુલીપ્સ, ૭૧, નેપિયન સી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૬. ફોન : ૬૫૦૫૭૭૬૭

## પંથે પંથે પાથેય...

## બુઝુર્ગ સાસુ-વહુની જોડ

❑ ચીમનલાલ ગલીયા

ફળિયામાં મારા ઘરની સામે રહેતા ચોરાણુ વર્ષના દેમૂમા અને છોત્તેર વર્ષ પાર કરી ગયેલા એમના પુત્રવધૂ દેવકાબેન એટલે ભાગ્યે જ જોવા મળે એવી વિરલ બુઝુર્ગ સાસુ વહુની જોડ. હાકેમ જેવા સ્વભાવવાળા દેમૂમાની ગર્જનાઓથી ફળિયાના લોકો સુપરિચિત હતા અને સૌ એમની આમન્યા

(વધુ માટે જુઓ પાનું ૨૦)

Printed & Published by Niruben S. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temparary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Dhanwant T. Shah.